આઝાદી કા અમૃત મહોત્સવ
વર્ષ : ૬૨ ■ અંક : ૧૪ ■ તા.૧૬-૭-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક





## વહીવટીતંત્ર સાબદું બની, પ્રજાની પડખે અડીખમ...

## બચાવ - રાહત માટે CMનું સ્થળ ઉપર માર્ગદર્શન

# ધરતીપુત્રોને વંદન



## બે દાયકામાં



| | |
|---|---|
| 23.48 | 83.25 |
| 62.01 | 250.52 |
| 3500 | 1,65,000 |

# સ્વસ્થ ગુજરાતને વંદન



## બે દાયકામાં

- 23 કરોડથી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી
- 2 લાખથી વધુ બાળકોને હૃદયરોગની સારવાર, 40 હજાર જેટલા બાળકોને કિડનીની સારવાર, 23 હજારથી વધુ બાળકોને કેન્સરની સારવાર આપવામાં આવી
- ડોક્ટર્સ અને નર્સની સંખ્યામાં ત્રણ ગણો વધારો
- હોસ્પિટલમાં પ્રસૂતિની ટકાવારી ૯૯.૬% પર પહોંચી
- બાળ મૃત્યુદરમાં ૬૬%નો ઘટાડો નોંધાયો
- આયુષ્માન ભારત (PMJAY-MA) હેઠળ 2500થી વધુ હોસ્પિટલોમાં નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ

| | |
|---|---|
| 4,00,000 | 7,50,000 |

# વંદન ગુજરાતની ઉદ્યમ સાહસિકતાને



## બે દાયકામાં

- વિશ્વના મોટા ઉદ્યોગો ગુજરાતને આંગણે પધાર્યા
- દેશની પહેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની બિઝનેસ સમિટ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી
- મહિલા ઉદ્યોગ સાહસિકો માટે ખાસ જી.આઇ.ડી.સી.ની શરૂઆત કરી
- ભારતના પ્રથમ ડ્રીમ (ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ) સિટી 'સુરત ડાયમંડ બુર્સ' નું નિર્માણ કર્યું
- દેશમાં ગુજરાત અગ્રેસર
- કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવી ઉદ્યોગોને અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું



| | |
|---|---|
| 2.74 | 8.66 |
| 1.27 | 16.19 |
| 1202.74 | 5324.91 |

# વંદે ગુજરાત

20 વર્ષનો વિશ્વાસ
20 વર્ષનો વિકાસ



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ■ Issue : 14 ■ Date 16 - 7 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- વંદે વિકાસયાત્રા રાજ્યના નિરંતર વિકાસમાં એક નવો આયામ ઉમેરશે.
- લોકોએ મુકેલો વિશ્વાસ વિકાસની ભેટ સ્વરૂપે જનતા જનાર્દનને પરત આપ્યો છે.
- વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો નવો જ અધ્યાય દેશમાં રચ્યો છે.
- ગુજરાત વિકાસનું રોલ મોડેલ અને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.
- આઝાદીના જંગમાં આગેવાની લેનારૂં ગુજરાત આજે દેશમાં વિકાસની આગેવાની કરી રહ્યું છે.
- ગુજરાત ડબલ એન્જિન સરકારના બેવડા લાભથી સુશાસન અને વિકાસનો પર્યાય બન્યું છે.
- શિક્ષણ, સ્વાસ્થ્ય અને સલામતીને જન-જન સુધી પહોંચાડી છે.
- રાજ્યમાં આદિજાતિઓ, મહિલાઓ, યુવાઓ, ગ્રામીણ, ગરીબો સૌનું સશક્તીકરણ થયું છે.
- સમાજના દરેક વર્ગના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે નિર્ણયો કર્યા છે.

(વંદે ગુજરાત વિકાસયાત્રાના પ્રારંભ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)






## વિકાસયાત્રા


10 ડિજિટલ ઇન્ડિયા વીક -૨૦૨૨ : નવી સાત ડિજિટલ સેવાઓ દેશને સમર્પિત કરતા PM

17 ગુજરાત સરકાર દ્વારા ત્રણ નવી IT પહેલનો શુભારંભ

18 ગુજરાતમાં ૯૯.૯૭ ટકા ગ્રામ પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર કનેક્ટિવિટી - દિલીપ ગજ્જર

i-ખેડૂત પોર્ટલથી ખેડૂતોને ૫૧૦૦થી વધુ કરોડની સબસિડી - રૂચા રાવલ

19 RTO વિભાગ : પેપરલેસ ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ - જનક દેસાઈ/ દીપક જાદવ

20 વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ સંમેલન' સંપન્ન

22 કેન્દ્રિય મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર-અમદાવાદમાં વરસાવી વિકાસકાર્યોની હેલી

25 શ્રી જગન્નાથજીની રથયાત્રાનું CM ડૅશબોર્ડના માધ્યમથી નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી

26 વંદે ગુજરાત વિકાસ યાત્રા : ૧૫ દિવસમાં ૨૫ હજાર વિકાસકાર્યો જનસમર્પિત થશે

32 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો રાજ્યવ્યાપી પ્રારંભ

34 મહેસાણામાં સાયન્ટિફિક એક્સ્પો યોજાયો

34 રાજકોટને રૂ.૧૯ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ

35 જામનગરમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ કાર્યાન્વિત

35 સ્વ.વિનોદ ભટ્ટને વજુ કોટક સુવર્ણ ચંદ્રક એનાયત

37 'ગરિમા' સંસ્થાનું ઇ-લૉન્ચિંગ

6 બચાવ - રાહત
વહીવટીતંત્ર સાબદું બની, પ્રજાની પડખે અડીખમ... બચાવ - રાહત માટે CMનું સ્થળ ઉપર માર્ગદર્શન

38 ગૌરવ

40 નિર્ણય

44 વણથંભી વિકાસયાત્રા
ડબલ એન્જીનવાળી સરકાર, અગ્રેસર ગુજરાત... - યોગેશ પંડ્યા

47 આયોજન
ગુજરાતના આંગણે પ્રથમ વાર યોજાશે રાષ્ટ્રિય રમતોત્સવ

48 સાફલ્યગાથા
રાજ્યના ૯૬ ટકા ઘરોમાં નળમાંથી "જળ અવતરણ"

49 શિક્ષણ ઉજાસ
વાત છે એક એવી પ્રાથમિક શાળાની કે જ્યાંની દીવાલો પણ શિક્ષકની ગરજ સારે છે - દાસાભાઈ કોડિયાતર

50 પ્રેરણા
સુરતના પાંચ યુવાનોએ ખારા પાણીને શુદ્ધ કરતા ડિવાઇસનું કર્યું નિર્માણ - મેહુલ વાંઝવાલા



# બે દાયકાથી વિકાસનો પર્યાય બની ગયો છે, ચાર અક્ષરનો શબ્દ 'ગુજરાત'

શ્રીકાર વર્ષાથી ધરતી નવપલ્લવિત થઇ છે. ચોતરફ હરિયાળી ફેલાઇ છે. ઠેર - ઠેર વરસાદના વધામણાં થઇ રહ્યાં છે. સાર્વત્રિક મેઘ મહેરથી નદીઓ અને તળાવોમાં નવા નીર આવ્યા છે. આપને યાદ કરાવવાની સહેજે ઇચ્છા થાય કે આજથી બરાબર ૨૦ વર્ષ અગાઉ પણ વિકાસની વર્ષાના વધામણાં થયા હતા અને એ આજે પણ અવિરત જ છે. જી હા, હું વાત કરી રહ્યો છું, ૨૦ વર્ષ અગાઉ લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું અને ત્યારથી ચાર અક્ષરનો શબ્દ 'ગુજરાત' વિકાસનો પર્યાય બની ગયો છે. રાજ્ય સરકારે છેલ્લા ૨૦ વર્ષથી આજ સુધી કરેલા જનકલ્યાણલક્ષી વિકાસકાર્યોની જિલ્લે - જિલ્લે, ગામે - ગામ વંદે ગુજરાતરૂપે ઉજવણી થઇ રહી છે. મોટી સંખ્યામાં લોકો આ ગુજરાત વિકાસ વંદનાને પોંખી રહ્યા છે. વંદે ગુજરાત યાત્રા હેઠળ આગામી દિવસો દરમિયાન ૨૫ હજારથી વધુ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાના છે.

ગાંધીનગરથી "ડિજિટલ ઇન્ડિયા વીક -૨૦૨૨"નો પ્રારંભ કરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ગુજરાત મોડેલની સરાહના કરી. ચોથી ઔદ્યોગિક ક્રાન્તિ માટે હિન્દુસ્તાન દુનિયાને દિશા દેખાડી રહ્યું છે, જેમાં ગુજરાત પથદર્શકની ભૂમિકા ભજવશે. લોકહિતના કાર્યોને ડિજિટલ ઈન્ડિયાએ લોકોની આંગળીના ટેરવે મૂકી દીધા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વ હેઠળ ડિજિટલ ક્રાન્તિમાં ગુજરાત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાતનું ગિફ્ટ સિટી ભારતની આગવી ઓળખ બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો. આ સ્પર્ધાનો ઉદ્દેશ સરકારની વિવિધ યોજનાઓ અને નીતિ-નિયમો સહિતના સામાન્ય જ્ઞાનથી વિદ્યાર્થીઓ-નાગરિકો અવગત થાય તે છે.

સાર્વત્રિક વર્ષાથી ખેડૂતો ખુશખુશાલ છે, ત્યારે વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે પણ ગુજરાત મોડેલ રાજ્ય બનવા તરફ આગળ વધી રહ્યું હોવાનું જણાવી વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિને અપનાવી મૂલ્યવર્ધિત ખેતી કરે એવું આહ્વાન કર્યું હતું. સુરતના ૪૧ હજારથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિને અપનાવી ખેતીના નવા અધ્યાય તરફ પ્રયાણ આદર્યું છે. સાથોસાથ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં લોકકલ્યાણલક્ષી અનેક વિકાસકાર્યોની સરવાણી વરસાવી.

ગુજરાતની જનતાએ વર્ષાના વૈભવને વધાવ્યો છે. પરંતુ, એવા સ્થળો પણ છે જ્યાં પૂરની સ્થિતિ સર્જાઇ છે. એકધારા વરસાદને કારણે ઘણા જિલ્લામાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે. મુખ્યમંત્રીશ્રીએ આપાતકાલીન બેઠક બોલાવી ઝીરો કેઝ્યુલિટીના લક્ષ્યથી બચાવકાર્ય માટે તંત્રને જરૂરી સૂચના આપી હતી અને NDRF-SDRFની ટુકડીઓએ ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં પૂરમાં ફસાયેલા લોકોને બચાવી સલામત સ્થળે ખસેડ્યાં હતા. આ સાથે અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળીનો પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી તત્કાળ પૂરગ્રસ્તોની વહારે ધસી ગયા, ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારનું હવાઇ નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્થળ ઉપર જઇને વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. વડાપ્રધાનશ્રીએ બચાવ અને રાહત કામગીરીની માહિતી મુખ્યમંત્રીશ્રી પાસેથી મેળવી આવશ્યક તમામ મદદની તેમને ખાતરી આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શક્તિપીઠ અંબાજીને રેલવેલાઇનથી જોડવાનો નિર્ણય કર્યો છે. જેનાથી યાત્રાધામો જોડાતા આ પ્રદેશના વિકાસને વેગ મળશે. જામનગરે વિકાસની દિશામાં વધુ એક હરણફાળ ભરી છે. જામનગરમાં ૯૦ કરોડના ખર્ચે સાકાર થયેલો ગુજરાતનો સર્વ પ્રથમ અત્યાધુનિક વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈ-લોકાર્પણ કર્યું હતું. કચ્છમાં આકાર લઇ રહેલો વિશ્વનો સૌથી મોટો ૩૦ હજાર મેગાવોટનો સોલાર-વિન્ડ પાર્કને વર્ષ ૨૦૨૬માં પૂર્ણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. પ્રસ્તુત અંકમાં છેલ્લા બે દાયકાથી વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસની ઝલક ગુજરાતના સુજ્ઞ વાચકો સમક્ષ મૂકતા આનંદની લાગણી અનુભવું છું.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક



## વહીવટીતંત્ર સાબદું બની, પ્રજાની પડખે અડીખમ...

# બચાવ - રાહત માટે CMનું સ્થળ ઉપર માર્ગદર્શન

રાજ્યનાં મધ્ય અને દક્ષિણ ભાગમાં થયેલા ભારે વરસાદ અને ત્યારબાદ સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે સ્વમાહિતી મેળવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પૂરગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ છોટાઉદેપુર, નવસારી અને નર્મદા જિલ્લામાં જાતનિરીક્ષણ કર્યું હતું, અસરગ્રસ્તોને મળ્યા હતા. તેમજ સ્થાનિક વહીવટી તંત્ર પાસેથી બચાવ અને રાહતની કામગીરી અંગે વિગતો મેળવી હતી. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ સી.એમ.ડેશબોર્ડના માધ્યમથી રાજ્યમાં વરસાદથી પ્રભાવિત જિલ્લાઓ અને નાગરિકોની સલામતી અંગે જિલ્લા વહીવટીતંત્ર સાથે વાર્તાલાપ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી વરસાદથી અતિ પ્રભાવિત વિસ્તારોની જાત નિરીક્ષણ મુલાકાત અંતર્ગત બોડેલીના વર્ધમાનનગરના અસરગ્રસ્તોને મળ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી, વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા બચાવ રાહત કાર્યો, આશ્રય સ્થાનોની વ્યવસ્થા વગેરે અંગે વિગતો મેળવી હતી.

તેમણે શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે આશ્રય લઈ રહેલાં અસરગ્રસ્તો સાથે પણ વાતચીત કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી વિરોધપક્ષના નેતા શ્રી સુખરામ રાઠવાને પણ મળ્યા હતા. વિરોધપક્ષના નેતાશ્રીએ છોટાઉદેપુર જિલ્લામાં વરસાદે વેરેલા વિનાશની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ છોટાઉદેપુર જિલ્લાના પૂર પ્રભાવિત વિસ્તારની નુકસાનીનો સરવે કરીને લોકોને મદદરૂપ બનવા તેમજ નાગરિકોને તેમની નુકસાનીની સામે ઝડપથી સહાય ચુકવવા અંગે જિલ્લાના તંત્ર વાહકોને સૂચના આપી હતી. આ મુલાકાત વેળાએ આદિજાતિ રાજ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર, સાંસદ શ્રી ગીતાબેન રાઠવા, ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છોટાઉદેપુર બાદ મુખ્યમંત્રીશ્રીએ નર્મદા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લીધે સર્જાયેલી પરિસ્થિતિનો કયાસ મેળવવા રાજપીપળાની મુલાકાત લઈ, જિલ્લાના વરિષ્ઠ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ - જિલ્લા પ્રસાશન સાથે મંગળવારે બપોર બાદ બેઠક યોજીને જિલ્લાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા પ્રસાશન દ્વારા થયેલી કામગીરી અને બચાવ રાહત માટે લેવાયેલા તાકીદના વિવિધ પગલાંઓની વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ પ્રસંગે માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી ઉપરાંત મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ ભારે વરસાદને લીધે

**ઝીરો કેઝ્યુઆલિટીના અભિગમ સાથે રાજ્ય સરકારનો બચાવ કામગીરી ઉપર વિશેષ ભાર**



## ગુજરાતમાં ભારે વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરતાં વડાપ્રધાનશ્રી



*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને ગુજરાતમાં વ્યાપક અને ભારે વરસાદથી સર્જાયેલી વિકટ પરિસ્થિતિ અંગેની વિગતો મેળવી હતી. તેમજ ગુજરાતને બચાવ-રાહતની કામગીરીમાં તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને દક્ષિણ અને મધ્ય ગુજરાત વિસ્તારમાં થયેલા ભારે વરસાદ અને તેના પરિણામે ઊભી થયેલી સ્થિતિની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સંપૂર્ણ વિગતો આપી હતી. વડાપ્રધાનશ્રીએ આ વરસાદી સ્થિતિને પહોંચી વળવા NDRF સહિતની તમામ જરૂરી મદદ માટે કેન્દ્ર સરકાર રાજ્યના વરસાદ અસરગ્રસ્તોની પડખે હોવાની ખાતરી આપી હતી.*



પ્રભાવિત થયેલા અસરગ્રસ્તોને જરૂરી સરવેના આધારે રાજ્ય સરકાર દ્વારા ધારાધોરણ મુજબની તમામ પ્રકારની સહાય શક્ય તેટલી વહેલી ચુકવાય તે માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને જિલ્લા પ્રસાશનને આ દિશામાં ઝડપથી જરૂરી કાર્યવાહી માટેની પણ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજપીપળા શહેર-જિલ્લામાં લોકોનું જનજીવન ઝડપથી રાબેતા મુજબ અને પૂર્વવત બને તે દિશામાં રાજ્ય સરકાર તમામ પ્રકારે સહાયરૂપ થવા કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજપીપળા કલેક્ટર કાર્યાલય ખાતે આવીને પૂરમાં બચાવવામાં આવેલા નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. આ અસરગ્રસ્ત લોકોએ તેમના બચાવ માટેના દિલધડક રેસ્ક્યુ ઓપરેશનની વિગતો મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરી તંત્રનો આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી સાથે સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા સહિત જિલ્લાના વિભાગીય અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ભારે વરસાદથી પ્રભાવિત થયેલા નવસારી જિલ્લાના વિસ્તારોનું મુખ્યમંત્રીશ્રીએ હવાઈ નિરીક્ષણ કર્યું હતું. જિલ્લાના વિવિધ વિસ્તારોના જાતનિરીક્ષણ મુલાકાત લઈ, શેલ્ટર હોમમાં આશ્રય લઈ રહેલા અસરગ્રસ્તોની મુલાકાત લઈ તેમને મળતી ભોજન, આરોગ્ય સેવાઓની જાણકારી મેળવી હતી. તેમણે અહીં નીચાણવાળા વિસ્તાર વોરાવાડથી સ્થળાંતરિત કરવામાં આવેલા અસરગ્રસ્તો સાથે સંવાદ કરી 'સરકાર આ વિપદામાં તેમની પડખે છે' તેવો સધિયારો આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર કોઈ પણ કુદરતી આપત્તિ કે વિકટ સમયમાં અસરગ્રસ્તોની પડખે ઉભી છે. વરસાદની સ્થિતિને ધ્યાને રાખી રાજ્યનું સમગ્ર વહીવટીતંત્ર સતર્ક છે અને નાગરિકોના જાનમાલની સલામતી માટેના તકેદારીના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે

મુખ્યમંત્રીશ્રીએ તંત્રને એલર્ટ મોડ પર રહેવા માર્ગદર્શન આપવા સાથે કંટ્રોલ રૂમ, બચાવ રાહત ટુકડીઓ, પૂરગ્રસ્ત વિસ્તારમાં જરૂરી સુવિધાઓ, શેલ્ટર હોમ્સ, ફૂડ પેકેટની વ્યવસ્થાઓ સહિતની તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની પણ સમીક્ષા કરીને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ઉપરાંત ડેશ બોર્ડનાં માધ્યમથી પણ રાજ્યમાં પ્રવર્તી રહેલી વરસાદની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારના અને કાચા મકાનો-ઝૂંપડાઓમાં રહેતા લોકોના સલામત સ્થળે સ્થળાંતર તથા તેમને આશ્રય સ્થાનોમાં અપાતી સુવિધાઓ

અંગે પણ જાણકારી મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના વરસાદ પ્રભાવિત અને રેડ અલર્ટ જાહેર થયેલા પાંચ જિલ્લાની વરસાદી સ્થિતિનો તાગ C.M. ડેશબોર્ડના માધ્યમથી મેળવ્યો હતો. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જુનાગઢ, ગીર સોમનાથ, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં વરસેલા વરસાદને કારણે ઊભી થયેલી વિકટ સ્થિતિની સંપૂર્ણ વિગતો આ જિલ્લાના કલેકટરશ્રીઓ પાસેથી મેળવી હતી.

આ સમીક્ષા બેઠકમાં આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી પિયુષ દેસાઈ તેમજ જિલ્લા વહીવટીતંત્ર, ડિઝાસ્ટર વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને ઝીરો કેઝ્યુઆલિટીના સંપૂર્ણ સંવેદનશીલ અભિગમ સાથે રાહત બચાવની કામગીરી કરવા સૂચનાઓ આપી હતી. ●











### નર્મદામાં ભારે વરસાદમાં થયેલી કામગીરીની સમીક્ષા

નર્મદા જિલ્લાના રાજપીપળામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને અનુલક્ષીને માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ સમીક્ષા બેઠક યોજીને જિલ્લા પ્રસાશન દ્વારા થયેલી રાહત-બચાવ કામગીરીની જાણકારી મેળવી હતી. મંત્રીશ્રીએ જિલ્લામાં તાત્કાલિક યુદ્ધના ધોરણે અસરગ્રસ્તોની ઘરવખરી, મકાન નુકશાની સર્વે વગેરે જેવી કામગીરી હાથ ધરી સમયસર કેશડોલ્સ સહિતની જરૂરી સહાયની ચુકવણી કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડેડીયાપાડા તાલુકામાં ૧૦ ટીમ અને સાગબારા તાલુકામાં ૧૦ ટીમ કાર્યરત છે. નાંદોદમાં પણ ઘરોમાં પાણી ભરાતા તેનો સરવે ચાલુ છે.



### ભારે વરસાદ સંદર્ભે ખેડામાં સમીક્ષા બેઠક

ખેડા જિલ્લામાં તાજેતરમાં અનારાધાર વરસાદના સંદર્ભે મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે વિવિધ સ્થળોની સ્થળ મુલાકાત કરી હતી. તેમણે સમીક્ષા બેઠકમાં ભારે વરસાદને કારણે થયેલી તારાજી સંદર્ભે રાહત કામગીરી, વરસાદી પાણીના ઝડપી નિકાલ, સ્વચ્છતા અંગેના વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન - સૂચના તંત્રવાહકોને આપી હતી.

## ૩૯ હજાર લોકોનું સલામત સ્થળાંતર પ્રભાવિત વિસ્તારોમાં સરવે આરંભાયો

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ રાજ્યમાં પડી રહેલા વરસાદની પરિસ્થિતિ અંગે ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. આ અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ ૩૯ હજાર ઉપરાંત નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું,

સરકારે સમયસર રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. જિલ્લા વહીવટી તંત્રને તાત્કાલિક યોગ્ય કામગીરી માટે સૂચનાઓ આપવામાં આવી હતી. તેના લીધે રાજ્યમાં જાનમાલના નુકસાનને નિયંત્રણમાં રાખવામાં સફળતા મળી. આ તબક્કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના સમયસર લેવાયેલા નિર્ણયોથી જાનમાલના નુકસાનને નિયંત્રણમાં રાખી શકાયું. રાજ્યભરમાં અત્યારે 18 NDRFની ટીમ કાર્યરત છે. તે સિવાય 18 એસડીઆરએફ પ્લાટૂન તૈનાત છે. 18 NDRF અને 18 SDRF મળીને કુલ 8 ટીમ રિઝર્વમાં છે. 39 હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

અનરાધાર વરસાદના લીધે 5150 જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. તેમાંથી 5110 ગામડાઓમાં સફળતાપૂર્વક રિપેરિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ 156 નગરપાલિકાઓમાં સફાઇ કામગીરી, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના કામો માટે રૂ. 17.1 કરોડ ફાળવ્યા છે. રાજ્ય વહીવટીતંત્ર સોશિયલ મીડિયાના માધ્યમથી બંધ રોડ, ઇમરજન્સી હેલ્પલાઇન અને વરસાદની પેટર્ન અંગે લોકોને સમયસર માહિતગાર કરી રહ્યું છે. ●



## ગત વર્ષ કરતા આ જુલાઈમાં બમણો વરસાદ પડ્યો

આ વર્ષે જુલાઈમાં 14 દિવસમાં જે એવરેજ વરસાદ નોંધાયો છે તે ગત વર્ષની સરખામણીએ બમણાથી પણ વધુ છે. ગત વર્ષે આંકડો 155.92 મિ.મી. હતો. જે આ વર્ષે 397.02 મિ.મી. છે. રાજ્યનો એવરેજ વરસાદ 850 મિ.મી. છે. નોંધપાત્ર બાબત એ છે કે, જુલાઈ મહિનાના કુલ વરસાદનો 50 ટકા વરસાદ 8-11 જુલાઇ 2022 સુધીમાં જ 20 તાલુકામાં નોંધાઇ ગયો છે. દરેક તાલુકામાં આજ દિન સુધી 50 મિ.મી.થી વધુ વરસાદ પડ્યો છે. આ દાયકામાં પહેલી વખત છે કે ગુજરાતમાં જુલાઈ મહિનામાં આટલી પ્રચંડ માત્રામાં વરસાદ પડ્યો છે.

## NDRF ટીમે કેટલાં લોકોને બચાવ્યાં ?

જુલાઈ 11, 2022ની આ વાત છે જેમાં નર્મદાના કરજણ પાસે નદીના તટમાં 21 લોકો ફસાયાં હોવાની માહિતી મળતા હેલિકોપ્ટરથી બચાવ કાર્ય કરવાનું નક્કી કરાયું હતું. જોકે હવામાનની પરિસ્થિતિ અને સમયને ધ્યાનમાં લઈને NDRFના જવાનોએ નદીમાં જઈને 21 લોકોને બચાવી લીધા હતા.

## રાજ્યમાં ખરીફ પાકની વાવણી પૂર્ણ

ખેડૂતોએ આ સમયે 44,36,980 હેક્ટરથી વધુની જમીનમાં ખરીફ પાકની વાવણી કરી છે. તે 50 ટકાથી વધુ ખરીફ વિસ્તાર છે. મોટાભાગના ડેમ 50 ટકા જેટલા પાણીથી ભરાઇ ગયા છે. સરદાર સરોવર ડેમમાં 48 ટકા પાણી ભરાયું છે.

## કચ્છમાં 110થી વધુ નાગરિકોને સલામત સ્થળે ખસેડાયા

રાજ્યમાં ભારે વરસાદને પરિણામે સમગ્ર વહીવટી તંત્ર એલર્ટ મોડમાં છે, ત્યારે ઝીરો કેઝ્યુઆલીટીના અભિગમ સાથે રાજ્ય સરકાર બચાવ કામગીરી ઉપર વિશેષ ભાર આપી રહી છે. અગમચેતી પગલાંના ભાગરૂપે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જરૂર જણાય તેવા વિસ્તારોમાં સ્થળાંતરની કામગીરી પુરજોશમાં કરવામાં આવી અને અસરગ્રસ્ત જિલ્લાઓમાં જ્યાં પાણીના વહેણમાં નાગરિકો ફસાયા હોય ત્યાં ત્વરિત NDRF-SDRFની ટીમો ઉપરાંત સ્થાનિક નાગરિકો અને પોલીસ તંત્રની મદદ લઈ ફસાયેલા નાગરિકોના રેસ્ક્યુની કામગીરી કરી. તેમના જીવ બચાવવામાં આવ્યા. કચ્છ જિલ્લામાં ૧૧૦ થી વધુ નાગરિકોને રેસ્ક્યુ-સ્થળાંતર તેમજ ચાર અબોલ પશુઓને રેસ્ક્યુ કરીને સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યા છે.

કચ્છ જિલ્લામાં અતિભારે વરસાદને પરિણામે અલગ અલગ સ્થળોએ પાણીના વહેણમાં નાગરિકો ફસાઇ ગયા હોવાના ૮ બનાવો બન્યા હતા. જે તમામ બનાવોને ગંભીરતાથી લઈને ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી જઇ NDRF, SDRF ઉપરાંત પોલીસ તંત્રની વિવિધ ટીમોએ સ્થાનિક નાગરિકોના સહયોગથી તમામ ફસાયેલા ૧૧૦થી વધુ નાગરિકોને સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી લઇ તેમના જીવ બચાવી લીધા છે. રાજ્યના વહીવટી તંત્રની સક્રિયતાના પરિણામે એક પણ જાનહાનિ બનવા પામી નથી. ●




Digital India
Catalyzing
New India's Techade
Catalyzing New India's Techade
DIGITAL INDIA

# ડિજિટલ ઈન્ડિયા વીક -2022

## ગુજરાતથી સાત ડિજિટલ સેવાઓ દેશને સમર્પિત કરતા PM




ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઈન્ડિયાનો સંકલ્પ કર્યો છે. ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરી નાગરિકોને ઉત્તમ, ઝડપી અને પારદર્શી સેવા મળી રહે તેવા ઉમદા હેતુથી શરૂ કરાયેલું ડિજિટલ ઈન્ડિયા અભિયાન આજે જન અભિયાન બન્યું છે. રેલવે ટિકિટ, બસ ટિકિટ, પરીક્ષા ફોર્મ, ડોક્યુમેન્ટ વેરિફિકેશન, ટાંકણીથી લઈને પ્લેન સુધીની ખરીદી... આવાં તો અનેક ક્ષેત્રો છે જે ડિજિટલ ટેક્નોલોજીના કારણે નાગરિકોનાં સમય અને નાણાની બચત કરતાં થયાં છે. ડિજિટલ ઈન્ડિયાના અભિયાનને વેગ આપવા ગુજરાત દેશમાં અગ્રેસર રહીને કાર્ય કરી રહ્યું છે. રાજ્યના મહેસૂલ, કૃષિ, શિક્ષણ સહિતના તમામ વિભાગોએ ડિજિટલ ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરીને નાગરિક સેવાઓ સરળ અને પારદર્શી બનાવી છે. તાજેતરમાં ગુજરાત, ડિજિટલ ઈન્ડિયાને વેગ આપવાના પ્રસંગનું સાક્ષી બન્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર, ગાંધીનગરથી “ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨”નો શુભારંભ કરાવી ટેકનોલૉજીના માધ્યમથી જનસુખાકારીના લાભો નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે નવીન ૭ ડિજિટલ સેવાઓ દેશવાસીઓને સમર્પિત કરી હતી.

'ડિજિટલ ઈન્ડિયા સપ્તાહ-૨૦૨૨'ના શુભારંભ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના મારા ૧૩ વર્ષના કાર્યકાળ દરમિયાન સ્ટેટ ડેટા સેન્ટર (જી.એસ.ડી.સી.) શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતું. જી-સ્વાન, ઈ ગ્રામ-વિશ્વગ્રામ, જનસેવા કેન્દ્રો જેવી પહેલ ગુજરાતે કરી હતી. વર્ષ ૨૦૧૪ પછી રાષ્ટ્રીય કક્ષાએ મારો આ જ અનુભવ 'ડિજિટલ ઈન્ડિયા'નો આધાર બન્યો છે. 'ધન્યવાદ ગુજરાત..!' એમ કહીને તેમણે આ માટે ગુજરાતનો આભાર માન્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, 'ચોથી ઔદ્યોગિક ક્રાન્તિ માટે હિન્દુસ્તાન દુનિયાને દિશા દેખાડી રહ્યું છે, અને મને બેવડી ખુશી છે કે ગુજરાત એમાં પણ પથદર્શકની ભૂમિકા ભજવી રહ્યું છે.

ડિજિટલ ઈન્ડિયાએ સરકારને નાગરિકોના ગામમાં, ઘરમાં અને ઘરના દરવાજે જ નહીં; લોકોની હથેળીઓમાં મૂકી દીધી છે. ગાંધીનગરના ગિફ્ટ સિટી પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ફિન-ટેક, ડેટા સિક્યોરિટી અને નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ગિફ્ટ સિટી ભારતની આન-બાન-શાન બનશે. 'મેક ઇન ઇન્ડિયા'ની શક્તિ અને ડિજિટલ ઇન્ડિયાની તાકાતથી ભારત ઔદ્યોગિક ક્રાન્તિ ૪.૦ ને નવી ઊંચાઈએ લઈ જશે. નવા સંકલ્પો, નવી આશા-આકાંક્ષાઓથી ડિજિટલ ભારત આધુનિક, સમૃદ્ધ અને સશક્ત ભારત બનશે. ભારતના યુવાનોમાં સામર્થ્ય છે, તેમને માત્ર તક જોઈએ છે. આજે ભારતમાં એવી સરકાર છે જેના પર દેશની જનતાને, નવયુવાનોને ભરોસો છે. આ સરકાર યુવાનોને તક આપી રહી છે અને એટલે જ આપણો દેશ અભૂતપૂર્વ તાકાત સાથે અનેક દિશાઓમાં આગળ વધી રહ્યો છે.

સમયની સાથે જે દેશ આધુનિક ટેકનોલોજી અપનાવતો નથી, સમય તેને પાછળ છોડીને આગળ વધે છે. ત્રીજી ઔદ્યોગિક ક્રાન્તિ દરમિયાન ભારત આનો શિકાર બન્યું હતું. પરંતુ આજે આપણે ગર્વથી કહી શકીએ છીએ કે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાન્તિ, ઇન્ડસ્ટ્રી ૪.૦માં વિશ્વભરમાં અગ્રેસર છે. સમગ્ર માનવજીવન માટે ટેક્નૉલૉજીનો ઉપયોગ કેટલો ક્રાન્તિકારી છે તેનું ઉદાહરણ ભારતે ‘ડિજિટલ ઇન્ડિયા અભિયાન’ના રૂપમાં સમગ્ર વિશ્વની સામે મૂક્યું છે. આઠ વર્ષ પહેલાં શરૂ થયેલું આ અભિયાન બદલાતા સમય સાથે ખૂબ જ ઝડપથી વિસ્તરી રહ્યું છે.

૮-૧૦ વર્ષ પહેલાંની પરિસ્થિતિને યાદ કરાવી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, એક સમય હતો જ્યારે જન્મ પ્રમાણપત્ર લેવા માટેની લાઇન, જો તમે બિલ ભરવા માગો છો તોપણ લાઇન, રાશનની લાઇન, પ્રવેશ માટે લાઇન, પરિણામ અને પ્રમાણપત્ર માટે લાઇન, બૅન્કોમાં લાઇનો, જ્યાં જુઓ ત્યાં કોઈ પણ કામ માટે લાઇનમાં ઊભા રહેવું પડતું, પણ આજે ભારતે ટેકનોલૉજીના ઉપયોગ થકી ડિજિટલ બની ‘લાઇન’થી ‘ઓનલાઇન’ થઈને સમસ્યાઓ ઉકેલી છે. જન્મના પ્રમાણપત્રથી માંડીને

સિનિયર સિટીઝનોના પેન્શન માટે હયાતીના પ્રમાણપત્ર સહિતની તમામ સેવાઓ ઓનલાઈન થતાં આજે સમય અને શક્તિનો બચાવ થયો છે.


જે કામ માટે અનેક દિવસો લાગતા એ કામ આજે ટેક્નોલૉજીના જનધન-આધાર-મોબાઇલ (JAM) થકી મિનિટોમાં સંપૂર્ણ પારદર્શિતા સાથે થતાં કરોડો પરિવારોનાં સમય અને નાણાંનો બચાવ થઈ રહ્યો છે. આઠ વર્ષ પહેલાં ઇન્ટરનેટની સુવિધાઓ સીમિત હતી, આપણા ડિજિટલ ઇન્ડિયાના મંત્ર થકી નજીવી કિંમતે ઇન્ટરનેટ ઉપલબ્ધ છે. લાઇટ બિલ, બૅન્કનાં કામો, સરકારી કચેરીનાં કામો તથા અન્ય સરકારી સેવાઓના લાભ લેવા માટે ગ્રામજનોને શહેર સુધી આવવું પડતું હતું, તેના નિરાકરણ માટે છેલ્લાં આઠ વર્ષમાં દેશભરમાં ચાર લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર કાર્યરત કરી દીધાં છે. તેના પરિણામે આ તમામ સુવિધાઓ ગરીબ પરિવારોને ગ્રામકક્ષાએ જ મળતાં, સમય અને નાણાંની બચત તો થઈ જ છે, સાથે-સાથે અનેક યુવાનોને રોજગારીની તકો પણ ઉપલબ્ધ બની છે. આ અંગે વડાપ્રધાનશ્રીએ દાહોદના દિવ્યાંગ દંપતીનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે, દાહોદના એક નાના આદિવાસી ગામડામાં આ દંપતીએ મુદ્રા યોજનાનો લાભ લઈને આવું કોમન સર્વિસ સેન્ટર શરૂ કર્યું, જેના થકી આજે તેઓ પ્રતિ માસ ૨૮ હજાર રૂપિયાથી વધુની આવક મેળવી રહ્યા છે.

વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, રેલવે સ્ટેશનો પર ફ્રી વાઇ-ફાઇનું વિશાળ નેટવર્ક છે, જે અનેક મુસાફરો ઉપરાંત વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. તેનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું કે, રેલવે સ્ટેશનની આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારનાં બાળકો આ સુવિધાનો ઉપયોગ કરીને શિક્ષણ સહિત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયાં છે. આ સાથે જ રેલવે સ્ટેશન કે અન્ય જગ્યાઓ પર માતા-પિતા અને પરિવારથી વિખૂટા પડેલાં આશરે ૫૦૦થી વધુ બાળકોનું આધાર જેવી ડિજિટલ આઈડેન્ટિટીના માધ્યમથી તેમના પરિવારો સાથે પુનર્મિલન શક્ય બન્યું છે.

વિધવા બહેનોને પેન્શનની સુવિધા પૂરી પાડવા માટે તેમણે ગુજરાતના મુખ્યમંત્રીકાળમાં કરેલી પહેલની વાત કરતાં કહ્યું કે, આવી બહેનોને મળતું પેન્શન વચેટિયા ખાઈ જતા હતા, જેના બદલે આ તમામ ગંગાસ્વરૂપા બહેનોનાં ખાતાં પોસ્ટઑફિસમાં ખોલાવીને પેન્શન સીધું જ તેમના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા કરાવતાં અનેક બહેનોને ખરા અર્થમાં આ યોજનાનો લાભ મળતો થયો અને આનાથી પ્રેરાઈને જ મેં વર્ષ ૨૦૧૫માં સમગ્ર દેશમાં લાભાર્થીઓનાં નાણાં સીધાં જ તેમના બેન્કખાતામાં જમા થાય એ માટે DBTનો ઉપયોગ કરવાની શરૂઆત કરી હતી. તેના પરિણામ સ્વરૂપ, છેલ્લાં ૮ વર્ષમાં DBT દ્વારા



## દેશમાં દર મિનિટે 1.30 લાખ UPI ટ્રાન્ઝેક્શન - PM



*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ફિન-ટેક સોલ્યુશન્સ, ફાઈનાન્સ માટે ટેકનોલોજીનો ઉપયોગ એ સાચા અર્થમાં સાચી લોકશાહી છે. યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ-યુપીઆઈ 'બાય ધ પીપલ' છે -લોકો દ્વારા તેનો ઉપયોગ થાય છે. 'ઓફ ધી પીપલ' છે -લોકોની જ વ્યવસ્થા છે અને 'ફોર ધ પીપલ' છે - એટલે કે લોકો માટેની જ વ્યવસ્થા છે. ભારતના ફિન-ટેક-યુપીઆઈ-યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ પ્લેટફોર્મની ઉત્તમમાં ઉત્તમ પ્લેટફોર્મ તરીકે વર્લ્ડબેંકથી લઈને તમામે પ્રશંસા કરી છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, ગત મે મહિના દરમિયાન ભારતમાં દર મિનિટે 1,30,000 યુપીઆઈ ટ્રાન્ઝેક્શન થયા હતા. આમ જોઈએ તો દર સેકન્ડે 2200 ટ્રાન્ઝેક્શન થયા હતા. વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વના 40% ડિજિટલ ટ્રાન્ઝેક્શન આપણા ભારતમાં થાય છે. ભીમ-યુપીઆઈ ડિજિટલ ટ્રાન્જેક્શન એપ ભારતનું સશક્ત માધ્યમ બની છે.*


૨૩ લાખ કરોડથી વધુ રૂપિયા સીધા લાભાર્થીઓનાં બેન્ક ખાતામાં જમા કરવામાં આવ્યાં છે. આ ટેક્નોલોજીના કારણે દેશના ૨,૨૩,૦૦૦ કરોડ રૂપિયા ખોટા હાથમાં જતા બચ્યા છે.

છેલ્લાં આઠ વર્ષમાં દેશમાં ડિજિટલ ઈન્ડિયાએ જે સંભાવનાઓ ઊભી કરી છે જેના પરિણામે વૈશ્વિક મહામારી કોરોના સામે લડવામાં આપણને ઘણી મદદ મળી છે, જેનું ઉદાહરણ આરોગ્ય સેતુ એપ અને કોવિન હેલ્પલાઇન છે. કોવિડ દરમિયાન ગરીબ પરિવારોને સહાયરૂપ થવા માટે અમે એક ક્લિક પર દેશની કરોડો મહિલાઓ, ખેડૂતો, શ્રમિકોના બેન્ક ખાતામાં હજારો કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે. એટલું જ નહીં, આશરે ૮૦ કરોડથી વધુ દેશવાસીઓને 'વન નેશન-વન રાશન કાર્ડ'ની યોજના અંતર્ગત મફત રાશન વિતરણ સુનિશ્ચિત કર્યું છે. આ જ પ્રકારે વિશ્વનો સૌથી મોટો અને સૌથી કાર્યક્ષમ કોવિડ રસીકરણ અને કોવિડ રાહત કાર્યક્રમ ચલાવ્યો, જેના કારણે આજે કોઈ પણ નાગરિક વેક્સિનેશન કરાવીને સેન્ટરની બહાર આવે કે તરત તેના મોબાઈલ પર વેક્સિનેશનનું સર્ટિફિકેટ આવી જાય છે. આ પ્રકારે દેશના આશરે ૨૦૦ કરોડ નાગરિકોના વેક્સિનેશનનો સંપૂર્ણ રેકર્ડ કોવિન હેલ્પલાઇન પર સુરક્ષિત છે, જેની સમગ્ર વિશ્વે નોંધ લીધી છે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ટેક્નોલૉજી થકી તમામ કામગીરી અત્યંત ઝડપી અને સરળ બની રહી છે. તેનું ઉદાહરણ આપતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, સરકારે પીએમ સ્વામિત્વ યોજના કાર્યરત કરી છે, જેના થકી શહેરની જેમ જ ગામડાંઓમાં પણ જમીન અને મકાનોના મેપિંગના ડિજિટલ રેકોર્ડની કામગીરી ડ્રોન દ્વારા કરીને ગ્રામીણસ્તરે આ સુવિધાઓ ઝડપથી પૂરી પાડવામાં આવી રહી



છે. આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, એઆર-વીઆર, રોબોટિક્સ, ગ્રીન એનર્જી સહિતનાં વિવિધ ક્ષેત્રો માટે આશરે ૧૦૦થી વધુ સ્કિલ ડેવલપમેન્ટના કોર્સ ચાલી રહ્યા છે. તેના પરિણામે આગામી પાંચ વર્ષમાં ૧૫ લાખથી વધુ યુવાનોને રોજગારીના લાભ મળશે. સાથે સાથે દેશની ૧૦ હજારથી વધુ અટલ ટિન્કરિંગ લેબમાં ૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ દુનિયાની મોટી સમસ્યાઓનું સમાધાન લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પણ ટેક્નોલૉજી પર વિશેષ લક્ષ આપવામાં આવ્યું છે.



PMGDISHA- પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન અંતર્ગત ૪૦ હજારથી વધુ સેન્ટરો કાર્યરત કરીને પાંચ કરોડથી વધુ યુવાઓનું ડિજિટલ સશક્તિકરણ કરવામાં આવ્યું છે. પરિણામે, સ્પેસ, રિફોર્મ, ગેમિંગ, ડ્રોન, એનિમેશન-ઇનોવેશન માટેનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં છે. IN-SPACE અને નવી ડ્રોન નીતિ જેવી જોગવાઈઓ આગામી દશકામાં ભારતના વિકાસ માટે નવી દિશા ખોલશે અને ટેક પોટેન્શિયલને નવી ઊર્જા પૂરી પાડશે તેવો વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આજે ભારત ચિપ ટેકરમાંથી ચિપ મેકર બનવાની દિશામાં અગ્રેસર છે. આજે સેમિકન્ડક્ટરનું ઉત્પાદન વધારવા ભારતમાં ઝડપથી રોકાણ વધી રહ્યું છે, જેના પરિણામસ્વરૂપ આગામી ત્રણ-ચાર વર્ષમાં દેશના ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને ૩૦૦ બિલિયન ડોલરથી ઊંચે વધુ લઈ જવાના લક્ષ્ય પર અમે કામ કરી રહ્યા છીએ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે જણાવ્યું કે, ડિજિટલ ટ્રાન્સફોર્મેશનની દિશામાં ગુજરાત મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે. ભારતના અમૃતકાળ દરમિયાન વિકાસનો મુખ્ય આધાર ડિજિટલ ટેકનોલોજી બનવાનો છે, ત્યારે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત દેશની ડિજિટલ ક્રાન્તિમાં પણ અગ્રેસર રાજ્યની ભૂમિકા અદા કરશે. ડિજિટલ ઇન્ડિયા વીક-૨૦૨૨નો ગુજરાતની ધરતી પરથી શુભારંભ તેમજ ગુજરાતે સતત ત્રીજા વર્ષે સ્ટાર્ટ અપ ઇન્ડિયા રેન્કિંગમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. તે બંન્ને ઘટનાને ગૌરવપૂર્ણ ગણાવી મુખ્યમંત્રીશ્રીએ આ બાબતોનો શ્રેય વડાપ્રધાનશ્રીને આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે કહ્યું કે, ૨૦૧૪ પહેલાં દેશમાં મોબાઈલ, કૉમ્પ્યુટર અને ઇન્ટરનેટની સુવિધાઓ હતી જ, પરંતુ ડિજિટલ ઇન્ડિયાના નિર્માણનો વિચાર માત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવ્યો, દેશનું શાસન - દાયિત્વ સંભાળ્યાના એક જ વર્ષમાં તેમણે

## આવો, જાણીએ નવી ૭ ડિજિટલ સેવાઓ વિશે...

***'ડિજિટલ ઇન્ડિયા વીક-૨૦૨૨'ના શુભારંભ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલૉજીના માધ્યમથી જનસુખાકારીના લાભો નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે નવીન ૭ ડિજિટલ સેવાઓ દેશવાસીઓને સમર્પિત કરી હતી. તેમાં ઇન્ડિયાસ્ટેક ગ્લોબલ, માય સ્કીમ, મેરી પહેચાન, ડિજિટલ ઇન્ડિયા ભાષિની, ડિજિટલ ઇન્ડિયા જેનિસિસ, ચીપ્સ ટુ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ અને કેટલાયઝીંગ ન્યૂ ઇન્ડિયાઝ ટેકેડની ઈ-બુકનો સમાવેશ થાય છે.***

**'ડિજિટલ ઇન્ડિયા ભાષિની' :** 'ડિજિટલ ઇન્ડિયા ભાષિની'ની પહેલ થકી દેશની વિવિધ ભાષાઓમાં વૉઇસ-આધારિત ઍક્સેસથી ભારતીય ભાષાઓમાં કન્ટેન્ટના નિર્માણમાં ઇન્ટરનેટ અને ડિજિટલ સેવાઓની સરળ પહોંચને વધુ મજબૂત કરવામાં આવશે. ભારતીય ભાષાઓ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ભાષા ટેક્નોલોજિકલ સોલ્યુશન્સથી વધુ ને વધુ નાગરિકો જોડવામાં પણ સરળતા થશે.

**'ડિજિટલ ઇન્ડિયા જેનિસિસ :** 'ડિજિટલ ઇન્ડિયા જેનિસિસ




(ઇનોવેટિવ સ્ટાર્ટઅપ માટે જનરલ નેક્સ્ટ સપોર્ટ)' એક રાષ્ટ્રીય ડીપ-ટેક સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ છે. આ સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ ભારતનાં ટિયર-II અને ટિયર-III શહેરોમાં શરૂ થયેલા પ્રતિભાવાન સ્ટાર્ટઅપ્સને શોધીને તેને એક સફળ સ્ટાર્ટઅપ બનાવવા અને તેને વિકસાવવામાં પણ મદદરૂપ થશે. તે માટે અંદાજે રૂ. ૭૫૦ કરોડ ખર્ચની પરિકલ્પના કરવામાં આવી છે.

**'ઇન્ડિયાસ્ટેક ગ્લોબલ' :** 'ઇન્ડિયાસ્ટેક ગ્લોબલ' એ આધાર, યુ.પી.આઈ, ડિજીલોકર, કો-વીન

ડિજિટલ ઇન્ડિયા મિશન શરૂ કર્યું. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે અનેક ડિજિટલ પહેલ અને ઈ-ગવર્નન્સ પદ્ધતિઓ સફળતાપૂર્વક અમલી બનાવી છે. ડિજિટલ ટેકનોલોજીએ પ્લાનિંગ, ઈમ્પલિમેન્ટેશન અને ફીડબેકની એક આખી સાઇકલ ઘડી આપી છે, જેને પરિણામે સરકારને સમય અનુરૂપ બદલાવ લાવવાની દિશા મળી છે.



સી.એમ. ડૅશબોર્ડના ઉપયોગથી ગુજરાત સરકારે 'ઈઝ ઓફ ગવર્નન્સ' સાકાર કર્યું છે. વહીવટી તંત્રની ગતિવિધિઓ પર દેખરેખ રાખવા માટે સરકારનું તે ત્રીજું નેત્ર બન્યું છે. રાજ્ય સરકારે જાહેર કરેલી IT/ITeS પૉલિસી ૨૦૨૨-૨૭ને વ્યાપક પ્રતિસાદ મળ્યો હોવાનો મત તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ડીબીટી માધ્યમથી લાભ-સહાયનું વિતરણ, ઘરબેઠાં સરકારી સેવાઓનો લાભ, ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કથી ગ્રામીણ ક્ષેત્રે ડિજિટલ કનેક્ટિવિટી, પેપરલેસ વહીવટ માટે ઈ-સરકાર પ્રોજેક્ટ, ક્રાઇમ પ્રિવેન્શન અને ટ્રાફિક કંટ્રોલ માટે 'આશ્વસ્થ' અને 'વિશ્વાસ' પ્રોજેક્ટ, રથયાત્રા દરમિયાન ડિજિટલ સર્વેન્સ જેવી વિવિધ પહેલની વિસ્તૃત છણાવટ કરી હતી. 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' અને જી-શાળા દ્વારા વિદ્યાર્થી શિક્ષક વર્ગને થયેલા લાભની વિગતો તેમણે આપી હતી.

કેન્દ્રીય રેલવે, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા તેમજ ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૭ વર્ષ પહેલાં દેશમાં ડિજિટલ ઇન્ડિયાની યાત્રાનો આરંભ થયો હતો, જેની સફળતાના ૩ મુખ્ય સ્તંભ છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયાને તેનો પ્રથમ સ્તંભ, ઈ-ગવર્નન્સને ડિજિટલ ઇન્ડિયાનો બીજો સ્તંભ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગને ડીજિટલ ઇન્ડિયાનો ત્રીજો સ્તંભ ગણાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી ૮ વર્ષ પહેલાં ખૂબ જ નાની હતી. તેની સામે દેશમાં આજે ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રી ૭૫ બિલિયન ડોલર એટલે કે લગભગ ૬ લાખ કરોડની બની છે, જેના થકી દેશમાં ૨૫ લાખ જેટલી રોજગારીનું સર્જન થયું છે. વડાપ્રધાનશ્રીએ દેશમાં આગામી પાંચ વર્ષમાં ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ઇન્ડસ્ટ્રીને ૩૦૦ બિલિયન યુ.એસ. ડોલર સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. તેના દ્વારા ભારતનો વિશ્વના ટોપ-૩ ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ કરતા દેશોમાં સમાવેશ થશે. આ ઉપરાંત દેશમાં રોજગારીને પણ ૨૫ લાખથી વધારીને ૮૦ લાખ સુધી પહોંચાડવાનો નિર્ધાર છે.



કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા તેમજ ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, સાત વર્ષ પહેલાં શરૂ થયેલા 'ડિજિટલ ભારત' અભિયાન થકી દેશભરમાં 'ઈઝ ઓફ લિવિંગ' અને 'ડિજિટલ ગવર્નન્સ' સાકાર થયું છે. ભારત આજે ટેકનોલોજી કન્ઝ્યુમરમાંથી ટેકનોલોજી પ્રોડ્યુસર બન્યો છે. યુપીઆઈ, આધાર, વેબ 3.0 જેવા ટેકનોલોજી પ્લેટફોર્મના માધ્યમથી ભારતને આજે વિશ્વભરથી વિશેષ સન્માન પ્રાપ્ત થઇ રહ્યું છે. સંશોધન ક્ષેત્રમાં ભારત આજે ત્રીજો સૌથી મોટો દેશ બન્યો છે.

આ પ્રસંગે રાજ્યમંત્રીમંડળના સભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આઈ.ટી ક્ષેત્રના નિષ્ણાંતો તેમજ સ્ટાર્ટ અપ ક્ષેત્રે સંકળાયેલા યુવાઓ, પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપરાંત ડિજિટલ ભારતના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

વેક્સિનેશન પ્લેટફોર્મ, ગવર્નમેન્ટ, ઈ-માર્કેટપ્લેસ (GeM), DIKSHA પ્લેટફોર્મ અને આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન જેવા ઇન્ડિયા સ્ટેક હેઠળ અમલમાં મુકાયેલા મુખ્ય પ્રોજેક્ટ્સનું કેન્દ્રબિંદુ ગણાય છે.

**'માય-સ્કીમ' :** 'માય-સ્કીમ' પ્લેટફોર્મ એક સામાન્ય નાગરિકને સરકારી યોજનાઓ વિશેની માહિતી, યોજનાનો લાભ લેવાની પ્રક્રિયા વગેરેની માહિતી પ્રદાન કરશે. તેનો ઉદ્દેશ્ય 'વન-સ્ટોપ સર્ચ એન્ડ ડિસ્કવરી'નો છે જ્યાં લાભાર્થીઓ કઈ સરકારી યોજનાઓનો લાભ લેવા માટે સુપાત્ર છે તે સરળતાથી શોધી શકે છે.

**મેરી પહેચાન :** 'મેરી પહેચાન- નેશનલ સિંગલ સાઇન-ઓન ફોર વન સિટીઝન લોગિન'ની સુવિધાને દેશના નાગરિકોને સમર્પિત કરવામાં આવી છે. 'નેશનલ સિંગલ સાઇન-ઓન'એ એક યુઝર ઓથેન્ટીકેશન સેવા છે, જે વિવિધ ઓળખપત્રો બહુવિધ ઑનલાઇન એપ્લિકેશનો અથવા સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ બનશે.

**'ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ(C2S)' :** 'ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ(C2S)' પ્રોગ્રામનો મુખ્ય હેતુ સેમિકન્ડક્ટર ચિપ્સ ડિઝાઈનના ક્ષેત્રે સ્નાતક, અનુસ્નાતક અને સંશોધનના સ્તરે જ વિશેષ માનવશક્તિને તાલીમ આપી દેશમાં જ સેમિકન્ડક્ટર ડિઝાઈન સાથે સંકળાયેલા સ્ટાર્ટ-અપ્સના વિકાસ માટે પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલ સેમિકન્ડક્ટર્સમાં ડિઝાઈન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેના 'ભારત સેમિકન્ડક્ટર મિશન'નો એક મહત્ત્વનો ભાગ છે.

**ન્યુ ઇન્ડિયાઝ ટેક્ડ ઈ-બુક :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા અભિયાનને મળેલી સિદ્ધિને આ બુકમાં વર્ણવવામાં આવી છે. વિવિધ રાજ્યો તથા કેન્દ્ર સરકારે અમલમાં મૂકેલી ડિજિટલ સેવા અને પ્રકલ્પોની સાફલ્યગાથાને આ ઈ-બુક દ્વારા પ્રકાશિત કરાઇ છે.














## આધુનિક ડિજિટલ પ્રદર્શનની એક ઝલક

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ડિજિટલ ઈન્ડિયાની વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે 'ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨'નો દેશવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ડિજિટલ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓનાં વિવિધ પ્રદર્શનો યોજાયાં હતાં. તેમાં સ્ટાર્ટઅપ, સરકાર, ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓની જનભાગીદારી થકી ૨૦૦થી વધુ સ્ટોલ સાથે આ પ્રદર્શન મેળામાં રોજિંદી જીવનશૈલીને સરળ બનાવતા વિવિધ ડિજિટલ સોલ્યુશન્સ જેવા કે આધાર, યુપીઆઈ, કૉ-વિન, ડિજિલૉકર જેવા જાહેર ડિજિટલ પ્લેટફોર્મ મારફત નાગરિકોને સેવાઓ કેવી રીતે સરળતાથી મળી રહે છે તે અંગેની માહિતી આપવામાં આવી હતી. આ પ્રદર્શનમાં મુખ્યત્વે નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર, કોમન સર્વિસ સેન્ટર, આધાર, સી-ડેક, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, ડિજિટલ પેમેન્ટ પેવેલિયન, ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન, સેફ એન્ડ ટ્રસ્ટેડ ઈન્ટરનેટ, ઈ-સંજીવની, ડિજિટલ ભાષિની, નેશનલ ઈ-ગવર્નન્સ ડિપાર્ટમેન્ટ, એજ્યુકેશન એન્ડ રિસર્ચ નેટવર્ક, આઈ-ક્રિએટ, આઈટી આધારિત ફિનટેક કંપનીઓ તેમજ બિહાર અને ઉત્તરાખંડના આઈટી વિભાગો વગેરે જેવી મહત્ત્વની સંસ્થાઓએ ભાગ લીધો હતો.

# ગુજરાત સરકાર દ્વારા ત્રણ નવી IT પહેલનો શુભારંભ






મહાત્મા મંદિર ખાતે યોજાયેલા 'ડિજિટલ ઇન્ડિયા વીક' કાર્યક્રમના ત્રીજા દિવસે રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીના હસ્તે ત્રણ નવી આઈટી પહેલોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ત્રણ નવી આઈટી પહેલ અંતર્ગત 'Gujarat MyGov' પોર્ટલ, 'આઈટી/આઈટીઈએસ પૉલિસી ઇમ્પ્લિમેન્ટેશન ગાઇડલાઇન' અને 'આઈટી/આઈટીઈએસ પૉલિસી ઇન્સેન્ટિવ મેનેજમેન્ટ' પોર્ટલનું લૉન્ચિંગ કરાવતાં મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ડિજિટલ ઇન્ડિયા'નો પ્રારંભ દેશને શક્તિશાળી સમાજ અને શિક્ષિત અર્થતંત્રમાં પરિવર્તિત કરવાના હેતુથી કરવામાં આવ્યો હતો. ભારતે અનેક ડિજિટલ પ્રોજેક્ટ્સની પહેલ કરી છે, તેમજ મોટા પાયે પરિવર્તનકારી પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા છે. વિવિધ સેવાઓના લાભો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકો સુધી પહોંચ્યા છે. પરિવર્તનની આ યાત્રામાં હંમેશા અગ્રેસર રહેલા ગુજરાતે પણ ડિજિટલ ક્ષેત્રમાં અનેક પહેલ કરી છે.

દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ૧૦૦થી વધુ ઇ-ગવર્નન્સની પહેલ કરવામાં આવી છે, જેના પરિણામે સિસ્ટમમાં પારદર્શકતા, કાર્યદક્ષતા અને જવાબદારીમાં વધારો થયો છે. તેનો લાભ કરોડો નાગરિકોને મળ્યો છે. ગુજરાતમાં તેમના કાર્યકાળ દરમિયાન રાજ્ય સરકારે આરોગ્ય, ગૃહ, પરિવહન, આબકારી અને કરવેરા, પોલીસ, મહેસૂલ, અન્ન અને નાગરિક પુરવઠો, સામાજિક સુરક્ષા સહિતના વિવિધ વિભાગો માટે અનેક મહત્ત્વપૂર્ણ ઇ-ગવર્નન્સ પહેલ કરી હતી, જેના પરિણામે રાજ્યના નાગરિકોને મફત અને ઝડપી સેવાઓ મળી રહી. આ ઉપરાંત ગુજરાત રાજ્ય ડેટા સેન્ટર (જીએસડીસી), જીસ્વાન, ઇ-ગ્રામ સેન્ટર અને એટીવીટી સહિત ઇ-ગવર્નન્સના સૌથી મહત્ત્વના આધારસ્તંભોની સ્થાપના કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું.

ગુજરાત સરકારે ટીપીડીએસ (ટાર્ગેટેડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ), ઇ-ધરા, સાથી, ઇ-મમતા, ઇ-ગ્રામ વિશ્વગ્રામ જેવા પ્રોજેક્ટોની પહેલ કરી છે. વહીવટી કાર્યોના ડિજિટાઇઝેશન માટે ઇન્ટિગ્રેટેડ ફાઇનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ, ઇન્ટિગ્રેટેડ વર્કફ્લો એન્ડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, ગુણોત્સવ, એ.ટી.વી.ટી., એચ.એમ.આઇ.એસ. જેવી વિવિધ પહેલોનો અમલ કર્યો છે, જે મજબૂત અને અસરકારક સુશાસન તરફ દોરી જાય છે. આગામી પાંચ વર્ષમાં રાજ્ય સરકાર ડિજિટલ વ્યવસ્થાઓને એક એવા ટૅક્નૉલૉજિકલ સુગ્રથિત માળખાનું નિર્માણ કરવા માટે તૈયાર કરશે, જે પાયાના સ્તરથી માંડીને શાસનના સર્વોચ્ચ સ્તર સુધીના તમામ નાગરિકોને જોડશે અને જાહેર સેવા પૂરી પાડશે. ●

## 'Gujarat MyGov' પોર્ટલ

**'Gujarat MyGov' પોર્ટલ લૉન્ચ કરીને રાજ્ય સરકારે ડિજિટલ ગવર્નન્સ માટેનું મહત્ત્વનું પગલું ભર્યું છે. MyGov પોર્ટલ થકી સમયાંતરે નાગરિકો પાસેથી નીતિઓ ઘડવા માટે ઇનપુટ મેળવવામાં આવશે.**

## IT/ITES પૉલિસી ઇન્સેન્ટિવ મેનેજમેન્ટ

આ પોર્ટલ આઈટી/આઈટીઈએસ ઉદ્યોગ માટે અરજી સબમિટ કરવી, દસ્તાવેજીકરણ, માહિતી વ્યવસ્થાપન અને પ્રોત્સાહન, વિતરણ સહિતની તમામ બાબતો માટે ખૂબ જ મદદરૂપ સાબિત થશે. આ પોર્ટલ કોન્ટેક્ટલેસ એપ્લિકેશન્સ, ડેટા વેરિફિકેશન, ઓનલાઇન ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ અને ઓટોમેટેડ ઇન્સેન્ટિવ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને સક્ષમ કરીને હ્યુમન ઇન્ટરફેસને ઘટાડશે અને ટર્ન-અરાઉન્ડ ટાઇમમાં પણ નોંધપાત્ર ઘટાડો કરશે. રાજ્ય સરકારને રિયલ ટાઇમ પ્રાદેશિક રોકાણ અને રોજગારીના સર્જન પર નજર રાખવામાં મદદ કરશે.

## IT/ITES પૉલિસી ઇમ્પ્લિમેન્ટેશન ગાઇડલાઇન

આઈટી/આઈટીઈએસ ક્ષેત્રમાં ટીમ ગુજરાત અભૂતપૂર્વ કામગીરી કરી રહી છે, જેને આગળ ધપાવવા આઈટી/આઇ.ટી.ઇ.એસ. નીતિ (2022-27) માટે અમલીકરણ માર્ગદર્શિકા અને પ્રોત્સાહન વ્યવસ્થાપન પોર્ટલ લૉન્ચ કરવામાં આવ્યું છે. હવે, આઇ.ટી. / આઇ.ટી.ઇ.એસ. ક્ષેત્ર માટે રોકાણકારોની સુવિધાની સંપૂર્ણ પેપરલેસ - કોન્ટેક્ટલેસ - ફેસલેસ અને કૅશલેસ સિસ્ટમ તૈયાર કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત બનશે.

# ગુજરાતમાં 99.97 ટકા ગ્રામ પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઈબર કનેક્ટિવિટી

✎ દિલીપ ગજ્જર

ડિજિટલ ઇન્ડિયા દ્વારા 'નયા ભારત' નિર્માણના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સપનાને સાકાર કરવાની દિશામાં આગળ વધતાં ગુજરાત સરકારે ભારતનેટ પ્રોજેક્ટ થકી 99.97 ટકા ગ્રામ પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર કનેક્ટિવિટી પહોંચાડી છે. રાજ્યમાં હાલમાં ભારતનેટ પ્રોજેક્ટ અંતર્ગત 35,000 કિમીથી વધુ લંબાઈના અંડરગ્રાઉન્ડ કેબલ્સ પાથરવામાં આવ્યા છે.

આ કનેક્ટિવિટીના કારણે ગ્રામીણ વિસ્તારો સહિત સમગ્ર ગુજરાતમાં તમામ સરકારી સેવાઓ નાગરિકોને ઘરબેઠાં જ પ્રાપ્ત થશે. ગુજરાત માટે ગર્વ લેવા જેવી બાબત એ છે કે હાલ રાજ્યના 'સ્ટેટલેડ' મોડલથી ભારત નેટ ફેઝ-2નું અમલીકરણ દેશનાં 9 રાજ્યોમાં કરવામાં આવી રહ્યું છે.



આ ઉપલબ્ધિ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "જ્યાં માનવ, ત્યાં સુવિધાના મંત્રને સાકાર કરવા માટે ગુજરાતે વિવિધ ડિજિટલ પ્રોજેક્ટ્સની પહેલ કરી છે. રાજ્યની લગભગ તમામ ગ્રામપંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર કનેક્ટિવિટી પહોંચી ચૂકી છે. તેના કારણે ગ્રામીણ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા સામાન્ય માણસો પણ હવે વિવિધ સરકારી સેવાઓના લાભ સરળતાથી મેળવી શકશે. રાજ્યના પ્રત્યેક નાગરિક સુધી સરકારી સેવાઓની ડિજિટલ પહોંચ અમે સુનિશ્ચિત કરી રહ્યા છીએ."

શરૂઆતનાં વર્ષોમાં કનેક્ટિવિટી તેમજ અન્ય પ્રશ્નોને કારણે ગ્રામીણ વિસ્તારોમાં અપેક્ષિત સેવાઓ ઘણીવાર પહોંચાડવી મુશ્કેલ બનતી હતી. રાજ્યના છેવાડાના નાગરિકોને ઘેર બેઠાં નાગરિકલક્ષી સરકારી સુવિધાઓ ઉપલબ્ધ થાય, તે માટે વર્ષ 2020માં ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ઓપ્ટિકલ ફાઈબર કનેક્ટિવિટી વધવાથી ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમને હવે વેગ મળશે. હાલ આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારના 11 વિભાગોની 312 જેટલી સેવાઓ 14 હજારથી વધુ ગ્રામપંચાયતો દ્વારા સુલભ કરવામાં આવી છે અને તેના દ્વારા 70 લાખથી વધુ નાગરિકોની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આજે ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોને ગામમાં જ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવતો ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમ દેશ માટે દિશાદર્શક બની રહ્યો છે, જે ખૂબ જ ગર્વની બાબત છે.

ડિજિટલ ક્રાન્તિ હેઠળ સરકારી સેવાઓ લોકો સુધી પહોંચાડવાનું એક નવું જ ક્રાન્તિકારી સ્વરૂપ આપણે સૌ જોઈ રહ્યા છીએ. છેલ્લા એક દાયકામાં વિવિધ ક્ષેત્રમાં ગુજરાત રાજ્ય ડિજિટલ ક્રાન્તિમાં તમામ રાજ્યો માટે ઉદાહરણરૂપ બન્યું છે. પરિવહન ક્ષેત્રની 16 સેવાઓ પણ હવે ઓનલાઇન ઉપલબ્ધ થશે. પરિવહન ક્ષેત્રે પણ સરળતા મળે અને માત્ર એક એપ દ્વારા જ તમામ સરકારી કામ થઈ જાય તેવી પહેલ હાથ ધરવામાં આવી રહી છે. પરિવહન ક્ષેત્રે કોઈ પણ સેવા ઝડપથી અને સરળ બનાવવા માટે આગામી સમયમાં NICના પરામર્શમાં M-parivahan મોબાઇલ એપ્લિકેશન લૉન્ચ કરવામાં આવશે. આ એપ્લિકેશન થકી વાહન તથા લાઇસન્સ સહિતની કુલ ૧૬ સેવાઓ આંગળીના ટેરવે પૂરી પાડવામાં આવશે. આમ, આ એપ દ્વારા અરજદારો પોતાના મોબાઇલ થકી જ અરજી કરીને સેવાનો લાભ સરળતાથી મેળવી શકશે. ●

# i-ખેડૂત પોર્ટલથી ૬૧.૮૨ લાખ ખેડૂતોને પાંચ હજાર કરોડથી વધુની સબસિડી

✎ રૂચા રાવલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગુજરાત સરકારે અનેક પહેલ હાથ ધરીને રાજ્યના નાગરિકોની સરળતા માટે મોટાભાગની તમામ સેવાઓ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવી દીધી છે. રાજ્યના ખેડૂતો માટે કૃષિ વિષયક માહિતી, વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી તેમજ કૃષિ પેદાશોના બજારભાવની માહિતી આંગળીનાં ટેરવે ઉપલબ્ધ થઈ શકે તે માટે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા એક વિશેષ 'i- ખેડૂત પોર્ટલ' ઉપલબ્ધ બનાવ્યું છે. 'ડિજિટલ ક્રાન્તિથી હરિયાળી ક્રાન્તિ'ના અભિયાન થકી રાજ્યમાં ખેડૂતો માટેની તમામ સેવાઓ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવામાં આવી છે, જેનો લાભ રાજ્યના લાખો ખેડૂતો ઘેરબેઠાં મેળવી રહ્યા છે. ખેતીવાડી, પશુપાલન, બાગાયતી, મત્સ્યપાલન, જમીન અને જળ સંરક્ષણ સહિતની તમામ યોજનાઓની માહિતી અને સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ થવાથી ખેડૂતો લાભાન્વિત થઈ રહ્યા છે.




i- ખેડૂત પોર્ટલમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ખેડૂતોએ કુલ ૧૬૨.૧૫ લાખ અરજીઓ કરી છે અને જેના પર કાર્યવાહી કરીને ૬૧.૮૨ લાખ ખેડૂતોને રૂ. ૫૧૦૭.૯૪ કરોડ સબસિડીની સહાય વિતરણની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજ્ય દ્વારા દેશમાં પ્રથમ વખત કૃષિ

# RTO વિભાગ : પેપરલેસ ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ

જનક દેસાઈ/ દીપક જાદવ

ડિજિટલ ગુજરાત થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત તમામ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી તથા વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણીના માર્ગદર્શનમાં ગુજરાતે આગવી પહેલ કરી છે. નાગરિકોને આરટીઓ કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને અન્ય પર નિર્ભર ન રહેવું પડે તે માટે વિવિધ ડિજિટલ સેવાઓ થકી પારદર્શી અને પેપરલેસ ગવર્નન્સનું ગુજરાતે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વાહન વ્યવહાર કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ પૈકી અંદાજે ૮૦ ટકા સેવાઓ ઓનલાઈન ફેસલેસ પૂરી પાડવામાં આવશે. તેથી આરટીઓ કચેરી ખાતેની સેવાઓ માટે નાગરિકોની રૂબરૂ મુલાકાતમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે, જેથી સમય-સંસાધનોની બચત થશે તથા સેવાઓ ઝડપથી અને સરળતાથી મળી રહેશે. ભારતમાં સૌપ્રથમ વાહન વ્યવહાર ક્ષેત્રે ફેસલેસ સેવાઓની શરૂઆત ગુજરાત રાજ્યમાં કરવામાં આવી છે. ગુજરાતમાં હાલમાં વાહન વ્યવહાર ક્ષેત્રે મહત્ત્વની કુલ ૭ સેવાઓ નાગરિકો માટે ઘેરબેઠાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

રાજ્યની વાહન વ્યવહાર કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭થી વેબ આધારિત સૉફ્ટવેર વાહન ૪.૦ અને સારથિ ૪.૦ જેવા ઓનલાઇન પોર્ટલનું અમલીકરણ કરીને નાગરિકોને ઘેરબેઠાં જ દસ્તાવેજો અપલોડ કરવાની અને ઓનલાઇન ફી ભરવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમાં, વાહન ૪.૦ પોર્ટલ મારફતે ઇ-એન.ઓ.સી., ઇ-પેમેન્ટ, ઇ-ઑક્શન અને ઇ-ડેટા થકી વાહનનો નોંધણી નંબર, ફી, એપ્રુવલ, ઓનલાઇન અરજીનું સ્ટેટસ તેમજ તેની SMS દ્વારા જાણ જેવી સુવિધાઓ નાગરિકોને મળી રહી છે. જ્યારે સારથિ ૪.૦ની મદદથી ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બની છે.

ગુજરાતમાં લાયસન્સ સંબંધિત વધુ ૧૨ સેવાઓ અને વાહન સંબંધિત ૮ સેવાઓ આધાર E-KYC થકી ફેસલેસ સેવાઓ પૂરી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે, જેથી અરજદારને કચેરી ખાતે આવવાનું રહેશે નહીં.

કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા એન્ફોર્સમેન્ટ માટે 'One Nation One Challan' અંતર્ગત ઇ-ચલણ સૉફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. આ સોફ્ટવેર કેન્દ્ર સરકારના વાહન તથા સારથિ સોફ્ટવેર સાથે ઇન્ટીગ્રેશન થયેલું હોવાથી રાજ્યની કોઈપણ આરટીઓ કચેરીમાં નોંધાયેલું વાહન અને લાયસન્સ સંબંધી માહિતી જાણી શકાય છે. અગાઉ મેમો મેન્યુઅલ ધોરણે આપવામાં આવતો હતો તે હવે Point of Sale (POS) મશીન દ્વારા ઓનલાઇન ઇસ્યુ કરવામાં આવે છે અને સ્થળ પર જ માંડવાળની રકમ પણ ઓનલાઇન જ સ્વીકારવામાં આવે છે.

આ ઉપરાંત, IT બેઝ્ડ સોલ્યુશન થકી દેશમાં સૌપ્રથમ આંતરરાજ્ય બોર્ડર પરથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનોમાં વાહનોનો ઓનલાઇન ટેક્સ અને ઓવરડાયમેન્શન ફી સ્વીકારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેનાથી Ease of Doing Businessમાં વૃદ્ધિ-ટ્રાન્સપોર્ટ સેક્ટરને વધુ ગતિ મળી છે અને આંતરરાજ્ય વાહનો કોઈપણ અડચણ વિના રાજ્યમાં મુસાફરી કરી શકે છે. ●

મહોત્સવ અને સોઇલ હેલ્થકાર્ડ જેવા નવીન કાર્યક્રમો શરૂ કર્યા છે. રાજયના ખેડૂતોને ખેતી માટે જરૂર પડતી ખેતસામગ્રી વિષે માહિતી સમયસર મળી રહે, અદ્યતન કૃષિ વિષયક માહિતી આંગળીનાં ટેરવે ઉપલબ્ધ થઈ શકે, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને ઘરઆંગણે આસાનીથી મળી રહે અને હવામાન અને કૃષિ પેદાશોના જુદાજુદા બજારમાં ચાલી રહેલા બજારભાવો જાણી શકાય તે માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા i- ખેડૂત પોર્ટલ કાર્યાન્વિત છે. ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા માટે વર્ષ ૨૦૧૯થી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના કાર્યરત છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ. ૬ હજાર સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળે છે, જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચૂકવાય છે.

તે પૈકી ૬૨.૩૭ લાખ ખેડૂત પરિવારોને પ્રથમ હપ્તો, ૬૨.૨૩ લાખ ખેડૂત પરિવારોને બીજો હપ્તો, ૬૧.૫૯ લાખ ખેડૂત પરિવારોને ત્રીજો હપ્તો, ૫૮.૬૧ લાખ ખેડૂત પરિવારોને ચોથો હપ્તો, ૫૭.૩૩ લાખ ખેડૂત પરિવારોને પાંચમો હપ્તો, ૫૫.૧૭ લાખ ખેડૂત પરિવારોને છઠ્ઠો હપ્તો, ૫૨.૫૩ લાખ ખેડૂત પરિવારોને સાતમો હપ્તો, ૪૯.૧૯ લાખ ખેડૂત પરિવારોને આઠમો હપ્તો, ૪૫.૨૧ લાખ ખેડૂત પરિવારોને નવમો હપ્તો ૪૨.૮૩ લાખ ખેડૂત પરિવારોને દશમો હપ્તો અને ૨૮.૩૬ લાખ ખેડૂત પરિવારોને અગિયારમો હપ્તો ચૂકવવામાં આવ્યો છે. આ તમામ હપ્તાની રકમ મળી રાજ્યના લાભાર્થી ખેડૂત કુટુંબોને કુલ રૂ. ૧૧,૫૧૦.૦૬ કરોડની તેમનાં બૅન્ક એકાઉન્ટમાં ચુકવણી કરવામાં આવી છે. આમ, સરકારના સતત પ્રયત્નોના કારણે આજે જગતનો તાત સક્ષમ બનીને પોતાના પાકની સારી આવક મેળવી રહ્યો છે અને ડિજિટલી પણ શિક્ષિત થવાથી પોતાની ખેતી માટે બીજા કોઈ પરની નિર્ભરતા ઘટીને દરેક માહિતી મેળવવા માટે આત્મનિર્ભર બન્યો છે. અનેક યોજનાઓના કારણે આજે ખેડૂત ખુશખુશાલ બન્યો છે. ●

### વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ સંમેલન' સંપન્ન

# સુરતનું પ્રાકૃતિક કૃષિ મોડેલ સમગ્ર ભારતનું કૃષિ મોડેલ બનવાની ક્ષમતા ધરાવે છે - વડાપ્રધાનશ્રી





પ્રાકૃતિક ખેતી એ ધરતી અને ગૌમાતા, પર્યાવરણ-પ્રકૃતિની સેવા છે. પ્રાકૃતિક ખેતી થકી જમીનની ગુણવત્તા, તેની ઉત્પાદકતા અને રક્ષણ કરી શકાય છે. સુરતના આંગણે યોજાયેલા 'પ્રાકૃતિક કૃષિ સંમેલન'ને વર્ચ્યુઅલ સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશનો એક વર્ગ માનતો હતો કે, ગામડાઓમાં પરિવર્તન લાવવું સરળ નથી, પરંતુ ડિજિટલ ઇન્ડિયા મિશનની સફળતાએ આ માન્યતાનો છેદ ઉડાડી દીધો છે. આ જ રીતે સુરત જિલ્લાનાં ગામડાઓ અને જાગૃત કિસાનોએ સાબિત કર્યું છે કે, ગામડાઓ માત્ર પરિવર્તન જ લાવી શકતાં નથી, પણ પરિવર્તનનું નેતૃત્વ પણ કરી શકે છે.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી મોદીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત કાળમાં પ્રાકૃતિક કૃષિ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને જીવનશૈલી સહિત અનેકવિધ મોડેલ પર આગવું આયોજન કર્યું છે, જે આવનારા સમયમાં મોટા ફેરફારોનો આધાર બનશે. સૌના સાથ અને સૌના વિકાસની ભાવના સાથે આઝાદીના અમૃત કાળમાં દેશની ગતિ-પ્રગતિનો આધાર 'સૌના પ્રયાસની ભાવના' છે, જે દેશની વિકાસયાત્રાનું નેતૃત્વ કરી રહી છે, એમ વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

સુરત જિલ્લા વહીવટીતંત્રે સુવ્યવસ્થિત આયોજન કરીને પ્રાકૃતિક કૃષિને જન આંદોલન બનાવવા બીડું ઉઠાવ્યું છે એ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે રોલમોડેલ બનવાની ક્ષમતા ધરાવે છે. સુરત જિલ્લાનાં ૬૯૩ ગામોની ૫૫૬ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૪૧,૭૦૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિને અપનાવીને વિષમુક્ત ખેતીના નવા અધ્યાય તરફ ડગ માંડ્યાં છે, ત્યારે હીરા ઉદ્યોગની ચમકથી વિશ્વસ્તરે ઝળહળતું સુરત હવે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રમાં પણ દેશને દિશા ચીંધશે એવો વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો હતો.

સુરતના જાગૃત પ્રશાસકો, જન પ્રતિનિધિઓએ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે સમિતિઓની રચના કરી રૂટ લેવલ પર માઇક્રો પ્લાનિંગ કર્યું, કૃષિ નિષ્ણાતો અને ટ્રેનરોના અવિરત માર્ગદર્શન, તાલીમ અને શ્રેણીબદ્ધ વર્કશોપ યોજી ગામડાઓ ખૂંદ્યાં, જેનું પરિણામ સૌની સામે છે, અને સુરતે એ સાબિત કર્યું કે, લક્ષ્યપ્રાપ્તિ માટે દ્રઢ ઇચ્છાશક્તિ વડે સંકલ્પ કરવામાં આવે તો સફળતા અવશ્ય મળે છે, એમ જણાવી સુરતના તંત્રવાહકોને આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વિશ્વમાં કેમિકલ-ફ્રી કૃષિ ઉત્પાદનોની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી હોવાનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દેશમાં વધુ ને વધુ કિસાનો પ્રાકૃતિક ખેતી પ્રતિ જાગૃત બને એ માટે છેલ્લાં આઠ વર્ષથી કેન્દ્ર સરકાર દ્વારા નિરંતર પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે આ સંદર્ભે ગુજરાતના રાજ્યપાલશ્રીની સરાહના કરતાં કહ્યું કે, આચાર્ય દેવવ્રતજીએ જાતે પ્રાકૃતિક ખેતી કરી તેનાં અદ્દભુત પરિણામોને સામાન્ય કિસાનો સુધી પહોંચાડ્યાં. રાજ્ય સરકારના સહયોગ અને રાજ્યપાલશ્રીના ઉમદા પ્રયાસોથી પ્રાકૃતિક ખેતીની ઝુંબેશ ગામેગામ પહોંચી ચૂકી છે.

વડાપ્રધાનશ્રીએ 'નમામિ ગંગે પ્રોજેક્ટ' સાથે પ્રાકૃતિક કૃષિને સાંકળી છે, પ્રાકૃતિક ખેતી





કરનારા ખેડૂતોને વધુ ભાવો મળી શકે તે માટે નેચરલ ફાર્મિંગ પેદાશોના પ્રમાણીકરણ માટેની સિસ્ટમ પણ બનાવી છે, જેથી વિદેશોમાં સારી કિંમતે કૃષિપેદાશો એક્સપોર્ટ થઈ રહી હોવાનું તેમણે કહ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ સંમેલનને સંબોધતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય દેશભરમાં કૃષિ ક્ષેત્રે રોલ મોડલ બનશે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે કૃષિ અને કિસાનની ઉન્નતિ તેમજ દેશની આર્થિક સમૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આઝાદી બાદ દેશની ખાદ્યાન્નની જરૂરિયાત પૂરી પાડવા હરિત ક્રાન્તિ સ્વરૂપે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ સમયની માંગ હતી. દેશના કૃષિ વૈજ્ઞાનિકોએ આ માટે પ્રશંસનીય કાર્ય કર્યું હતું, જેનાથી દેશ ખાદ્યાન્ન ક્ષેત્ર સ્વાવલંબી બન્યો. પરંતુ હવે રાસાયણિક કૃષિનાં દુષ્પરિણામ સામે આવી રહ્યાં છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે આખું વિશ્વ ગ્લોબલ વૉર્મિંગથી ત્રસ્ત છે. નિષ્ણાતો માની રહ્યા છે કે, ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા પાછળ રાસાયણિક અને ઓર્ગેનિક કૃષિનો ૨૪ ટકા જેટલો ફાળો છે. રાસાયણિક કૃષિના કારણે જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થયાં. ખાતરો અને જંતુનાશકોના અંધાધૂંધ ઉપયોગથી જમીન બંજર બની રહી છે. રાસાયણિક કૃષિથી ઉત્પાદિત દૂષિત આહાર આરોગવાથી લોકો કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગોના ભોગ બની રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિનાં દુષ્પરિણામોથી મુક્તિ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય પ્રાકૃતિક કૃષિ છે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીના સ્થાને હવે પ્રાકૃતિક કૃષિનો વિકલ્પ ઉપલબ્ધ છે, જેથી ગુજરાતનો પ્રત્યેક કિસાન ઝેરમુક્ત ખેતી કરવાનો સંકલ્પ લે. પ્રાકૃતિક ખેતીથી કૃષિખર્ચ ઘટશે, આરોગ્યદાયક ખાદ્યાન્ન મળશે તથા પર્યાવરણની રક્ષા થશે.

આઝાદીના અમૃત વર્ષમાં આપણે ભૂતકાળમાંથી શીખીને સોનેરી ભવિષ્ય માટેનો માર્ગ બનાવવાનો છે, ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પડકારોનો સામનો કરીને દેશને નવા ભવિષ્ય માટે તૈયાર કરવાનો છે, એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આવનારી પેઢીને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય બની છે. સમગ્ર વિશ્વમાં બૅક ટુ બેઝીક એટલે કે કુદરત તરફ પાછા ફરવાની પ્રણાલી શરૂ થઈ છે. અગાઉ જે રોગો ૬૦-૬૫ વર્ષની ઉંમરમાં જોવા મળતા હતા, તે આજે યુવાવસ્થામાં જોવા મળી રહ્યા છે. સમગ્ર વિશ્વ બદલાતી જલવાયુની અસરોને અનુભવી રહ્યું છે. આ સમસ્યાના મૂળમાં રસાયણો દ્વારા પકવેલો આપણો ખોરાક પણ એક કારણ છે. તેની સામે પ્રાકૃતિક કૃષિ અપનાવી, સજ્જ બની કૃષિને ટકાવી રાખવી અનિવાર્ય હોવાનો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.



મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક કૃષિના પિતામહ સ્વરૂપ છે, જેમની પ્રેરણાથી લાખો કિસાનોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાજ્યપાલશ્રી ગુજરાતના ખેડૂતોનું આ વિષયમાં સતત માર્ગદર્શન કરી રહ્યા છે, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને 'પ્રાકૃતિક ખેતીના બ્રાન્ડ એમ્બેસેડર'ની અનોખી ઉપમા આપેલી છે. રાજ્યના ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે એનો સહર્ષ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ આવનાર દિવસોમાં વધુને વધુ ખેડૂતોને વડાપ્રધાનશ્રી અને રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી સાથે જોડાશે અને એક સમયે 'સોને કી ચીડિયા' કહેવાતું ભારત પ્રાકૃતિક ખેતીથી સમૃદ્ધ બનશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે ખેડૂતો વધુમાં વધુમાં આ ખેતી અપનાવે તે માટે ગાયના નિભાવ માટેની સહાય, પ્રાકૃતિક ખેતી બોર્ડની રચના સહિત અનેક પગલાંઓ રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યાં છે. આ અવસરે રાજ્યપાલશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો, સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રિય રેલવે અને ટેક્ષટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, નાણા અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ અને ઊર્જા રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ શ્રી સી.આર.પાટીલ, ખેતીવાડી તથા આત્મા પ્રોજેક્ટના અધિકારી-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ●

### કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની બે દિવસીય ગુજરાત યાત્રા

# ગાંધીનગર-અમદાવાદમાં વરસી વિકાસકાર્યોની હેલી



કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તાજેતરમાં ગુજરાતના બે દિવસીય પ્રવાસે હતા. તેમના આ પ્રવાસ દરમિયાન ગુજરાતની ધરતી અનેક વિકાસકાર્યોની સાક્ષી બની. અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જનકલ્યાણલક્ષી વિવિધ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં ગાંધીનગરમાં શક્તિપીઠ રૂપાલનો વિકાસ, કલોલમાં રેલવે ઓવરબ્રિજ તથા હોસ્પિટલનાં લોકાર્પણ, સાણંદમાં થેલેસેમિયા મુક્ત ગામ અભિયાનનો આરંભ, વન મિલિયન ટ્રી પ્લાન્ટેશન તથા ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને લાભ આપવા જેવા કાર્યોનો સમાવેશ થાય છે.

કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ તથા વાસણ ગામનાં તળાવોના નવીનીકરણ, કલોલ તાલુકાના બે રેલવે ઓવરબ્રિજ તથા વિશ્વ ઉમિયા ધામને જોડતા માર્ગને ફોર ટ્રેક કરવાના કામનું ઈ-ખાતમુહૂર્ત હતું. આ કાર્યો રૂ.૨૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

રૂપાલનું પૌરાણિક માહાત્મ્ય ધરાવતા વરદાયિની માતાજીના મંદિરનો ભારત સરકારે 'પ્રાસાદ યોજના'માં સમાવેશ કર્યો છે, એમ કહીને તેમણે કહ્યું હતું કે, આવનારા સમયમાં રૂપાલનો બેનમૂન વિકાસ થશે. ભારતના નકશામાં વરદાયની માતાજીનું મંદિર મહત્ત્વનું સ્થાન લેશે. ૧૨૦ કિલો ચાંદીથી શ્રી અમિતભાઈ શાહની રજતતુલા કરવામાં આવી હતી. શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, દાતાઓએ ૧૨૦ કિલો ચાંદીનું જે દાન આપ્યું છે તેનાથી રૂપાલમાં આવેલાં જુદાં જુદાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાશે.

શ્રી શાહે કહ્યું હતું કે, 'સ્વચ્છ રૂપાલ અભિયાન' અંતર્ગત રૂપાલ ગામમાં દરરોજ ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન કરવામાં આવી રહ્યું છે. કેન્સર જાગૃતિ માટે પણ આ વિસ્તારમાં સારા પ્રયત્નો થઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લાનું બિલેશ્વર ગામ આદર્શ ગામ તરીકે સમગ્ર દેશમાં સૌથી પ્રથમ ક્રમે છે. આ માટે તેમણે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન આપ્યા હતા.



ગાંધીનગર જિલ્લાના સાત ગામોને સ્વચ્છતા માટે રૂપિયા ૭૦ લાખનાં વાહનો આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સાસંદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શ્રી શંભુજી ઠાકોર, અરિવંદભાઈ પટેલ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ-મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ફાટકમુક્ત ગુજરાત અભિયાનને વેગ આપતાં કેન્દ્રિય મંત્રી

રાજ્ય અને કેન્દ્રની ભાગીદારીથી દેશના રેલવે ક્રોસીંગને ફાટક રહિત બનાવવાની કામગીરી ચાલી રહી છે, તેના ભાગરૂપે તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ અને ગાંધીનગરમાં રૂ. 33 કરોડના ખર્ચે તૈયાર થયેલાં પાંચ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે, મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગોતા ખાતે મિશન વન મિલિનય ટ્રી અભિયાનનો આરંભ કરાવ્યો હતો. જેમાં ચાંદલોડિયા ઓવરબ્રીજ અને અન્ય એક ઓવરબ્રીજના  લોકાર્પણ સહિત ત્રણ બ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કાર્યો પૂર્ણ થતાં નાગરિકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે.

આ ઉપરાંત, શ્રી અમિતભાઈ શાહે ચાંદલોડિયા સ્ટેશન ભાગ- બી ખાતે યાત્રિકોની સુવિધામાં વધારો કરતા પ્રકલ્પોને જનસમર્પિત કર્યા હતા. ત્યારબાદ રાજ્યને ફાટકમુક્ત બનાવવા તરફના મહત્ત્વના પગલા સમાન અંડરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે, રૂ. 2 કરોડના ખર્ચે સાબરમતી રેલવે સ્ટેશન પર લેડિઝ તથા જેન્ટ્સ વેઈટિંગ રૂમ અને એ.સી. વેઈટિંગ રૂમ સહિત ત્રણ નવા વેઈટિંગ રૂમનું લોકાર્પણ કર્યું હતું. તો, રૂ. 4 કરોડના ખર્ચે સાબરમતી રેલવે સ્ટેશનના અમદાવાદ છેડે નવા ફુટઓવર બ્રિજનું લોકાર્પણ તેમજ રૂ. 18 કરોડના ખર્ચે સાબરમતીથી ખોડિયાર લાઈન પર ચાર રેલવે અન્ડર બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું.



### શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરને આપેલી વિકાસ ભેટ

કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરને રૂ.210 કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપી હતી. તેમાં રૂ.૬ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન થનાર રૂપાલ ગામના તળાવનું ખાતમુહૂર્ત, કલોલ-પાનસર રસ્તા ઉપર અને ગાંધીનગર-વાવોલ- છત્રાલ રોડ પરના રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર બે રેલવે ઓવરબ્રીજનું ખાતમુહૂર્ત, રૂ.૧૭ લાખના ખર્ચે વિશ્વ ઉમિયાધામ રોડને ચાર માર્ગીય કરવાના કામનું ખાતમુહૂર્ત, ગાંધીનગર ખાતે રૂ.૮૬ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી કર્મયોગીઓ માટેના ચન્દ્રશેખર આઝાદ નગરના ૨૮૦ આવાસોનું અને તારાપુર ખાતે રૂ. ૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા છ- માર્ગીય ફલાય ઓવર અને રૂપિયા ૫૦ લાખના ખર્ચે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ સંકુલમાં નવનિર્મિત સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ, વાસણ ગામના નવીનીકરણ થનાર તળાવના પણ ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ અગાઉ રેલવે ટિકિટના બુકીંગ માટે સાબરમતી અથવા કાલુપુર જવું પડતું હતું. આ સમસ્યાના સમાધાન માટે રૂ.25 લાખથી વધુના ખર્ચે નિર્મિત રેલવે ટિકિટ બુકિંગ ઓફિસનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું છે. હવે ચાંદલોડિયાથી કન્યાકુમારી અને કાશ્મીરની ટિકિટ બુક થઈ શકશે.

આ અવસરે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, સર્વે ધારાસભ્યશ્રીઓ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર તેમજ રેલવેના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત અન્ય લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાણંદના મોડાસરથી થેલેસેમિયામુક્ત અભિયાનનો આરંભ કરાવતા ગૃહમંત્રી

છેલ્લાં ૨૦ વર્ષથી અગ્રેસર ગુજરાત આવનારા સમયમાં પણ અગ્રેસર રહે તેવું આયોજન ડબલ એન્જિનની સરકારના કાર્યકાળમાં થઈ રહ્યું છે. ગુજરાતનો વિકાસ ઉત્તરોત્તર થઈ રહ્યો છે અને અવિરત આગળ વધતો જ રહેવાનો છે, તેમ કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે સાણંદના મોડાસરથી ‘સ્મોક ફ્રી વિલેજ’ અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં રાંધણ ગૅસ કિટનું વિતરણ કરતાં જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી શાહે થેલેસેમિયા મુક્ત ગુજરાત અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો અને મોડાસરના પૌરાણિક બાણગંગા તળાવના નવનિર્માણ અને બ્યુટિફિકેશનના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. સ્મોક ફ્રી વિલેજ

યોજના હેઠળ સાણંદ અને બાવળાના કુલ 4883 પરિવારોને વિનામૂલ્યે ગૅસ કનેક્શન આપવામાં આવશે.

રેડક્રૉસ સંસ્થાએ સાણંદ અને બાવળા તાલુકાઓમાં થેલેસેમિયા નાબૂદી અભિયાન શરૂ કર્યું છે. રેડક્રૉસના આ પ્રોજેક્ટ અંતર્ગત 12,000 જેટલી સગર્ભા મહિલાઓનું પરીક્ષણ કરવામાં આવશે. મહિલા થેલેસેમિયા માઇનર હોય તો તેમના પતિનું પણ થેલેસેમિયા પરીક્ષણ કરાશે અને જરૂર પડ્યે ગર્ભસ્થ શિશુની પણ તપાસ કરીને કોઈ પણ રીતે થેલેસેમિયા પીડિત બાળકનો જન્મ અટકાવાશે. એક અંદાજ મુજબ સઘન પરીક્ષણને કારણે અંદાજે 50 જેટલા થેલેસેમિયા મેજર બાળકોનો જન્મ અટકાવી શકાશે જે એક મોટી સિદ્ધિ હશે.

આ જ રીતે 500 વર્ષ જૂના ઐતિહાસિક મહાદેવ મંદિર સંકુલમાં આવેલા બાણગંગા તળાવનું રૂ.11 કરોડનાં ખર્ચે નવનિર્માણ અને બ્યુટિફિકેશન કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં પાણીના તળ ઊંચાં આવશે તથા સ્થાનિક નાગરિકોની રોજગારીમાં વધારો થશે. આ અવસરે સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, ધારાસભ્યો સર્વ શ્રી બાબુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધનજીભાઈ પટેલ તથા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## કલોલમાં ૭૫૦ બેડની અત્યાધુનિક હૉસ્પિટલ બનશે

શ્રી સ્વામીનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ-કલોલના ઉપક્રમે નવનિર્મિત સ્વામીનારાયણ યુનિવર્સિટીનું લોકાર્પણ તેમજ નિર્માણાધીન ૭૫૦ બેડની પ્રેમસ્વરૂપ સ્વામી મલ્ટી-સ્પેશ્યાલિટી (PSM) હૉસ્પિટલનો શિલાન્યાસ સમારોહ તાજેતરમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભારતમાં ધર્મની સાથે-સાથે શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને વ્યસન મુક્તિ જેવાં અનેક ક્ષેત્રે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાય સહિત અનેકવિધ સેવાભાવી સંસ્થાઓનું વ્યક્તિ, સમાજ અને દેશના ઘડતરમાં અનેરું યોગદાન રહેલું છે. ભગવાન શ્રી સ્વામીનારાયણે છપૈયામાં જન્મ લઈને નીલકંઠનું બાળ સ્વરૂપ ધારણ કરીને ભારતભ્રમણ દરમિયાન ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર અને આધ્યાત્મિક ક્ષેત્રે સેવાની સરવાણી પ્રસરાવી હતી જે સ્વામીનારાયણ સંપ્રદાય આજે વટવૃક્ષ બનીને વિવિધ સ્વરૂપે સમાજ ઘડતરનું ઉમદા કામ કરી રહ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજીના આશીર્વચનથી આગામી સમયમાં ૭૫૦ બેડની આ મલ્ટી-સ્પેશ્યાલિટી હૉસ્પિટલ કાર્યરત થવાથી ઉત્તર ગુજરાત અને રાજસ્થાન સુધીના સામાન્ય નાગરિકોને ઉત્તમ સારવાર ઉપલબ્ધ થશે.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આરોગ્ય, કેળવણી, સંસ્કાર અને આધ્યાત્મિક ક્ષેત્રે સ્વામીનારાયણ ગુરુકુળ ખૂબ જ ઉમદા કાર્ય કરી રહ્યું છે. ગુજરાતના વિકાસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનું ખૂબ મોટું પ્રદાન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના યુવાનો શિક્ષણના માધ્યમ થકી વિશ્વ સાથે સ્પર્ધા કરી શકે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત, શ્રી અમિતભાઈ શાહ સહિત સંતો અને મહાનુભાવોના હસ્તે યુનિવર્સિટીની નવી વેબસાઇટનું લૉન્ચિંગ કરવામાં આવ્યું હતું. ●





# શ્રી જગન્નાથજીની રથયાત્રાનું CM ડેશબોર્ડના માધ્યમથી નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી

અમદાવાદ મહાનગરની ૧૪૫મી શ્રી જગન્નાથ રથયાત્રા સહિત રાજ્યનાં નગરોમાં અષાઢી બીજે નીકળેલી રથયાત્રાઓનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સી.એમ. ડૅશબોર્ડના માધ્યમથી તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના શ્રી જગન્નાથ મંદિરેથી વહેલી સવારે પહિંદ વિધિ કરીને ભગવાનના રથને નગરચર્યાએ પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યાર બાદ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને તેમણે સી.એમ. ડૅશબોર્ડની વીડિયો વૉલ પર આ યાત્રાનું થઈ રહેલું રિયલ ટાઇમ મોનિટરિંગ રસપૂર્વક નિહાળ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી જગન્નાથજી, ભાઈ શ્રી બલભદ્ર અને બહેન શ્રી સુભદ્રાજીના રથ, ભાવિક ભક્તોની પદયાત્રા તથા યાત્રા રૂટ પર પોલીસ પૅટ્રોલિંગ, બંદોબસ્તની ગતિવિધિઓ ઝીણવટપૂર્વક નિહાળી હતી. આ વર્ષની રથયાત્રામાં રાજ્યના ગૃહ વિભાગે પ્રથમ વાર ડ્રોન ટૅકનૉલૉજી દ્વારા ૬૫ મીટર જેટલી ઊંચાઈએથી યાત્રા પર બાજ નજર રાખવાનો જે સફળ પ્રયોગ કર્યો છે, તે પણ મુખ્યમંત્રીશ્રીએ ઊંડાણપૂર્વક જોયો હતો. હેલિકોપ્ટર અને ડ્રોનથી રથયાત્રાની થઈ રહેલી સુરક્ષાની તેમણે સરાહના કરી હતી.

ગુજરાત પોલીસના જે જવાનો - કર્મચારીઓ અમદાવાદની આ રથયાત્રામાં સંવેદનશીલ સ્થળો-પોઇન્ટ પર તૈનાત છે તેમને પણ પહેલી વાર ૨૫૦૦ જેટલા બૉડીવોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવેલા છે, તેની ગતિવિધિઓ પણ મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી. અમદાવાદ શહેર પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા ૧૦૦થી વધુ પોઇન્ટ્સ પર કેમેરા ગોઠવીને રથયાત્રાની પળે-પળનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પાસેથી આ વેળાએ જાણી હતી. તેમણે આ વર્ષની રથયાત્રામાં અખાડા-ભજન મંડળીઓ તથા ટ્રક અને યાત્રામાં સામેલ વાહનોનું રિયલ ટાઇમ મોનિટરિંગ જી.પી.એસ. સિસ્ટમથી થઈ રહ્યું છે તે પણ ડૅશબોર્ડની વીડિયોવૉલ પર જોયું હતું.



સમગ્ર યાત્રાનું ૪૬ ફિક્સ્ડ લૉકેશન સહિત અન્ય મુવિંગ, વ્હિકલ માઉન્ટેડ કેમેરા અને હાઈ રિઝૉલ્યુશન સી.સી.ટી.વી. કેમેરાથી જે સતત મોનિટરિંગ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ ઉપરાંત ડાકોર, મહેમદાવાદમાં જે રથયાત્રા યોજાઈ છે તેનું પણ જીવંત પ્રસારણ અને કંટ્રોલરૂમ મોનિટરિંગ સી.એમ. ડૅશબોર્ડ પરથી નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રથયાત્રાના માર્ગમાં આવતા ધાબા પોઇન્ટ, વ્યૂહાત્મક પોલીસ પોઇન્ટ અને બંદોબસ્તમાં જોડાયેલા કર્મીઓ-અધિકારીઓને મોબાઇલ વૉટ્સએપથી જોડીને યાત્રા દરમિયાન કૉમ્યુનિકેશન સુદૃઢ અને સરળ બનાવાયું છે તેમજ વી.એચ.એફ. વૉકી-ટૉકીથી ૧૬ ચેનલ પર સંદેશાવ્યવહાર પદ્ધતિ આ વર્ષે ગોઠવવામાં આવી છે તેની વિગતો જાણી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર તેમજ પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા પણ આ નિરીક્ષણમાં જોડાયા હતા. ●

### વંદે ગુજરાત વિકાસયાત્રા અંતર્ગત ૧૫ દિવસમાં ૨૫ હજાર વિકાસકાર્યો થશે

# છેલ્લાં ૨૦ વર્ષમાં થયેલા વિકાસ અને વિશ્વાસનું ગામે-ગામે અભિવાદન



ગુજરાતના નાગરિકોએ વિકાસની રાજનીતિ માટે પસંદ કરેલા માર્ગને ૨૦ વર્ષ પૂર્ણ થયાં છે. વર્તમાન રાજ્ય સરકારે પ્રજાની આશા-આકાંક્ષાને પરિપૂર્ણ કરવા માટે યોજનાઓનું સફળ અમલીકરણ કરીને જ્યાં માનવી, ત્યાં સુવિધાના મંત્રને સાકાર કર્યો છે. રાજ્યનાં તમામ વિસ્તાર-તમામ વર્ગ અને તમામ સમાજના સર્વાંગી વિકાસ માટેની કટિબદ્ધતાનું પરિણામ છે કે આજે ગુજરાત મોડેલની ચર્ચા દેશ-પરદેશમાં થાય છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતને મળેલા પ્રજાવત્સલ શાસકોના કારણે પ્રજાની સમસ્યાઓ દૂર થઈ છે અને આર્થિક ક્ષેત્રે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

છેલ્લાં આઠ વર્ષમાં કેન્દ્ર સરકારના સક્રિય સહકારથી ગુજરાતના વિકાસને મોરપિચ્છ સમાન વિકાસકાર્યો થયાં છે. આજે નિઃશંકપણે કહી શકાય કે, ગુજરાતે વિકાસની રાજનીતિ પસંદ કરીને પોતાના ભાગ્યને બદલી દીધું છે. છેલ્લાં ૨૦ વર્ષથી પ્રજાએ મૂકેલા વિશ્વાસનું અભિવાદન કરવા તથા રાજ્યમાં વિકાસની નવી ઊંચાઈ સ્થાપિત કરવા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ૨૦ વર્ષનો વિકાસ અને ૨૦ વર્ષનો વિશ્વાસ એ બેય શબ્દો એકબીજાના પર્યાય બની ગયા છે તે ગુજરાતે સિદ્ધ કરી બતાવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની અવિરત વિકાસ યાત્રાના બે-અઢી દાયકા પહેલાં રોપેલાં બીજથી આજે ગુજરાત વિકાસનું રોલ મોડેલ-દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે અને ગુજરાત પણ તેજ ગતિથી અગ્રેસર રહ્યું છે. લોકોએ આપણામાં મૂકેલો વિશ્વાસ વિકાસ સ્વરૂપે આપણે પરત આપ્યો છે, એમ મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું. રાજ્યમાં પાછલા બે દશકમાં થયેલાં જનહિત કામો, લોકકલ્યાણ યોજનાઓ અને વિકાસની ગાથા પ્રજાજનો સુધી પહોંચાડવા વંદે ગુજરાત વિકાસ યાત્રા રાજ્યભરમાં યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં જિલ્લા કક્ષાએ મંત્રીમંડળના સભ્યો સહિત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ યાત્રાનો શુભારંભ થયો છે. ૮૨ વંદે ગુજરાત વિકાસ રથ સાથે તા. ૫ થી ૧૯ જુલાઈ-૨૦૨૨ દરમિયાન યોજાનારી આ યાત્રા રાજ્યના ૩૩ જિલ્લાઓ, ૮ મહાનગરપાલિકાઓ અને તમામ ગામડાં-વૉર્ડમાં પરિભ્રમણ કરશે. તે અંતર્ગત રાજ્યભરમાં ૨૫૦૦થી વધુ કાર્યક્રમો યોજાશે અને ૨૫ હજારથી વધુ નવાં વિકાસ કાર્યોની ઘોષણા અને લોકાર્પણ કરાશે.

આ યાત્રાના આરંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું



હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો વિકાસનો સેવાયજ્ઞ તેમના માર્ગદર્શન હેઠળ આવનારાં વર્ષોમાં પણ ચાલતો રહેશે. આવી અનેકવિધ યોજનાઓથી જન-જન સુધી સરકાર પહોંચી રહી છે ત્યારે આ 'વંદે વિકાસ યાત્રા' રાજ્યના નિરંતર વિકાસમાં એક નવો આયામ ઉમેરશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આઝાદીના જંગમાં આગેવાની લેનારું ગુજરાત આજે દેશના ગ્રોથ એન્જિન તરીકે વિકાસની આગેવાની લઈ રહ્યું છે.

- **રાજ્યમાં તા. ૫ થી ૧૯ જુલાઈ સુધી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'**
- **૮૨ વિકાસ રથ સાથે ભ્રમણ કરશે – ૨૫૦૦થી વધુ કાર્યક્રમો યોજાશે**
- **૮ મહાનગરપાલિકાઓ તથા ૩૩ જિલ્લાના તાલુકા અને ગ્રામીણ સ્તરે રથ ફરશે**

'કહ્યું એ કર્યું'ના કાર્યમંત્ર સાથે આપણા વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો નવો જ અધ્યાય દેશમાં રચ્યો છે. એટલું જ નહીં, ગુજરાત વર્લ્ડકલાસ બન્યું છે. આજે ૨૦ વર્ષમાં ગુજરાતની કાયાપલટ થઈ ગઈ છે તેનું સંપૂર્ણ શ્રેય શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત આજે ડબલ એન્જિન સરકારના બેવડા લાભથી સુશાસન અને વિકાસના પર્યાય તરીકે આખા વિશ્વમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. શ્રી નરેન્દ્રભાઈએ સર્વાંગી વિકાસના મૂળ આધાર એવા શિક્ષણ, સ્વાસ્થ્ય અને સલામતિને જન-જન સુધી પહોંચાડ્યાં છે. તેમણે દરેક ક્ષેત્રે પાયાથી માંડીને ઊંચી ઈમારત સુધીનું કામ કર્યું છે. આજે જે વિકાસ થઈ રહ્યો છે તેને જોવા દેશ વિદેશથી લોકો આવી રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતમાં આમૂલ પરિવર્તન આવ્યું હોવાનો ઉલ્લેખ કરીને તેમણે ઉમેર્યું હતું કે, ડ્રોપ આઉટ રેશિયો ૩૭% થી ઘટી ૩% સુધી પહોંચ્યો છે. તેની સાથે સાક્ષરતા દર પણ ઊંચો આવ્યો છે. દીકરીઓ માટે અલગ શૌચાલય બનાવ્યાં છે, તો જેને આગળ ભણવું હોય તેમને માટે વ્યવસ્થા પણ કરી છે. ૨૦ વર્ષ પહેલાં ગુજરાતમાં ૨૧ યુનિવર્સિટીઓ હતી, આજે ૧૦૨ છે. માત્ર ૨૬ એન્જિનિયરિંગ કૉલેજો આખા ગુજરાતમાં બે દાયકા પહેલાં હતી, આજે ૧૩૩ એન્જિનિયરિંગ કૉલેજો છે. મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માત્ર ૧,૩૭૫ સીટ હતી, આજે ગુજરાતમાં ૫,૭૦૦ વિદ્યાર્થીઓ પ્રતિ વર્ષ ગુજરાતમાં જ મેડિકલમાં પ્રવેશ મેળવી રહ્યા છે.



રાજ્યમાં હાથ ધરાયેલી વિકાસની ગાથાનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં આદિજાતિઓ, મહિલાઓ, યુવાઓ, ગ્રામીણ ગરીબો સૌનું સશક્તીકરણ થયું છે. ગુજરાતે દરેક ક્ષેત્રે પ્રગતિ સાધી હોવાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજના દરેક વર્ગને ધ્યાનમાં રાખીને જન જન પ્રત્યેની સંવેદના અને સર્વના સર્વાંગી વિકાસની વિભાવના સાથે સરકારે નિર્ણયો કર્યા છે, અને લોકો સુધી તેના લાભો પહોંચાડ્યા છે. આજે એનું સરવૈયું લોકો સમક્ષ મુકવાનો અવસર એટલે 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કડક કાયદા ઘડી કડક અમલ કરાયો છે, જેને લીધે રાજ્યમાં શાંતિ છે. કોમી તોફાન ભૂતકાળ બન્યો છે. બોડી વોર્ન કેમેરા જેવા આયામો સાથે શાંતિ-સુરક્ષા વધુ મજબૂત બનાવી છે. સ્ટાર્ટ અપ રૅન્કિંગમાં ગુજરાત પ્રથમ છે. એમ.એસ.એમ.ઇ, ઔદ્યોગિક ઉત્પાદન વગેરે ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. વિકાસની સાથે સાથે ગુજરાત પ્રવાસન માટે પણ સ્ટૅચ્યુ ઑફ યુનિટી સહિત યાત્રા-ધામો, ઉત્સવોથી બેસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની આ અવિરત વિકાસયાત્રા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સૌને સાથે લઈ વધુ નવી ઊંચાઈએ લઈ જવા પણ આ તકે પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તેના ભાગરૂપે 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નું આયોજન કરાયું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની ગાથાને આજે વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. શ્રી પંકજ કુમારે રાજ્યના વિકાસની રૂપરેખા આપતાં જણાવ્યું કે, આજે ગુજરાત એ દેશમાં તમામ ક્ષેત્રે અવ્વલ સ્થાને છે. ઇન્ફ્રાસ્ટ્રકચર અને ઉદ્યોગોમાં પણ દેશમાં ગુજરાત સર્વોપરી છે. રોજગારી ઉત્પન્ન કરવામાં પણ ગુજરાત દેશમાં ટોચ પર છે. આરોગ્ય ક્ષેત્ર હોય કે શિક્ષણનું ક્ષેત્ર, તમામ ક્ષેત્રે ગુજરાત ઉત્કૃષ્ઠ કામગીરી કરી રહ્યું છે.

'વંદે ગુજરાત વિકાસ યાત્રા'ના રાજ્યસ્તરીય શુભારંભના પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટ પરમાર, સાંસદ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ, મ્યુનિ. કમિશનર શ્રી લોચન સહેરા, રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ, મ્યુનિ. કોર્પોરેશન પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

**ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલાં વિકાસકાર્યો અને જનહિતલક્ષી નિર્ણયોને કારણે રાજ્યની જનતાની સુખાકારીમાં વધારો થયો છે. આ સાથે, ગુજરાતની ઓળખ મોડેલ સ્ટેટ તરીકે થવા લાગી છે. છેલ્લા 20 વર્ષમાં થયેલા વિકાસકાર્યોનું અભિવાદન કરવા તથા આગામી દિવસોમાં થનારા વિકાસને પોંખવા માટે વંદે ગુજરાત વિકાસયાત્રાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રા સમગ્ર રાજ્યમાં ગામે-ગામમાંથી પસાર થશે. આ યાત્રાની વિગતો અત્રે પ્રસ્તુત છે...**



**કચ્છ :** 'વંદે ગુજરાત વિકાસયાત્રા'નો કચ્છ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ વિધાનસભા અધ્યક્ષા શ્રી ડૉ.નીમાબહેન આચાર્યની અધ્યક્ષતામાં ભુજના માધાપર ગામે યોજાયો હતો. ડૉ.આચાર્યે 'વંદે ગુજરાત' કાર્યક્રમ અન્વયે સરકારી યોજનાઓ જાણવા અને તેનો લાભ લેવા સૌને અપીલ કરી હતી. આ તકે વિવિધ યોજનાના લાભોના મંજૂરી હુકમપત્રો અને સહાય ચેકનું લાભાર્થીઓને વિતરણ કરાયું હતું.

**વડોદરા :** મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ વડોદરાના પોર ગામે બે દાયકાના યશસ્વી અને અભૂતપૂર્વ વિકાસની ઝાંખી કરાવતી વંદે ગુજરાત વિકાસ યાત્રાને પ્રસ્થાન કરાવવાની સાથે ડબલ એન્જિન સરકાર દ્વારા આપવામાં આવી રહેલા અઢળક લાભો અને યોજનાઓની વિગતવાર જાણકારી આપી હતી. આ સાથે લાભાર્થીઓને રાષ્ટ્રીય બચત યોજનાના બચતપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ પોર અને આસપાસનાં ગામોને લાભ આપનારા અંદાજે રૂ.૨૫ લાખથી વધુ રકમનાં વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.





**અરવલ્લી :** અરવલ્લીમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નો પ્રારંભ શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ મોડાસામાં કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર અને વિવિધ કામગીરીમાં સારા કામ કરનાર લોકોને પ્રોત્સાહન પ્રમાણપત્ર આપવામાં આવ્યાં. વિકાસયાત્રા દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લામાં રૂપિયા ૧૪ કરોડથી વધુના ખર્ચે ૯૨૦ જેટલાં વિકાસકામોનું લોકાર્પણ કરાશે. યાત્રા દરમિયાન રૂ. ૧૬ કરોડથી વધુના ખર્ચે ૧૧૦૦ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.



**મહેસાણા :** મહેસાણાના જોરણંગ ગામથી વંદે ગુજરાત વિકાસ યાત્રાનો પ્રારંભ કરાવતાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરેલાં કાર્યો થકી ગુજરાતે વિશ્વ ગુરુ બનવાની પહેલ કરી છે. વંદે ગુજરાત વિકાસ યાત્રા માત્ર યાત્રા નથી, પરંતુ રાજ્યમાં ૨૦ વર્ષના શાસનપર જનતાએ મૂકેલો ભરોસો છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સ્ટેજ પરથી લાભનું વિતરણ કરાયું હતું.

**રાજકોટ :** રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડથી 'વંદે ગુજરાત વિકાસયાત્રા'નું પ્રસ્થાન કરાવતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ લેવાયેલા ક્રાન્તિકારી નિર્ણયોને કારણે ગુજરાત આજે સિદ્ધિઓના શિખરે પહોંચ્યું છે. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લાનાં વિકાસકામોનું ડિજિટલી



લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ મહાનુભાવોના વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ચેક વિતરણ, આવાસોની ચાવી અને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ભરૂચ :** વંદે ગુજરાત વિકાસયાત્રા અંતર્ગત ભરૂચમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારમાં નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જિલ્લામાં રૂ.૧૦૧.૨૫ લાખના વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ તથા રૂ.૧૨૮ લાખનાં કામોનું ઈ



-ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત અંકલેશ્વર તાલુકાના રૂ.૭૬ લાખનાં વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ તથા રૂ.૨૫.૫૦ લાખનાં કામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે મંત્રીશ્રીએ વિકાસરથને પ્રસ્થાન કરાવ્યું હતું.



**સુરેન્દ્રનગર :** સુરેન્દ્રનગર જિલ્લામાં કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા તેમજ વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ ચૂડા તાલુકાના મોજીદડ ગામેથી વંદે ગુજરાત વિકાસયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ ઉપરાંત, અન્ય બે રથોને પણ લખતર તાલુકાના લખતર અને લીંબડી તાલુકાનાં પાણશીણા ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

**નવસારી :** નવસારી જિલ્લામાં ચિખલી તાલુકાના દેગામ ખાતે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ દ્વારા 'વંદે



ગુજરાત વિકાસ યાત્રા' રથનું સ્વાગત કરાયું હતું. દેગામ ગ્રામ પંચાયતના વિસ્તારમાં રૂપિયા ૨૦.૪૯ લાખના ખર્ચે તૈયાર થયેલા ૮ જેટલાં વિકાસ કામોનું લોકાર્પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે રૂ.૧૧ લાખના ખર્ચે આગામી સમયમાં તૈયાર થનારાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

**દાહોદ :** સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે દાહોદથી વંદે ગુજરાત વિકાસ યાત્રાને પ્રસ્થાન



કરાવ્યું હતું. આ યાત્રાના પ્રથમ દિવસે મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે દાહોદનાં રૂ. ૪૩૩.૬૪ લાખના ખર્ચે સંપન્ન ૧૭૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું તેમજ માર્ગ મકાન વિભાગના રૂ. ૨૧.૩૧ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલા ૧૦૯.૫૪ કિ.મી.ના ૫૭ રસ્તાઓનાં કામોને પણ જનસમર્પિત કર્યાં હતાં. મંત્રીશ્રી પરમારે જિલ્લામાં રૂ. ૨૫૦.૭૮ લાખના ખર્ચે પૂર્ણ થનારાં નવાં ૯૭ વિકાસ કાર્યોનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

**ખેડા :** ખેડામાં મહેમદાવાદથી કેન્દ્રિય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથને પ્રસ્થાન કરાવ્યું હતું. ખેડા જિલ્લામાં પણ ત્રણ રથો ગામડે-ગામડે



પરિભ્રમણ કરીને ખેડા જિલ્લા સહિત રાજ્યના છેલ્લા બે દાયકાના વિકાસની ઝાંખી કરાવશે. આ પ્રસંગે મહેમદાવાદ નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ ૮૦૪ કુટુંબને લાભ મેળવ્યાની અને ૨૬૦ આવાસનું બાંધકામ પૂર્ણ કરવાની તથા ખેડા જિલ્લાના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને જાહેરાત કરવામાં આવનાર વિકાસકાર્યોની વિગત આપવામાં આવી હતી.

**ગાંધીનગર :** ગાંધીનગર ગ્રામીણ કક્ષાએ વંદે ગુજરાત વિકાસ યાત્રાનો આરંભ ચિલોડાથી ઉદ્યોગ અને સહકાર રાજ્ય મંત્રી



શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ ગ્રામજનો સાથે સીધી વાત કરી તેમના પ્રતિભાવ જાણ્યા હતા. મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગરના રૂપિયા ૯૦ લાખથી વધુનાં ૬૩ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ- ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાની ૧૧ કિટોનું વિતરણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને રૂપિયા ૧.૨૦ લાખની રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ પી.એમ.જે.વાય. યોજનાના ત્રણ લાભાર્થીઓને કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**મોરબી :** મોરબીના વંદે ગુજરાત વિકાસયાત્રા રથને શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ પ્રસ્થાન કરાવ્યું હતું. મોરબી જિલ્લામાં બે વિકાસયાત્રા રથ ગામે ગામ ફરશે, જે હેઠળ ૫૬ જેટલા કાર્યક્રમો થકી ૧.૫ કરોડ જેટલી રકમના ખાતમુહૂર્ત કરવામાં આવશે તેમજ વિવિધ વિકાસ કામોનાં લોકાર્પણ કરાશે. મંત્રીશ્રીના હસ્તે મુખ્યમંત્રી શહેરી બસ સેવા હેઠળ મોરબી નગરપાલિકા વિસ્તારમાં CNG બસ સર્વિસના પ્રારંભ માટે ૧૬ મીની સીટીબસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મોરબી નગરપાલિકાના હદ વિસ્તારમાં આઈ.સી.ડી.એસ. વિભાગ અન્વયે રૂ. ૧.૧૪ કરોડના ખર્ચે જુદી-જુદી ૧૬ જગ્યાઓએ નવી આંગણવાડીનું ઈ- ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.





**નર્મદા :** નર્મદા જિલ્લાના માંગરોલ ગામે “વંદે ગુજરાત વિકાસયાત્રા” રથની સાથે વન વિભાગના વૃક્ષરથને પાણી પુરવઠાના રાજ્ય મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે PMJAY-મા યોજના તેમજ અન્ય યોજનાના લાભાર્થીઓને પ્રતીકાત્મક લાભોનું વિતરણ કરાયું હતું.

**વડોદરા :** વડોદરા શહેરમાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો પ્રારંભ મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષથી



કરાવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રજાનાં કલ્યાણ, ઉત્થાન અને ઉત્કર્ષ માટે છેલ્લાં ૨૦ વર્ષમાં સરકારે જે નિર્ણયો લીધા છે અને કામો કર્યાં છે, તે તમામને આ રથમાં લગાવેલી LED સ્ક્રીન દ્વારા જન-જન સુધી પહોંચાડવામાં આવી રહ્યાં છે. આ કાર્યક્રમના અંતે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે લાભો એનાયત કરવામાં આવ્યા હતા.

**સુરત :** કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના માસમા ગામથી સુરત જિલ્લાની ‘વંદે ગુજરાત વિકાસયાત્રા’ના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. સુરત જિલ્લામાં પણ બે રથો ગામડે-ગામડે પરિભ્રમણ કરીને સુરત જિલ્લા સહિત રાજ્યના છેલ્લા બે



દાયકાના વિકાસની ઝાંખી કરાવશે. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ લાભાર્થી ભાઈઓ-બહેનો સાથે સંવાદ સાધતા રાજ્ય-કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રેરણા આપી હતી.

**મહીસાગર :** મહીસાગરમાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી નિમિષાબહેન સુથારની ઉપસ્થિતિમાં લુણાવાડાથી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નો



પ્રારંભ થયો હતો. 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' અંતર્ગત રૂ. ૯૨૦ લાખનાં ૬૫૬ કામોનું લોકાર્પણ કરાશે અને રૂા.૧૦૨૦.૪૪ લાખના ૧૦૭૨ નવીન વિકાસકામોની જાહેરાત કરાશે. સાથે જિલ્લાના ૧૦૬૧૫૧ લાભાર્થીઓને વિવિધ લાભ આપવામાં આવશે.

**પાટણ :** પાટણ એ.પી.એમ.સી.થી વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથને પરિવહન મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ પ્રસ્થાન કરાવ્યું હતું. પાટણમાં વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત રૂ. ૨૧.૮૯ કરોડનાં ૪૩૨ વિકાસ



કામોનું લોકાર્પણ તેમજ રૂ.૧૨.૧૬ કરોડનાં ૫૭૭ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

**બનાસકાંઠા :** બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ચંડીસરથી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો પ્રારંભ કરાવવા સાથે ખેડૂતોને પાક સંરક્ષણ સાધનોના



મંજૂરીપત્રો, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાની લાભાર્થી બહેનોને કિટ, સો ટકા વેક્સિનેશન કરનાર ચંડીસરના સરપંચનું સન્માન કરાયું હતું.

**સાબરકાંઠા :** સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં હિંમતનગરથી ગુજરાત વિકાસ યાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું



હતું કે, આ વંદે ગુજરાત વિકાસ યાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપણાની મિશાલ છે. વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલા વિકાસની રાજનીતિનાં ફળ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યાં છે.

**છોટાઉદેપુર :** છોટાઉદેપુરના સંખેડાથી અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે વંદે ગુજરાત વિકાસયાત્રાનો પ્રારંભ કરાવતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસાનકાળમાં વિકાસના કામો કરવા માટે પૈસાની કોઇ અછત નથી.



વીસ વર્ષ પહેલાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસયાત્રા આજે વટવૃક્ષ બની ફૂલીફાલી રહી છે, એમ કહી તેમણે રાજય સરકાર દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં કરવામાં આવેલાં વિકાસકાર્યોની વિસ્તૃત છણાવટ કરી હતી.

**બોટાદ :** બોટાદના બરવાળા તાલુકાના જૂના નાવડા ગામેથી સામાજિક ન્યાય અને



અધિકારિતા રાજય મંત્રી શ્રી આર.સી. મકવાણાએ 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નો આરંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તની સાથોસાથ લાભાર્થીઓને જન કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**સુરત :** 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નો પ્રારંભ શહેરી વિકાસ રાજય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ સુરતથી કર્યો હતો.



આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત રાજ્યે છેલ્લાં ૨૦ વર્ષમાં વિકાસનાં નૂતન સોપાન સર કર્યાં છે. સુરત શહેર આજે ડાયમંડ સિટી અને ટેક્ષટાઇલ સિટીથી ઉપર ઊઠીને બ્રિજ સિટી, સ્વચ્છ સિટી અને સ્માર્ટ સિટી જેવાં નામોથી ઓળખાતું થયું છે. ગુજરાત રાજય સૌના સાથ, સૌના વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી વિશ્વભરમાં નામના મેળવે તેવા પ્રયાસો કરવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો.

**જૂનાગઢ :** જૂનાગઢના કેશોદ તાલુકાના અજાબ ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત પશુપાલન-ગૌસંવર્ધન



રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમે લાભાર્થીઓને સહાય વિતરણ કરતાં સૌના સાથ સૌના વિકાસના આ ભગીરથ કાર્યમાં જોડાવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. વધુમાં અજાબ ગામ માટે ઘનકચરાના નિકાલ માટે રૂ.૮ લાખના ખર્ચે વાહનની ફાળવણી, ૧૫મા નાણાપંચ હેઠળ પેવર બ્લૉકના કામનું ખાતમુહૂર્ત મંત્રીશ્રીના હસ્તે કરાયું હતું. ●

## ઘાના - અંગોલાનાં ભારતીય રાજદ્વારીઓએ CMની મુલાકાત લીધી

વેસ્ટ આફ્રિકાના ધી રિપબ્લીક ઓફ ઘાનાના ભારતીય હાઈકમિશનર શ્રી સુગંધા રાજારામ અને સેન્ટ્રલ આફ્રિકાના અંગોલા ખાતેના ભારતીય રાજદૂત શ્રીમતી પ્રતિભા પારકરે તાજેતરમાં



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી.

અંગોલામાં ડાયમન્ડ માઈન્સમાંથી જે ડાયમન્ડ હિરા મળે છે તે પોલીશ્ડ થવા માટે ગુજરાતની ડાયમંડ નગરી સુરતમાં મોકલવામાં આવે છે તે સંદર્ભમાં આ મુલાકાત બેઠકમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી. અંગોલાના ભારતીય રાજદૂત શ્રી પારકરે આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું કે, સુરતના હિરા વ્યવસાયકારો અંગોલામાં પોતાનો વ્યવસાય કારોબાર શરૂ કરે તો વેલ્યુએડીશન થઈ શકે તેમ છે.

તેમની આ ગુજરાત મુલાકાત દરમ્યાન તેઓ સુરત પણ જશે અને આ ક્ષેત્રે રોકાણોની સંભાવનાઓ માટે ડાયમંડ પોલીશ્ડ વ્યવસાયકારો સાથે પરામર્શ કરવાના છે એમ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત એગ્રીકલ્ચર અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં પણ વ્યવસાયની વિપુલ જોડાણ સંભાવનાઓ રહેલી છે તેની તેમણે ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની વાતચીતમાં ઘાનાના ભારતીય હાઈકમિશનર શ્રી સુગંધા રાજારામે જણાવ્યું કે, ભારત અને ખાસ કરીને ગુજરાત ઘાના માટે લીડીંગ ટ્રેડીંગ એન્ડ બિઝનેસ પાર્ટનર છે. એટલું જ નહિ, મોટા પ્રમાણમાં ગુજરાતી સમુદાયો ઘાનામાં વસેલા છે ત્યારે સિસ્ટર સ્ટેટ રિલેશન્સ માટેની પણ સંભાવનાઓ છે.

આ બેઠક દરમ્યાન તેમણે ફાર્માસ્યુટિકલ, હેલ્થકેર, એજ્યુકેશન અને ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરના ક્ષેત્રોમાં ગુજરાત-ઘાના અંગોલા સાથે મળીને આગળ વધી શકે તેમ છે તેની પણ ફળદાયી ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા વગેરે આ બેઠકમાં જોડાયા હતા. ●

# 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો રાજ્યવ્યાપી પ્રારંભ

## ભાવિ પેઢીને જ્ઞાન સાથે માહિતી પૂરી પાડવાનો ધ્યેય સિદ્ધ થશે




ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવા તેમજ નીતિ નિયમો સહિત સામાન્ય જ્ઞાનથી નાગરિકો અવગત થાય તે ઉદ્દેશ સાથે દેશની સૌથી મોટી ક્વિઝ સ્પર્ધાનો પ્રારંભ કર્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝનો પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, આપણી ભાવિ પેઢીને જાણકાર, માહિતીસભર અને જ્ઞાની બનાવીને વિશ્વ સાથે સ્પર્ધા માટે તૈયાર કરવાનું દૂરંદેશી પગલું છે. ક્વિઝ સ્પર્ધાથી નગરો-મહાનગરોની શાળા અને કૉલેજોમાં એક જુવાળ ઊભો થશે. વાંચનની સાથે સાથે સ્પર્ધા કરવાનો ભાવ પણ પ્રબળ બનશે. આગામી 75 દિવસ દરમિયાન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ આ ક્વિઝ યોજાશે, જેમાં શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય નાગરિકો સહિત 25 લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેશે.

આ રાજ્યવ્યાપી ક્વિઝને વેબસાઈટ, ઈ-પુસ્તિકા અને ઓનલાઈન કૉમ્પિટિશનના માધ્યમથી ડિજિટલ ઓપ આપવામાં આવ્યો છે.

'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'ના શુભારંભ અવસરે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, સરકારની વિવિધ યોજનાઓ અને નીતિ-નિયમો સહિત સામાન્ય જ્ઞાનથી વિદ્યાર્થીઓ-નાગરિકો અવગત થાય તે આ સ્પર્ધાનો ઉદ્દેશ છે. સૌ પ્રશ્નોના જવાબ ગુગલમાંથી જાણી લેતી આજની પેઢીને સ્મૃતિ આધારિત જવાબો આપવાની અને મનન - ચિંતન કરવાની ટેવ પડશે એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના એજ્યુકેશન સેક્ટરનો ગ્રોથ આભને આંબ્યો છે. શિક્ષણ સહિતના ક્ષેત્રે અવનવા બદલાવ આવી રહ્યા છે, નવી પહેલ થઈ રહી છે. 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ' રાજ્યની બાળ અને યુવા પેઢીને ગુજરાતની સર્વગ્રાહી વિકાસ યાત્રામાં સહભાગી બનાવશે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા 'વાંચે ગુજરાત અભિયાન'ની ફળશ્રુતિનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, વિકાસના આધારસમી આપણી ભાવિ પેઢીને ખીલવાના અને વિશ્વ સાથે બરોબરી કરવાના અવસરો વડાપ્રધાનશ્રીએ આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ સરકારની વિવિધ યોજનાઓનું સેચ્યુરેશન - 100 ટકા લાભાર્થી ક્વરેજ સિદ્ધ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ ક્વિઝથી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચશે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકારની દરેક યોજના સામાન્યમાં સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવી છે અને છેવાડાના માનવી સુધી આ યોજનાઓ પહોંચે એવી તમામ પ્રકારની વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે, એમાં આ ક્વિઝ એક અગત્યનો ભાગ ભજવશે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશની સૌથી મોટી અને રાજ્યની પહેલી ક્વિઝનો મુખ્યમંત્રીશ્રીએ

પ્રારંભ કરાવ્યો છે. 25 લાખથી વધારે વિદ્યાર્થીઓ આ ક્વિઝમાં ભાગ લેવાના છે. રાજ્યના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવો આશય આ ક્વિઝ યોજવા પાછળનો છે. શિક્ષણ સમાજ વ્યવસ્થાઓનું મોટું રોકાણ છે એમ મનાય છે, ત્યારે રાજ્યના શિક્ષણ ક્ષેત્રે વિકાસનાં અનેક આયામો હાથ ધરાયાં છે. રાજ્યના વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. વિજ્ઞાનની જાણકારી વધારતા સાયન્સ સિટીની છેલ્લા 8 મહિનામાં 8 લાખ લોકોએ મુલાકાત લીધી છે, એમ તેમણે ઉમેર્યું હતું. વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ પણ આ ક્વિઝમાં સહભાગી થાય તેવો અનુરોધ શિક્ષણ મંત્રીશ્રીએ કર્યો હતો.

ઉદ્યોગ અને સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઘણા સમય પહેલાં ઑફલાઈન ક્વિઝ રાજ્યમાં શરૂ કરાવી હતી. રાજ્યના વિદ્યાર્થીઓ રાજ્યની વિકાસ યાત્રાની જાણકારી મેળવી શકે તેવા આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાયો છે. આ નવતર પ્રયોગ નવાં પરિમાણો પ્રસ્થાપિત કરશે, એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, 20 વર્ષનો વિશ્વાસ- 20 વર્ષનો વિકાસ લોકો સુધી પહોંચ્યો છે. સરકારની યોજનાઓની માહિતી આપતી ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝનું સુંદર આયોજન કર્યું છે.

વર્તમાન સમયમાં લોકો લેખન-વાંચનમાં ડિજિટલ માધ્યમનો મહત્તમ ઉપયોગ કરતા થયા છે, ત્યારે આ પ્રકારની ક્વિઝ સમયની માંગ છે અને આ પ્રકારની ક્વિઝથી વિદ્યાર્થીઓ રાજ્યના વિકાસથી અવગત થાય તેવા આશય સાથે આ ક્વિઝ યોજાઈ છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ મેગા ક્વિઝ કૉમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્વિઝ કૉમ્પિટિશનમાં રાજ્યના ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ, યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ભાગ લઈ રહ્યાં છે.

તાલુકા, જિલ્લા તેમજ રાજ્ય કક્ષા એમ તમામ સ્તરે વિજેતા થતા ઉમેદવારોને આકર્ષક ઈનામો અને તમામ સ્પર્ધકોને ગુજરાત સરકાર સ્તરે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે આ ક્વિઝ દરરોજ યોજાશે અને ૧૫ અઠવાડિયાં સુધી સતત ચાલશે.

આ ક્વિઝમાં વિદ્યાર્થીઓ ઉપરાંત રાજ્યના અભ્યાસ ન કરતા હોય તેવા સામાન્ય નાગરીકો પણ ભાગ લઈ શકશે, જેને અલગ સ્વરૂપે પ્રોત્સાહિત કરવામાં આવશે.

‘ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ’માં અંદાજે ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે મુજબનું આયોજન પણ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ઓનલાઈન ક્વિઝ તાલુકા - નગરપાલિકા/વૉર્ડ કક્ષાએ, દ્વિતીય તબક્કામાં જિલ્લા-મહાનગરપાલિકા કક્ષાએ તેમજ ત્રીજા અને અંતિમ તબક્કામાં ઑફલાઈન ક્વિઝ રાજ્ય કક્ષાએ યોજવામાં આવશે.

- **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ ભાવી પેઢીને જાણકાર, માહિતીસભર અને જ્ઞાની બનાવી વિશ્વ સાથે સ્પર્ધા માટે તૈયાર કરવાનું દૂરંદેશી પગલું**
- **સરકારની વિવિધ યોજનાઓ અને નીતિ-નિયમો સહિત સામાન્ય જ્ઞાનથી વિદ્યાર્થીઓ-નાગરિકો અવગત થાય તે આ સ્પર્ધાનો ઉદ્દેશ**

આ ક્વિઝ માટે હજારો પ્રશ્નો સમાવવામાં આવ્યા છે, જેમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, યોજનાઓના મુખ્ય ઉદ્દેશ્યો, લાભાર્થીઓ, અત્યાર સુધી યોજનામાં હાંસલ થયેલી સિદ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ તથા વિદ્યાર્થીઓના અનુભવગત પ્રશ્નોને પણ આ ક્વિઝમાં સમાવવામાં આવ્યા છે. તે માટે પ્રશ્નબૅન્ક સ્ક્રુટીની કમિટીની પણ રચના કરવામાં આવી છે.

આ ક્વિઝ અઠવાડિયામાં દર રવિવારથી ચાલુ થઈને દર શુક્રવારે સમાપ્ત થશે અને દર શનિવારે વિજેતા જાહેર થશે. દર અઠવાડિયે તાલુકા અને વૉર્ડ કક્ષાના શાળા અને કૉલેજ/યુનિવર્સિટી વિભાગને પ્રતિ સ્પર્ધક દીઠ ક્વિઝનો સમયગાળો ૨૦ મિનિટનો અને ક્વિઝમાં ૨૦ ક્વિઝ રહેશે. દરરોજ ૨૫૦ ક્વિઝની ડિજિટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે. તદઉપરાંત દર અઠવાડિયે તાલુકા અને વૉર્ડ કક્ષાના, શાળા અને કૉલેજ તેમજ યુનિવર્સિટીના વિભાગના દસ-દસ વિજેતાઓ જાહેર કરવામાં આવશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધા પૂર્ણ થયા બાદ રાજ્ય કક્ષાની અંતિમ સ્પર્ધા યોજવામાં આવશે. તેમાં સમગ્ર સ્પર્ધા દરમિયાન જિલ્લા અને મહાનગરપાલિકાના વિજેતા જાહેર થયેલા સ્પર્ધકો ભાગ લેવા માટે લાયક ઠરશે. આ ક્વિઝ ઓનલાઈન માધ્યમથી યોજાશે. વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની ટૂર તથા વિજેતા વિદ્યાર્થીઓને નામાંકિત સ્થળોની સ્ટડી ટૂર કરાવવામાં આવશે. તદઉપરાંત તમામ સ્પર્ધકોને ગુજરાત સરકાર સ્તરે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝના આ પ્રારંભ અવસરે રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, માર્ગ અને મકાન વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, રાજ્યકક્ષાના મંત્રી સર્વ શ્રી કીર્તિસિંહ વાઘેલા, અરવિંદભાઈ રૈયાણી, બ્રિજેશભાઈ મેરજા, નીમિષાબહેન સુથાર, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી એમ. નાગરાજન તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## મહેસાણામાં સૌ પ્રથમવાર સાયન્ટિફિક એક્સ્પો યોજાયો



મહેસાણામાં સૌપ્રથમ વાર યોજાયેલા સાયન્ટિફિક એક્સપોનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશને પાંચ બિલિયન ડોલરની ઈકોનોમીનું અર્થતંત્ર બનાવવામાં યુવા સાહસિકોની ભૂમિકા મહત્ત્વની છે. ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન છે અને તેથી જ તાજેતરમાં જાહેર થયેલા ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસમાં અવ્વલ અને સ્ટેટ સ્ટાર્ટઅપ રૅન્કિંગમાં સતત ત્રીજી વખત પ્રથમ આવ્યું છે. ત્યારે આ પ્રકારના આયોજનથી યુવાનો-ઉદ્યમીઓને પ્રોત્સાહન મળે છે.

આ પ્રદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને પગલે મજબૂત સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમનું નિર્માણ થયું છે. દેશ 72 હજારથી વધુ સ્ટાર્ટઅપ અને 100 થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટઅપ સાથે વિશ્વમાં અગ્રેસર બન્યો છે. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતે સ્ટાર્ટઅપ રૅન્કિંગમાં સતત ત્રીજા વર્ષે સિદ્ધિ મેળવી છે. 2017 થી આજ સુધી 1156 પેટન્ટ અને કૉપીરાઈટ તેમજ 2154 સ્ટૂન્ડ સ્ટાર્ટઅપ સાથે ગુજરાતે આત્મનિર્ભર ભારતનું નેતૃત્વ લીધું છે.

આ પ્રદર્શનમાં ડિફેન્સ રીસર્ચ, રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, હેલ્થ એન્ડ ફૅમિલી વેલફેર, એગ્રિકલ્ચર અને ફુડ પ્રોસેસિંગ, ડેરી એનિમલ હસબન્ડરી અને ફિશરીઝ, થીમ પેવેલિયનમાં સ્પેશિયલ ડિસ્પ્લે આત્મનિર્ભર ભારત, વિકલાંગ અને પછાત વર્ગ માટે સ્પેશિયલ સ્કીમ, ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટનું પ્રદર્શન, હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ, ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા વન ડિસ્ટ્રિક્ટ-વન પ્રોડક્ટ, લોકલ ફોર વોકલ સહિતના વિવિધ આકર્ષક સ્ટોલ ઊભા કરાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રિય પશુપાલન મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર, સાંસદ શ્રી જુગલજી ઠાકોર, સાંસદ શ્રીમતી શારદાબહેન પટેલ, ધારાસભ્ય સર્વશ્રી રમણભાઈ પટેલ, અજમલજી ઠાકોર, અધિકારીઓ અને અન્ય પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાજકોટને રૂ.૧૯ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ

રાજ્યમાં સારા વરસાદની સાથે વિકાસની ધારા પણ અવિરત વહી રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટના વીંછિયા તાલુકાના સોમપીપળિયામાં વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ અને ભુમિપૂજન કરીને ગુજરાતની વિકાસ યાત્રાને આગળ વધારી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, "વંદે ગુજરાત વિકાસ યાત્રા" એ વિકાસનાં ૨૦ વર્ષનો આયનો છે, જે આપણે પાછળ ફરીને જોઈએ ત્યારે થયેલા વિકાસની પ્રતીતિ દરેક ગુજરાતીને થઈ રહે છે.

વીંછિયા તાલુકાની વિકાસની ગતિને વેગ આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અંદાજિત રૂ.૧૯ કરોડના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે જળ સંગ્રહ ક્ષેત્રે વીંછિયાના સોમપીપળિયા (ગોડલાધાર) ખાતે રૂ. ૪. ૩૯ કરોડના ખર્ચે તૈયાર થનાર નાની સિંચાઈ યોજનાનું ખાતમુહૂર્ત, જસદણ-ભડલી-ગઢડા મુખ્ય માર્ગ પર, ભડલી ગામ પાસે અંદાજે રૂ. ૫. ૩૯ કરોડના ખર્ચે મેજર બ્રિજ, ગોડલાધારમાં અંદાજે રૂ. ૩૧૪.૦૩ લાખના ખર્ચે નવી બે માળની આધુનિક માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત અને આટકોટમાં અંદાજે રૂ. ૨૧૧ લાખના ખર્ચે અદ્યતન બસસ્ટેશનનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે વીરપુરમાં રૂ. ૨૯૬.૩૧ લાખના ખર્ચે અને કોટડા સાંગાણીમાં રૂ.૧૦૨.૧૧ લાખના ખર્ચે નવનિર્મિત બસસ્ટેશનનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જસદણ-વીંછિયા-વીરપુર અને કોટડામાં એસ.ટી.બસની સુવિધા સુદૃઢ બને તે માટે બે બસસ્ટેશનોનું લોકાર્પણ અને એક બસ સ્ટેશનના ખાતમૂહુર્ત સાથે વિકાસની પરિભાષા જણાવતાં મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે, આ સરકારના અથાગ પ્રયત્નોથી ગામડાઓમાં સુવિધાનો વધારો થયો છે, જેને પરિણામે શહેરીકરણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# ગુજરાતનો સૌપ્રથમ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ જામનગરમાં કાર્યાન્વિત




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર જનહિતલક્ષી વિકાસનાં કામો કરી રહી છે અને જન- જન સુધી વિકાસની ગાથા પહોંચાડી રહી છે. રાજ્યનાં તમામ શહેરોને વધુ સુવિધા-સંપન્ન બનાવવા માટે આયોજન કરીને યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જામનગરે વિકાસની દિશામાં વધુ એક હરણફાળ ભરી છે. જામનગરમાં ૯૦ કરોડના ખર્ચે સાકાર થયેલા ગુજરાતના સર્વ પ્રથમ અત્યાધુનિક અને પી.પી.પી. આધારિત વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈ-લોકાર્પણ કર્યું હતું.

આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ જામનગરવાસીઓની સુવિધામાં વધારો કરતાં બે બ્રિજનું ઈ-લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, જી.યુ.ડી.સી. તથા જી.યુ.ડી.એમ. તેમજ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ અંતર્ગતના કુલ રૂ.૨૧૪ કરોડના વિવિધ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત ગાંધીનગરથી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને કર્યાં હતાં.

આ વિકાસકાર્યોમાં રૂ.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા પી.પી.પી. બેઈઝ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ, રૂ.૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ટુ લેન 'ડૉ. બાબાસાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ' તથા નાગમતી નદીના પુલથી હાપા માર્કેટિંગ યાર્ડને જોડતા ફોરલેન રોડના લોકાર્પણનો સમાવેશ થાય છે. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ રૂ.૮૬ કરોડનાં કામોનાં ઈ-ખાતમુહૂર્ત કર્યાં હતાં. જામનગરમાં વિકાસનાં કાર્યો સતત થઈ રહ્યાં છે તેના થકી લોકોની સુખ-સુવિધાઓમાં વધારો થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી જણાવ્યું હતું કે, વિકાસની દિશામાં જામનગરે વધુ એક હરણફાળ ભરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર વિકાસનાં સતત કામો સતત કરી રહી છે અને જન જન સુધી વિકાસની ગાથા પહોંચી છે.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, જામનગરમાં વિકાસના કાર્યો અવિરત થઈ રહ્યાં છે. ગુજરાતનાં સર્વ પ્રથમ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટની જામનગરમાં સ્થાપના થવાથી પ્રદૂષણ ઘટશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી આર.સી.ફળદુ, ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટરશ્રીઓ તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# હાસ્યલેખક સ્વ.વિનોદ ભટ્ટને વજુ કોટક સુવર્ણ ચંદ્રક એનાયત



હાસ્યલેખનથી માત્ર ગુજરાત નહીં પણ વિશ્વભરમાં વસતા લાખો ચાહકોના હૃદય પર રાજ કરનાર લોકલાડીલા હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટને તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વજુ કોટક સુવર્ણચંદ્રક (મરણોત્તર) એનાયત કર્યો હતો. આ સન્માન સ્વર્ગસ્થ વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટે સ્વીકાર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિનોદ ભટ્ટ જેવા સમર્થ લેખકને મરણોત્તર વજુ કોટક સુવર્ણ પદક એનાયત થવો માત્ર વિનોદ ભટ્ટ પરિવાર માટે જ નહીં બલકે સમગ્ર ગુજરાત માટે આનંદનો અવસર છે. આ એવોર્ડ એનાયત કરવાનો અવસર મને પ્રાપ્ત થયો એ મારા માટે પણ ગૌરવની વાત છે.

સ્વર્ગસ્થ હાસ્યલેખક વિનોદ ભટ્ટ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિનોદ ભટ્ટ એટલે હાસ્યનો પર્યાય અને 'ચિત્રલેખા' એટલે ગુજરાતીઓની પોતીકી ઓળખ. વિનોદ ભટ્ટે ગુજરાતીઓને દાયકાઓ સુધી હસાવ્યા અને ચિત્રલેખાએ પત્રકારત્વ થકી જ્ઞાન પીરસ્યું. મને ખાતરી છે કે આજે સ્વર્ગમાં પણ વિનોદ ભટ્ટ ચિત્રગુપ્તને હસાવતા હશે.

ચિત્રલેખા સામયિકને 72 વર્ષ પૂર્ણ થવા પર મુખ્યમંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ચિત્રલેખા આજે પરિવારના સભ્ય જેવું બની ગયું છે. સ્વર્ગસ્થ વજુભાઈ કોટક અને તેમનાં પત્ની સહધર્મચારિણી માધુરી બહેનનું સંપૂર્ણ જીવન ચિત્રલેખાને સમર્પિત હતું. ચિત્રલેખાના 60 વર્ષ પૂર્ણ થવા પર તત્કાલીન કેન્દ્ર સરકારે ચિત્રલેખા ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. આ તકે ઉપસ્થિત શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખરા અર્થમાં સમાજની સેવા કરનાર લોકોને શોધીને સામયિકમાં સ્થાન આપે છે અને એ સાતત્ય જાળવી રાખ્યું છે, તે કાર્ય બિરદાવવા પાત્ર છે. ●

# દહેજમાં ફલોરિન ઇન્ટરનેશનલના પ્લાન્ટનો પ્રારંભ કરાવતા CM






ભરૂચના દહેજ PCPIR માં રૂ. ૬૦૦ કરોડના રોકાણ સાથે આકાર પામેલા નવિન ફ્લોરિન ઇન્ટરનેશનલના નવા પ્લાન્ટનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ''મેઈક ઈન ઈન્ડીયા-મેઈક ફોર ધ વર્લ્ડ''ની નેમ આ પ્લાન્ટમાં ઉત્પાદિત થનારા HFO કેમિકલ સહિતના કેમિકલની વિશ્વમાં નિકાસથી સાકાર થશે. આ સંદર્ભમાં કહ્યું કે, આખા વિશ્વમાં એક્સપોર્ટ કરનારા આ પ્લાન્ટનો પ્રારંભ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રમાં નવી યશકલગી બનશે. ખાસ કરીને આ પ્લાન્ટમાં ઉત્પાદન થનારૂં HFO કેમિકલ એ કાર્બન ઉત્સર્જન ઘટાડનારૂં કેમિકલ છે અને રાજ્ય સરકાર પણ કાર્બન ઉત્સર્જન ઓછું કરવા પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૧૧ હજારથી વધુ કેમિકલ ઉત્પાદન એકમો સાથે ગુજરાત દેશના કેમિકલ ઉત્પાદનના ત્રીજા ભાગનું ઉત્પાદન કરતું રાજ્ય છે. એટલું જ નહિ, રાજ્યના ગ્રોસ સ્ટેટ વેલ્યુએડિશનમાં કેમિકલ ક્ષેત્રનું ૨૪ ટકા યોગદાન તેમજ દેશના કેમિકલ એક્સપોર્ટમાં ૪૧ ટકા ઈનઓર્ગેનિક અને ૩૮ ટકા ઓર્ગેનિક કેમિકલ એક્સપોર્ટ એકલું ગુજરાત કરે છે. ગુજરાત દેશમાં મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન છે તેના મૂળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ નાંખેલો સુશાસન અને પોલિસી ડ્રીવન સ્ટેટનો મજબૂત પાયો છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના ધ્યેયને પાર પાડવા ગુજરાત ઉદ્યોગોને પ્રોત્સાહનો અને બળ પુરૂ પાડી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સાકાર કરશે તેવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.

આ પ્લાન્ટના ઉદઘાટન અવસરે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તથા દહેજમાં પ્લાન્ટ સાઈટ ખાતે હનિવેલ એડવાન્સ મટિરિયલ્સ યુ.એસ.એ.ના પ્રેસિડેન્ટ શ્રીયુત કેનીથ વેસ્ટ, નવિન ફ્લોરિન ઈન્ટરનેશનલના ચેરમેન શ્રી વિશાદ મફતલાલ, એમ.ડી શ્રી રાધેશ વેલીંગ અને આમંત્રિતો, ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં 'GS CONCLAVE' યોજાયો

અમદાવાદમાં ગુજરાત સમાચાર દ્વારા GS CONCLAVEનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ CONCLAVEને સંબોધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતના વિકાસની વાત કરવા, રાજ્યના વર્તમાન અને ભાવિ અંગે ચર્ચા કરવા ગુજરાત સરકાર અને ગુજરાત સમાચાર એક મંચ પર સાથે આવ્યા છે. દાંડી યાત્રામાંથી પ્રેરણા લઈને શરૂ થયેલું અખબાર આજે જીએસ કોક્લેવ લઈને આવ્યું છે. દાંડીયાત્રાના પ્રણેતા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધી હતા, જ્યારે ગુજરાતની 20 વર્ષની આ વિકાસયાત્રાના પ્રણેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે ગુજરાતની સ્થાપના વખતે સૌ કોઈના પ્રશ્ન થતો કે ગુજરાતનું શું થશે એક તરફ અફાટ રણ અને વાપીથી તાપી સુધી સીમિત ઔદ્યોગિક વિકાસ, પરંતુ નરેન્દ્રભાઈએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારથી રાજ્યનો સર્વાંગી વિકાસ થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આપણે કેટલા આગળ વધ્યા છીએ તે જાણવા માટે ક્યારેક પાછળ વળીને જોવું પડે છે. શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના વિકાસની ગતિ અને દિશા જાળવી રાખ્યા છે. તેમણે વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ ડબલ એન્જિનની ગતિથી ગુજરાત વિકાસનાં માર્ગે આગળ વધી રહ્યું છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતને સુરક્ષિત બનાવવાની જવાબદારી આપણા સૌની છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાતે દરેક ક્ષેત્રે ઊંચાઈ મેળવી છે એ યથાવત રાખવાની જવાબદારી અમારા જેવા યુવાનોના શિરે છે. એક યુવા તરીકે ગુજરાતના અન્ય યુવાનોનું ભવિષ્ય બરબાદ ન થાય તેવો પ્રયાસ કરીએ છીએ. માત્ર ડ્રગ્સ પકડવા જ નહીં તેનો સપ્લાય અટકાવવા અમે કાર્યરત છીએ. કોઈપણ નશો દલદલ છે એમાં ફસાયા પછી નીકળવું ખૂબ અઘરું છે. ગુજરાતનું ભવિષ્ય સુરક્ષિત થવા માટે આપણે સૌએ જાગૃત થવું જોઈએ. એક જવાબદાર સરકાર તરીકે અમે ડ્રગ્સ વિરોધી અભિયાન ચલાવી રહ્યા છીએ. જેમાં પોલીસ પર ભરોસો કરી નાગરિકોએ સહયોગ આપવો જોઈએ.

આ CONCLAVEમાં નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ, રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી તેમજ વિવિધ ક્ષેત્રના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના રેટિંગ-રેન્કિંગ માટે
# દેશની પ્રથમ સંસ્થા 'ગરિમા'નું ઈ-લૉન્ચિંગ



રાજ્યની ઉચ્ચ શિક્ષણ પ્રણાલીને નવી ઊર્જા, નવી દિશા આપવામાં ગરિમા સેલ એક ઉદ્દીપકની ભૂમિકા ભજવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકહિતમાં પરિણામલક્ષી કાર્યક્રમો કરવાની શીખવેલી નીતિ-રીતિ આપણે જાળવી રાખી છે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વિવિધ પ્રકારના રેટિંગ અને રેકિંગ મેળવવામાં માર્ગદર્શક સંસ્થા ગરિમા સેલનું ઇ-લોન્ચિંગ કર્યું હતું. દેશમાં કાર્યરત પ્રથમ એવા આ "ગુજરાત એક્રેડિટેશન એન્ડ રૅન્કિંગ ઇન્સ્ટિટ્યુટ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ- ગરિમા સેલનું" મુખ્યાલય આઇ.આઇ.ટી.ઇ.(ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ ટિચર્સ ઍજ્યુકેશન) ખાતે કાર્યરત રહેશે.

આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના ઍજ્યુકેશન સેક્ટરનો ગ્રૉથ આભને આંબ્યો છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. શિક્ષણ સહિતના દરેક ક્ષેત્રે અવનવા બદલાવ આવી રહ્યા છે, નવી પહેલ થઈ રહી છે. વડાપ્રધાનશ્રીએ જ્ઞાન શક્તિ, ઊર્જા શક્તિ, રક્ષા શક્તિ, જળ શક્તિ અને જન શક્તિના આધાર સ્તંભ પર ગુજરાતની સર્વાંગી પ્રગતિ યાત્રા કરાવી છે. ગરિમા સેલની સ્થાપનાથી રાજ્ય સરકારે યાત્રાના એ માર્ગે વધુ એક પગલું ભર્યું છે.

તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તાલીમ આપતી સંસ્થા કાર્યરત છે. સેક્ટર સ્પેસીફિક એજ્યુકેશન આપતી યુનિવર્સિટી ધમધમે છે. આ સંસ્થાઓને નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલે રૅન્કિંગ લેવા માટે તૈયાર કરવામાં ગરિમા સેલ ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી શિક્ષણનીતિ આપીને દેશના એજ્યુકેશન સેક્ટરની કાયાપલટ કરવાનો પ્રારંભ કર્યો છે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ વિકસી રહી છે, નવી ઉપલબ્ધિઓ મેળવી રહી છે. ગુજરાતની ખાનગી તેમજ સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદેશના સેંકડો વિદ્યાર્થીઓ આવીને અભ્યાસ કરી રહ્યાં છે.

ગરિમા સેલ રાજ્યની આવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને ગુણવત્તા જાળવવામાં મદદરૂપ બનશે, એમ જણાવતાં તેમણે કહ્યું કે, ગુજરાતમાં બે દાયકા પહેલાં આઠ યુનિવર્સિટીઓ કાર્યરત હતી, જે આજે વધીને 102 થઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની આ ફળશ્રુતિ છે.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, ગરિમા સેલ કાર્યરત થવાથી રાજ્યના શિક્ષણ ક્ષેત્રે ક્રાન્તિકારી પરિવર્તનો આવશે અને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાઓની કાયાપલટ થશે. રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓ થકી સુપેરે મૂલ્યાંકન કરાવવામાં આ સેલ સહાયરૂપ બનશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શુભ હસ્તે 'વિદ્યા સુરભિ' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું. ચંદીગઢ યુનિવર્સિટી સાથે એમઓયુ એક્સચેન્જ પણ કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ સચિવ શ્રી એસ.જે. હૈદર, ઉચ્ચ શિક્ષણના કમિશનર શ્રી એમ.નાગરાજન તેમજ રાજ્યભરની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, તથા અધ્યાપકગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

### ગરિમા-કેવી રીતે કામ કરશે ?

*ગરિમા સેલ 'ઉચ્ચ શિક્ષણ ગુણવત્તા કેન્દ્ર' થકી 'State Quality Assurance Centre' તરીકેની ફરજો નિભાવશે. ગુજરાત રાજ્યની વધુ ને વધુ સંસ્થાઓ વિશ્વસ્તરે International Ranking, રાષ્ટ્રીય સ્તરે National Institutional Ranking Framework અને National Board of Accreditation (NBA) તેમજ રાજ્ય કક્ષાએ Gujarat State Ranking Framework (GSIRF) ઉપરાંત NIRF, ARIIA જેવા નોંધપાત્ર રેન્કિંગ પ્રાપ્ત કરે તે માટે ગરિમા દ્વારા આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સાથે એમ.ઓ.યુ. દ્વારા પાર્ટનરશીપ કરવામાં આવશે અને આગામી વર્ષોમાં યોગ્ય તાલીમ અને માર્ગદર્શન થકી રાજ્યની 100% ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એક્રેડીટેશન મેળવે તેવા લક્ષ્યને સિદ્ધ કરવામાં આવશે.*

# ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેન્કિંગ - ૨૦૨૦માં ગુજરાત ટોપ એચિવર

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા બિઝનેસ રિફોર્મ્સ ઍક્શન પ્લાન BRAP-2020ના જાહેર થયેલા રેન્કિંગમાં ગુજરાતે ટોપ એચીવર સ્ટેટ તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. દેશનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૦ ટકાથી વધુ ફીડબૅક સ્કોર સાથે ગુજરાતે દેશમાં દ્વિતીય ક્રમ મેળવ્યો છે. કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે આ BRAP 2020 રેન્કિંગ જાહેર કર્યા છે. તેમાં DPIITએ સૂચવેલા ૩૦૧ જેટલા રિફોર્મ્સના ૧૦૦ ટકા પાલનમાં દેશનાં માત્ર બે રાજ્યો પૈકીનું એક રાજ્ય ગુજરાત બન્યું છે.

આ સિદ્ધિ અંગે વિગતો આપતાં મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ડી.પી.આઇ.ટી.એ સૂચવેલા ૩૦૧ જેટલા રિફોર્મ્સનું ૧૦૦ ટકા પાલન કરનારાં માત્ર બે રાજ્યોમાં ગુજરાત રાજ્યે સ્થાન મેળવ્યું છે. એટલું જ નહિ, States' Startup Ranking ૨૦૨૧માં પણ ગુજરાત સતત ત્રીજી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' જાહેર થયું છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા બિઝનેસ રિફોમ્સ ઍક્શન સ્ટેટ તરીકે ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ૯૦ ટકાથી વધુ ફીડબેક સ્કોર સાથે ગુજરાતે સમગ્ર દેશભરમાં દ્વિતીય નંબર હાંસલ કર્યો છે. આ ક્ષેત્રમાં આગામી સમયમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સઘન અને સમયબદ્ધ આયોજન થકી અસરકારક કામગીરી કરશે.

આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકર કરવા નિયમોના સરળીકરણ થકી રોકાણોને પ્રોત્સાહન આપવા ડી.પી.આઇ.આઇ.ટી.ની પાંચમી આવૃત્તિમાં દેશનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૩૦૧ રિફોર્મ્સ સૂચવવામાં આવ્યાં હતાં. એક્ષપોર્ટ પ્રીપેડનેસ ઇન્ડેક્સ ૨૦૨૦ અને ૨૦૨૧માં ગુજરાતને પ્રથમ ક્રમ મળ્યો છે. એટલું જ નહિ, ગુજરાત વિદેશી મૂડીરોકાણમાં પણ પ્રિફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બન્યું છે. ડોમેસ્ટીક મૂડીરોકાણમાં પણ ગુજરાતે ૧.૦૫ લાખ કરોડનું મૂડીરોકાણ કરી, દેશમાં અવ્વલ સ્થાન હાંસલ કર્યું છે. આ બધી પહેલના પરિણામે રાજયને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રૅન્કિંગમાં ટોપ એચિવર તરીકે સ્થાન પ્રાપ્ત થયું છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, States' Startup Ranking ૨૦૨૧માં પણ ગુજરાત સતત ત્રીજી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' જાહેર થયું છે તે બદલ કેબિનેટ બેઠકમાં ટીમ ગુજરાતને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. સ્ટાર્ટઅપ માટે મજબૂત ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે શ્રેષ્ઠ રાજ્યોમાં સામેલ ગુજરાતને વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં પણ 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજય સરકારે ગુજરાત MSME એક્ટ-૨૦૧૯ અન્વયે પહેલાં 'પ્રોડક્શન પછી પરમિશન'નો વ્યૂહ અપનાવીને MSMEને ત્રણ વર્ષ માટે રાજ્ય સરકારની જરૂરી પરવાનગી લેવામાંથી મુક્તિ આપી છે. આવી પરવાનગી મેળવવા માટે વધારાના ૬ મહિનાનો સમયગાળો પણ આપ્યો છે. ગુજરાતમાં વેપાર-વ્યવસાય કરનારાઓને નિયમોનું ઓછામાં ઓછું ભારણ રહે તેવી વ્યવસ્થાઓ પણ વિકસાવવામાં આવી છે. રાજ્ય સરકારે શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ માટેના લાયસન્સ રિન્યુ કરવાની પ્રથા રદ કરી છે તેમજ ૯ જેટલા શ્રમ કાયદાઓમાં નાના ગુનાઓને ગુનાહિત કૃત્યો ગણવાથી પણ મુક્તિ આપી છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં વ્યવસાયિક અને નાગરિક કેન્દ્રી સેવાઓ સહિતની સેવામાં ૨૯૦૦ જેટલા નિયમોના પાલનનું ભારણ પણ હળવું કર્યું છે. આ બધી જ પહેલની ફલશ્રુતિ રૂપે ગુજરાતને ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેન્કિંગ ૨૦૨૦માં ટોપ એચિવર તરીકે સ્થાન પ્રાપ્ત થયું છે. ●

# ટાઈમ મેગેઝિનનાં વર્લ્ડ ગ્રેટેસ્ટ પ્લેસીસ ઓફ-2022માં અમદાવાદનો સમાવેશ

ગુજરાત આજે શાંતિ, સમૃદ્ધિ અને સલામતીનું પર્યાય બન્યુ છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલી વિકાસ યાત્રાને આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે. જેની માત્ર દેશમાં જ નહી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ નોંધ લેવાઈ રહી છે. તાજેતરમાં વિશ્વના ખ્યાતનામ 'ટાઈમ મેગેઝિન' દ્વારા બહાર પાડવામાં આવેલી વર્લ્ડ ગ્રેટેસ્ટ પ્લેસીસ ઓફ-2022ના 50 અસાધારણ સ્થાનોની યાદીમાં અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો છે.




ટાઈમ મેગેઝિને પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે, ભારતનું પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ અને વર્તમાન બંન્નેનું જોડાણ ધરાવે છે. સાથે જણાવ્યુ કે, અમદાવાદ સાંસ્કૃતિક પ્રવાસનનું કેન્દ્ર છે. અમદાવાદમાં સાબરમતિ નદીના કિનારે ગાંધી આશ્રમ પથરાયેલો છે. તેમજ વિશ્વનો સૌથી મોટો નવ દિવસ સુધી ચાલતો નૃત્ય મહોત્સવ વાઈબ્રન્ટ નવરાત્રી પણ અહીં યોજાય છે.

ટાઈમ મેગેઝિને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ થોડા સમય પૂર્વે સાયન્સ સિટીમાં લોકાર્પણ કરેલા નવા આકર્ષણોનો પણ ઉલ્લેખ કર્યો છે. અમદાવાદ વિશે માહિતી આપતા ટાઈમ લખે છે કે, સાયન્સ સિટીમાં મનોરંજન કેન્દ્ર અને થીમ પાર્ક આવેલા છે. 20 એકર જગ્યામાં ફેલાયેલા નેચર પાર્કમા આવેલી વનસ્પતિઓ લોકોને નવી માહિતી આપે છે. આ ઉપરાંત અહિં ઈન્ટરએક્ટિવ રોબોટિક ગેલેરી પણ આવેલી છે. અમદાવાદના સાયન્સ સિટીમાં આવેલું એક્વેરિયમ(માછલીઘર) ભારતનું સૌથી મોટુ માછલી ઘર છે. આ એક્વેરિયમમાં વિશ્વભરની સમૃદ્ધિ પ્રજાતિઓને રાખવામાં આવી છે. જે અહીં આવતા પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણ છે. ●

# ગુજરાતને પશુપાલન માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ



રાજ્યમાં પશુપાલનના વ્યવસાયને વધુ ને વધુ સદૃઢ બનાવવા માટે રાજ્ય સરકારે પશુપાલન ક્ષેત્રે અનેકવિધ માળખાકીય સવલતો પૂરી પાડી છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમના પરિણામે પશુપાલન ક્ષેત્રે માળખાકીય સુવિધાઓમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. તાજેતરમાં રાજ્યના પશુપાલન વિભાગને 'ઇન્ડિયા એનિમલ હેલ્થ એવોર્ડસ-૨૦૨૨'માં શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ એનાયત થયો છે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે ઇન્ડિયન ચેમ્બર ઑફ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર તેમજ એગ્રીકલ્ચર ટુડે ગ્રુપના સંયુક્ત ઉપક્રમે તથા પશુપાલન અને ડેરી વિભાગ, ભારત સરકારના સહયોગ દ્વારા આયોજિત 'ઇન્ડિયા એનિમલ હેલ્થ સમીટ-૨૦૨૨' કાર્યક્રમમાં ભારત સરકારના તજજ્ઞોની સમિતિ દ્વારા 'પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્ય' (Best State in AH Infrastructure)ના એવોર્ડ માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી હતી. કેન્દ્રિય રાજ્યકક્ષાના કાયદો અને ન્યાયમંત્રી શ્રી ડૉ. એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં યોજાયેલા સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે રાજ્યનાં પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકરે રાજ્ય સરકાર વતી આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

આ સિદ્ધિ બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પશુપાલન વિભાગના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વ્યાપક પશુ આરોગ્યલક્ષી માળખાકીય સુવિધાઓ થકી પશુઓમાં થતા ચેપી રોગચાળામાં નોંધપાત્ર ઘટાડો થવાથી અને પશુ સંવર્ધનની અદ્યતન ટેક્નોલોજીને પશુપાલકો સુધી પહોંચાડવાના રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યના પશુઓની ઉત્પાદકતાની સાથેસાથે પશુ પેદાશોના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. તેની સમગ્ર રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લઈ 'ઇન્ડિયા એનિમલ હેલ્થ સમીટ-૨૦૨૨'માં ગુજરાત રાજ્યને 'પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્ય' (Best State in AH Infrastructure)નો એવોર્ડ એનાયત થયો છે. ●

# કેન્દ્રના ASIના સર્વેક્ષણમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનો સતત વધતો પ્રભાવ

વીતેલાં કેટલાંક વર્ષોમાં દેશનાં તમામ રાજ્યોની વચ્ચે ઔદ્યોગિક રોકાણો હાંસલ કરવા માટે એક સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થયું છે. રાજ્યો વચ્ચે ચાલી રહેલી સકારાત્મક સ્પર્ધામાં પણ ગુજરાતે બાજી મારી લીધી છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલા એન્યુઅલ સરવે ઓફ ઇન્ડસ્ટ્રીઝ (ASI) અનુસાર ગુજરાતમાં ફિક્સ્ડ કેપિટલ 2012-13માં 14.96 ટકાથી વધીને 2019-20માં 20.59 ટકા થઈ ગઈ છે. મહત્ત્વની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન ફિક્સ્ડ કેપિટલમાં દેશનાં મહારાષ્ટ્ર, તમિલનાડુ અને કર્ણાટક જેવાં ટોચનાં ઔદ્યોગિક રાજ્યોનો હિસ્સો ઘટી ગયો છે.

આ રિપોર્ટ પ્રમાણે અન્ય કોઇ પણ ભારતીય રાજ્યની સરખામણીએ ગુજરાતમાં વધુ મશીનરી, સાધનો, મકાનો અને અન્ય ફેક્ટરી એસેટ્સ છે અને આ અંતર પણ સતત વધી રહ્યું છે. આનું કારણ એ છે કે રાજ્ય સરકાર પોતાની ઔદ્યોગિક નીતિઓમાં અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી અગ્રેસર અને વધુ પ્રોગ્રેસિવ છે.

કેન્દ્રના આ રિપોર્ટમાં ગુજરાતની સિદ્ધિના સંદર્ભમાં વાત કરતાં ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા (IAS)એ જણાવ્યું કે, "આ રિપોર્ટ વર્ષ 2019-20 પહેલાંના સમયમાં અમારા દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રદર્શિત કરે છે. આ એ વાતનું પ્રમાણ છે કે કેવી રીતે અમે દરેક વર્ષે ગુજરાતને દેશનું ઔદ્યોગિક કેન્દ્ર બનાવવાની દિશામાં કામ કર્યું છે. ગુજરાતની આ સિદ્ધિનું શ્રેય રાજ્ય સરકારના નેતૃત્વને જાય છે. અમને વિશ્વાસ છે કે આગામી બે વર્ષોના રિપોર્ટ્સમાં પણ ગુજરાત આ કેટેગરીઓમાં વધુ સારા નંબરો લઈને આવશે, કારણ કે ગત બે વર્ષોમાં અમે દેશમાં કેવળ સૌથી વધુ રોકાણો જ હાંસલ નથી કર્યાં, પરંતુ જમીની સ્તર પર પણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કર્યો છે."

**ઈન્વેસ્ટેડ કેપિટલ અને પ્રોડક્ટિવ કેપિટલમાં પણ ગુજરાત દેશમાં સૌથી આગળ:** કેન્દ્ર સરકારના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે 2019-20માં રૂ.74,847,391 લાખની ફિક્સ્ડ કેપિટલ ઉપરાંત રૂ. 96,156,760ની ઈન્વેસ્ટેડ કેપિટલ અને રૂ. 85,884,037ની પ્રોડક્ટિવ કેપિટલ સાથે ગુજરાત આ કેટેગરીમાં પણ દેશમાં સૌથી આગળ છે. ●

## રાજ્યનાં ૩૨ નગરોમાં બનશે મોડેલ ફાયર સ્ટેશન

રાજ્યમાં કોઇ પણ નાની-મોટી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે અગ્નિશમન સેવાઓની અગત્ય અને આવશ્યકતા ધ્યાનમાં લેતાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની ૩૨ નગરપાલિકાઓમાં અત્યાધુનિક મોડેલ ફાયર સ્ટેશન નિર્માણ કરવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના અગ્નિશમન માળખાને સુદૃઢ કરીને સમયાનુકૂળ સાધનોથી સજ્જ કરવાનો જનહિત અભિગમ અપનાવ્યો છે.



આ સંદર્ભમાં, મુખ્યમંત્રીશ્રીએ આણંદ નગરપાલિકાને રૂ. ૬.૩૦ કરોડ, નડિયાદ નગરપાલિકાને રૂ. ૬.૨૨ કરોડ, ગોધરા નગરપાલિકાને રૂ. ૫. ૯૪ કરોડ અને અમરેલી નગરપાલિકાને રૂ. ૫.૧૨ કરોડ મળીને ચાર નગરપાલિકાઓ માટે કુલ ૨૩.૫૮ કરોડ રૂપિયા મોડેલ ફાયર સ્ટેશન્સના નિર્માણ માટે મંજૂર કર્યા છે.

આ મોડેલ ફાયર સ્ટેશન્સ ૫૧૦૦ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામશે. અંદાજે ૨૫૦૦ ચો.મીટર જગ્યા ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ માટે રાખીને અન્ય જગ્યા મૉકડ્રીલ અને ફાયર સાધનો રાખવા માટે ઉપયોગમાં લેવાશે. નગરપાલિકાઓનાં આ મોડેલ ફાયર સ્ટેશનોમાં વૉટર બ્રાઉઝર, ફાયર ફાઈટર, બૂલેટ ફાયર જેવાં આધુનિક સાધનો ઉપલબ્ધ રહેશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, શહેરી વિકાસ વિભાગે રાજ્યના ૩૨ જિલ્લાઓમાં ૩૨ નગરપાલિકાઓ ખાતે જિલ્લાનાં મુખ્ય ફાયર સ્ટેશન બનાવવા ૩૨ વિભાગીય કચેરીઓ નિયત કરેલી છે. તદ્નુસાર, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લા કક્ષાના વડામથક ખાતેની ૧૬ નગરપાલિકાઓમાં નગરપાલિકા દીઠ રૂ. ૫.૧૪ કરોડ પ્રમાણે ૮૨.૨૪ કરોડની સૈદ્ધાંતિક અનુમતિ મળેલી છે. એટલું જ નહિ, ૨૦૨૨-૨૩ના બજેટમાં ફાયર સ્ટેશન દીઠ રૂપિયા ૧ કરોડ પ્રમાણે રૂ. ૧૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

આ ૩૨ નગરપાલિકાઓનાં ફાયર સ્ટેશનની સેવાઓ વધુ સંગીન બનાવવા માટે પ્રત્યેક નગરપાલિકામાં ૨૧ કર્મયોગીઓ એમ કુલ ૬૭૨ નવી જગ્યાઓ પૈકી મોટાભાગની જગ્યાઓ પર ભરતી પણ કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશનના નિર્માણ માટે જે વ્યૂહ અપનાવ્યો છે તેનાથી જિલ્લાઓમાં ફાયર-આગની આપત્તિ સમયે તાત્કાલિક બચાવ અને રાહત કાર્યો ઝડપથી થઈ શકશે. ●

### ૩૨ નગરપાલિકાઓમાં ફાયર સ્ટેશન માટે કર્મચારીઓની ભરતી કરાશે

## વડાલી, કરજણ અને મુંદ્રા-બારોઈને પાણી પૂરું પાડવાની યોજના

સરકારે રાજ્યનાં નગરો-શહેરોમાં નાગરિકોને પીવાના પાણીની પૂરતી સુવિધા આપવા તથા ઘરોની ડ્રેનેજ લાઇનનું મેઇન ડ્રેનેજ સાથે જોડાણ આપી નગરોમાં સ્વછતા શુદ્ધતા જાળવણીનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ હેતુસર સાબરકાંઠા જિલ્લાનાં વડાલી, વડોદરા જિલ્લાનાં કરજણ અને કચ્છનાં મુન્દ્રા-બારોઇ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાલી નગરપાલિકાને પાણી પુરવઠા યોજનાનાં કામો માટે રૂ. ૬.૩૧ કરોડ, કરજણ નગરપાલિકાના જૂના બજાર વિસ્તારમાં પાણી પુરવઠાના કામ માટે રૂ. ૯૧.૪૯ લાખ અને મુન્દ્રા-બારોઇ નગરપાલિકાને રૂ. ૨૦.૭૮ કરોડ એમ કુલ ૨૮ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કર્યા છે.

આ નગરોમાં હાલના બેઝ ઈયર તથા આગામી ૨૦૫૨ સુધીની અંદાજે વસ્તીને ધ્યાને રાખીને પાણી પુરવઠા યોજનાનાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. વડાલી, કરજણ અને મુન્દ્રા-બારોઇ નગરોમાં દૈનિક પાણી પૂરતા પ્રમાણમાં મળતું થાય તે માટે આ સૂચિત યોજનામાં રાઇઝીંગ મેઇન, ઊંચી ટાંકી, પમ્પિંગ મશીનરી, અંડરગ્રાઉન્ડ સમ્પ, વિતરણ વ્યવસ્થા જેવાં કામો હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગેની જે દરખાસ્ત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજૂ કરવામાં આવી હતી તેને તેમણે અનુમોદન આપ્યું છે. એટલું જ નહિ, મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનાં અન્ય ત્રણ નગરો થરાદ, વિસાવદર અને ધ્રાંગધ્રામાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અન્વયે ઘરોની ગટર લાઇન મુખ્ય ગટર લાઇન સાથે જોડવાનાં કામો માટે પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી રકમની ફાળવણી કરી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના ઘટકમાં સોસાયટીનાં ઘરોની ડ્રેનેજ લાઇનને મેઇન ડ્રેનેજ લાઇન સાથે જોડવાનાં કામો માટે જોડાણ દીઠ મહત્તમ રૂ. સાત હજાર આપવાનું નિર્ધારિત થયેલું છે. મુખ્યમંત્રીશ્રીએ આ યોજના અન્વયે જે રકમ ફાળવી છે તેમાં થરાદ નગરપાલિકાનાં ૨૭૦ ઘરોની ડ્રેનેજ લાઇન માટે રૂ. ૧૮.૫૬ લાખ, ધ્રાંગધ્રા નગરપાલિકામાં ૫૦૦ ઘરોની ગટર લાઇન માટે રૂ. ૨૪.૯૭ લાખ અને વિસાવદરમાં મેઇન ગટર લાઇનમાં જોડાણ માટે રૂ. ૨૩.૪૮ લાખ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા આ ત્રણેય નગરપાલિકાઓ માટેની રૂ. ૬૭.૦૧ લાખની દરખાસ્તો ૧૫૩૭ ઘરોની ગટર લાઇનને મુખ્ય ગટર લાઇન સાથે જોડવાનાં કામો માટે રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્તો મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરતાં આ નગરોમાં સ્વચ્છતા-શુદ્ધતા અને પર્યાવરણ જાળવણીને વધુ વેગ મળશે. ●

# ત્રણ નગરપાલિકા માટે પાણી પુરવઠાના કામો મંજૂર

રાજ્યના નગરો-શહેરોમાં પીવાના પાણીની પૂરતી સુવિધા નાગરિકોને આપવા તથા ઘરોની ડ્રેનેજ લાઇનનું મેઇન ડ્રેનેજ સાથે જોડાણ આપી નગરોમાં સ્વછતા શુદ્ધતા જાળવણીનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર સાબરકાંઠા જિલ્લાની વડાલી, વડોદરા જિલ્લાની કરજણ અને કચ્છની મુંન્દ્રા-બારોઇ નગરપાલિકાઓના પાણી પુરવઠા યોજનાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમણે વડાલી નગરપાલિકાને આવી પાણી પુરવઠા યોજનાના કામો માટે રૂ. ૬.૩૧ કરોડ, કરજણ નગરપાલિકાના જૂના બજાર વિસ્તારમાં પાણી પુરવઠાના કામ માટે રૂ. ૯૧.૪૯ લાખ અને મુંન્દ્રા-બારોઇ નગરપાલિકાને રૂ. ૨૦.૭૮ કરોડ એમ કુલ ૨૮ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી મંજૂર કર્યા છે. આ નગરોમાં હાલની બેઝ ઇયર તથા આગામી ૨૦૫૨ સુધીની અંદાજિત વસ્તીને ધ્યાને રાખીને પાણી પુરવઠા યોજનાના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.



વડાલી, કરજણ અને મુંન્દ્રા-બારોઇ નગરોમાં દૈનિક પાણી પુરતા પ્રમાણમાં મળતું થાય તે માટે આ સુચિત યોજનામાં રાઇઝીંગ મેઇન, ઊંચી ટાંકી, પમ્પીંગ મશીનરી, અંડરગ્રાઉન્ડ સમ્પ, વિતરણ વ્યવસ્થા જેવા કામો હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અંગેની જે દરખાસ્ત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજુ કરવામાં આવી હતી તેને તેમણે અનુમોદન આપ્યું છે. એટલું જ નહિ, મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના અન્ય ૩ નગરો થરાદ, વિસાવદર અને ધ્રાંગધ્રામાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અન્વયે ઘરોની ગટર લાઇન મુખ્ય ગટર લાઇન સાથે જોડવાના કામો માટે પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી રકમની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ યોજના અન્વયે જે રકમ ફાળવી છે તેમાં થરાદ નગરપાલિકાના ૨૭૦ ઘરોની ડ્રેનેજ લાઇન માટે રૂ. ૧૮.૫૬ લાખ, ધ્રાંગધ્રા નગરપાલિકામાં ૫૦૦ ઘરોની ગટર લાઇન માટે રૂ. ૨૪.૯૭ લાખ અને વિસાવદરમાં મેઇન ગટર લાઇનમાં જોડાણ માટે રૂ. ૨૩.૪૮ લાખ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા આ ત્રણેય નગરપાલિકાઓ માટેની રૂ. ૬૭.૦૧ લાખની દરખાસ્તો ૧૫૩૭ ઘરોની ગટર લાઇનને મુખ્ય ગટર લાઇન સાથે જોડવાના કામો માટે રજુ કરવામાં આવી હતી. આ દરખાસ્તો મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરતાં આ નગરોમાં સ્વચ્છતા-શુદ્ધતા અને પર્યાવરણ જાળવણીને વધુ વેગ મળશે. ●

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBCનું પ્રતિનિધિત્વ નિર્ધારિત કરવા સ્વતંત્ર પંચની રચના



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અન્ય પછાત વર્ગોને પૂરતું પ્રતિનિધિત્વ મળે તે હેતુસરના સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબની કાર્યવાહી માટે એક સ્વતંત્ર પંચની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ પંચના અધ્યક્ષ તરીકે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી કે.એસ. ઝવેરી રહેશે. આ સ્વતંત્ર પંચ સ્થાનિક સ્વરાજ્યનાં એકમોમાં અન્ય પછાત વર્ગોની બેઠકો નક્કી કરતાં પહેલાં આવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતપણાના સ્વરૂપ અને અસરોનો તેમજ તેની રાજનીતિક સ્થિતિ અનુસાર આંકડા એકત્ર કરીને અને તેનું વિશ્લેષણ કરીને સંપૂર્ણ અને કાળજીપૂર્વકનો અભ્યાસ કરવા માટે રચવામાં આવેલું છે. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આ સ્વતંત્ર પંચની ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા મુજબ લોકલ બૉડી વાઇઝ અનામતના પ્રમાણને નક્કી કરવાનો સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપેલો છે. ●

## ગણેશજીની મૂર્તિની ઊંચાઇ પરનાં નિયંત્રણો દૂર

રાજ્યમાં શ્રદ્ધા-ઉલ્લાસપૂર્વક મનાવવામાં આવતા ગણેશચતુર્થી ઉત્સવ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગણેશ ચતુર્થીના તહેવારમાં ગણેશજીની મૂર્તિની ઊંચાઈ પરનાં પ્રતિબંધો હટાવી લેવાનો નિર્ણય કર્યો છે.

૨૦૨૧માં ગણેશોત્સવમાં કોવિડ-19ની સ્થિતિને ધ્યાને લઈને ગણેશ સ્થાપનમાં મૂર્તિની ઊંચાઇની મર્યાદા રાખવામાં આવેલી હતી. કોવિડ-19 સંબંધિત તમામ નિયંત્રણો તા.૩૧ માર્ચ-૨૦૨૨ પછી અમલમાં નથી, તેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો છે કે ગુજરાતમાં હવે ગણેશચતુર્થીના આગામી ઉત્સવ દરમિયાન જાહેર સ્થળોએ કે ઘરમાં સ્થાપવામાં આવનારી ગણેશ મૂર્તિની ઊંચાઈ સંબંધે કોઈ નિયંત્રણો અમલમાં નહિ રહે. જોકે, ગણેશજીની મૂર્તિ બનાવવા તથા તેના વિસર્જન અંગે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા લાગુ કરવામાં આવેલાં માર્ગદર્શક સૂચનોનો અમલ કરવાનું યથાવત્ રાખવામાં આવ્યું છે. ●

## રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયો



ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ૯ તાલુકાનાં ૯૭ ગામે નર્મદાનાં નીર પહોંચાડવા માટે રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. રૂ.૫૫૦ કરોડના ખર્ચે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના જલોત્રા ગામના કરમાવદ તળાવને નર્મદાનાં નિરથી ભરવા માટે રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, એમ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ ત્રણ જિલ્લાના ખેડૂતોને સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના લોકોની તથા ભારતીય કિસાન સંઘ તેમજ સ્થાનિક અગ્રણીઓ દ્વારા નર્મદાનાં નીરથી જલોત્રા ગામનું કરમાવદ તળાવ ભરવાની રજૂઆતને ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રીએ આ મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, કરમાવદ તળાવમાં નર્મદાનાં નીર પહોંચાડવા માટે નર્મદા મુખ્ય નહેરની સાંકળ-૩૧૧ કિ.મી. પરથી ઑફટેક થતી મોઢેરાથી મોટીદાઉ સુધીની એમ.એસ. પાઇપલાઈનને મુક્તેશ્વર જળાશય સુધી લંબાવીને મુક્તેશ્વર જળાશય તથા ત્યાંથી કરમાવદ તળાવને જોડતી પાઇપલાઈનની અંદાજિત રૂ.૫૫૦ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

આ યોજના અંતર્ગત મહેસાણા તાલુકાના મોટીદાઉથી વડગામ તાલુકાના કરમાવદ તળાવ સુધી આશરે ૭૦ કિ.મી. લંબાઈની એમ.એસ. પાઇપલાઈન નાખવામાં આવનાર છે. પૈકી મુક્તેશ્વર જળાશય સુધી ૨૦૦ ક્યુસેક વહનક્ષમતા ધરાવતી પાઈપલાઈન તથા ત્યારબાદ કરમાવદ તળાવ સુધી ૧૦૦ ક્યુસેક વહનક્ષમતા ધરાવતી પાઈપલાઈન નાખવાનું આયોજન કરાયું છે. આ પાઇપલાઈન થકી મોટીદાઉથી આશરે ૨૮૦ મીટરની ઊંચાઈ પર નર્મદાનું પાણી લિફ્ટ કરી કરમાવદ તળાવ સુધી પહોંચાડવામાં આવશે.

તેમણે કહ્યું કે, આ પાઇપલાઈન યોજનાથી કરમાવદ તળાવ ઉપરાંત મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ૯ તાલુકાનાં કુલ ૯૭ ગામોને નર્મદાનાં પાણી થકી પૂરક સિંચાઈનો લાભ મળશે.●

## કમલમ્ ફળના ખેડૂતોને આર્થિક સહાય અપાશે



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશને સિદ્ધ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકારે રાજ્યમાં કમલમ્ ફળના વાવેતર કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂ.૧૦૦૦ લાખની આર્થિક સહાયનો ખાસ કાર્યક્રમ શરૂ કર્યો છે, તેમ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું. કૃષિ મંત્રીએ વિગતો આપતાં કહ્યું હતું કે સામાન્ય જાતિના ખેડૂતોને હેક્ટર દીઠ મહત્તમ રૂ.૩ લાખ તથા અનુ.જાતિ અને અનુ.જનજાતિના ખેડૂતોને હેક્ટરદીઠ મહત્તમ રૂ ૪.૫૦ લાખની સહાય માટે કુલ રૂ.૧૦૦૦ લાખની સહાય જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ અંતર્ગત ખેડૂતોને બહુવર્ષાયુ ફળઝાડ વાવેતરમાં સહાય, પિયતનાં સાધનોમાં સહાય, બાગાયતી યાંત્રીકરણ માટે, બાગાયતી માળખાકીય સુવિધા ઊભી કરવા જેવા વિવિધ ઘટકોમાં આર્થિક સહાય માટે વ્યક્તિગત ખેડૂત, FPO, FPC, રજિસ્ટર્ડ ટ્રસ્ટને મહત્તમ કુલ રૂ.૫૦ લાખની સહાય માટે કુલ રૂ.૬૫૦ લાખનો કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ સહાય માટે સરકારે બંને કાર્યક્રમો માટે કુલ રૂ. ૧૬૫૦ લાખની રકમ ફાળવી છે તેમ કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કમલમ્ ફળ - ડ્રેગનફ્રૂટમાં મહત્ત્વના વિટામિન્સ અને મીનરલ્સ સારી માત્રામાં રહેલા હોઈ વાવેતર માટે સહાયના કાર્યક્રમથી આ પાક હેઠળનો વિસ્તાર ઝડપથી વધારી શકાય તેમ છે. કમલમ્ ફળનું વાવેતર કરતા ખેડૂતોને સહાય સીધી જ ખેડૂતના ખાતામાં DBTથી ચૂકવવામાં આવશે. ●

## રાજ્યમાં ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડૂતોના હિતમાં ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ અંગે માહિતી આપતાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં મગ પાક માટે ટેકાનો ભાવ રૂ.૭,૨૭૫ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. આ ભાવે ગુજરાતમાં ખેડૂતો પાસેથી આગામી તા. ૨૧ જુલાઈ-૨૦૨૨થી ટેકાના ભાવે મગની ખરીદી શરૂ કરવામાં આવશે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી નાફેડ થકી રાજ્ય સરકાર નિયુક્ત રાજ્ય નોડલ એજન્સી ઇન્ડીએગ્રો કોન્સોર્ટીયમ પ્રોડ્યુસર કં.લિ. (FPO) મારફત કરવામાં આવનાર છે. ઉનાળુ મગ પાકની ટેકાના ભાવે ખરીદી માટે ૨૦ જુલાઇ-૨૦૨૨ સુધી ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. ત્યારબાદ તા.૨૧ જુલાઇ ૨૦૨૨થી કેન્દ્ર સરકાર દ્વારા મળેલી મંજૂરીને આધીન ગુજરાતમાં વિવિધ કેન્દ્રો ઉપરથી મગની ખરીદી શરૂ કરવામાં આવશે. હાલ વિવિધ એ.પી.એમ.સી. ખાતે મગ પાકનો સરેરાશ બજારભાવ નિયત થયેલ ટેકાનો ભાવ રૂ.૭૨૭૫ પ્રતિ ક્વિન્ટલ કરતાં ઓછો હોઈ રાજ્યના ખેડૂતોને આર્થિક નુકસાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો ખેડૂતોના હિતમાં નિર્ણય કરાયો છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોની નોંધણી ગ્રામકક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો પરથી VLE મારફતે કરવામાં આવશે. નોંધણી માટે ખેડૂતોએ કોઈ ચાર્જ-રકમ ચૂકવવાની રહેશે નહીં.●

## તારંગા હિલથી અંબાજી સુધીની નવી રેલવે લાઈનને કેન્દ્ર સરકારે આપી મંજૂરી

# શક્તિપીઠ અંબાજી રેલવે લાઇનથી જોડાશે



વડાપ્રધાન બન્યા બાદ પણ ગુજરાતના વિકાસને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેગવંતો રાખ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા બાદ કેન્દ્ર સરકારમાં વર્ષો થી પડતર ગુજરાતના પ્રશ્નોનું એક બાદ એક નિરાકરણ કરી રહ્યા છે. આવી જ એક વરસો જૂની માંગણીની મોટી ભેટ ઉત્તર ગુજરાત અને ખાસ ૫૧ શક્તિપીઠમાં અગ્રીમ સ્થાન ધરાવતા અંબાજીને કેન્દ્ર સરકારે આપી છે. કેન્દ્ર સરકારે અંબાજીથી તારંગા સુધીની નવી રેલવે લાઈનને મંજૂરી આપી છે. જેના કારણે ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના વિકાસને વધુ વેગ મળશે.

આઝાદી સમય પહેલાથી તારંગાથી અંબાજી થઈ આબુરોડ સુધી રેલવે લાઈન નાખવા માટે સ્થાનિક આગેવાનો માંગ કરી રહ્યા હતા. પરંતુ આખરે આ માંગને ન્યાય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની સરકારે આપ્યો. વર્ષો જૂની આ માંગણીને સ્વીકારી આદિવાસી વિસ્તાર અને જંગલ વિસ્તારમાં હવે ટ્રેન આવવાનું સ્વપ્ન સાકાર થયું છે. તારંગા હિલથી અંબાજી થઈ આબુરોડ સુધી ૧૧૬.૬૫ કિલોમીટર લાંબી રેલવે લાઈન વિશ્વની સૌથી પ્રાચીન ગિરિમાળામાં નિર્માણ થશે. જેમાં ૮૨ કિલોમીટર રેલવે લાઈન ગુજરાત સીમામાં જયારે ૩૪ કિમી રેલવે લાઈન રાજસ્થાનની સીમામાં નિર્માણ થશે. જેની પાછળ સરકાર અંદાજીત ૨૭૯૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

શક્તિપીઠ અંબાજીમાં માં અંબાના દર્શન કરવા દર વર્ષે લાખો ભક્તો આવે છે. જયારે તારંગા હિલ પર જૈન ધર્મના ૨૪ તીર્થંકરમાંથી એક અજીતનાથ ભગવાનનું જૈન મંદિર આવેલું છે. ધાર્મિક દ્રષ્ટીએ આ બંને ધામ લોકોની આસ્થા અને ભક્તિ સાથે જોડાયેલા છે. લાખો ભક્તો પોતાની આસ્થા અને શ્રધ્ધાથી આ ધાર્મિકો સ્થળોએ દર્શને આવતા હોય છે. આ રેલવે લાઈનનું નિર્માણ થવાથી પ્રવાસીઓને અંબાજી તેમજ તારંગા સુધીની સીધી રેલવે કનેક્ટિવિટી મળશે. જેથી પ્રવાસીઓની મુશ્કેલી દુર થશે. જેથી પ્રવાસીઓ રેલવે થકી ધાર્મિક સ્થળોએ દર્શનનો લાભ લઈ શકશે.

કેન્દ્ર સરકારે અંબાજીને રેલવે લાઈનથી જોડવાની મંજૂરી મળતાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કેન્દ્ર સરકારનો આભાર માનવામાં આવ્યો હતો. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું કે વર્ષ દરમ્યાન સવા કરોડ થી વધુ ભક્તો માં અંબાના દર્શન માટે આવે છે. જેમાં ગુજરાતથી આવતા ભક્તોની સંખ્યા વધુ છે. હવે જયારે અંબાજી શક્તિપીઠ રેલવે કનેક્ટિવિટી થી જોડાશે ત્યારે ન માત્ર ગુજરાત પણ દેશમાંથી માં અંબાના ભક્તો અંબાજી આવી માતાના દર્શન કરી શકશે. અંબાજી અને તેની આસપાસનો વિસ્તાર આદિવાસી વસ્તી ધરાવતો વિસ્તાર છે. જેથી અહીના સ્થાનિક લોકો માટે પણ નવી રેલવે લાઈનનું નિર્માણ થતાં રોજગારીની નવી તકો ઉભી થશે.

કેન્દ્ર સરકારે નવી રેલવે લાઈન મંજૂર કરતાં દાંતા અને અંબાજીના સ્થાનિક લોકોમાં આનંદની લાગણી છવાઈ છે. આઝાદી પહેલાની આ માંગને પૂર્ણ કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સમગ્ર પંથકના નાગરીકોએ આભાર વ્યક્ત કર્યો હતો. અનેક વર્ષોની લોક લાગણીનો પડઘો વડાપ્રધાનશ્રીએ પાડ્યો છે, જેને નાગરિકોએ સહર્ષ વધાવી લીધો છે. આબુરોડ થી અંબાજી થઇ તારંગા સુધીની રેલવે લાઈનથી પર્વતીય અને આદિવાસી વિસ્તારોનો વિકાસ વધુ વેગવંતો બનશે.

આબુરોડ તારંગા રેલવે લાઈન થી ૧૧૦ કિલોમીટરના વિસ્તારમાં આવતા અનેક ગામ તેમજ મુખ્ય મથકો રેલવે કનેક્ટિવિટી થી જોડાશે. જેથી આ વિસ્તારનો વિકાસ થશે. અંબાજી અને તેની આસપાસના વિસ્તારમાં માર્બલ ઉદ્યોગ વિકસ્યો છે. આ નવી રેલવે લાઈનના નિર્માણથી માર્બલ ઉદ્યોગના પરિવહન માટે મોટી સુવિધા ઉપલબ્ધ થશે. અંબાજી અને તેની આસપાસનો વિસ્તાર પર્વતીય હોઈ પરિવહનને લઈ અનેક પ્રશ્નો ઉભા થતાં હોય છે. પરંતુ રેલવે લાઈનથી માર્બલ ઉદ્યોગ માટે પરિવહનની મુશ્કેલીઓ દૂર થશે.

કેન્દ્ર સરકારે મંજૂર કરેલી આ વર્ષો જૂની માંગણી ગુજરાતના વિકાસમાં વધુ એક નવું મોરપીંછ ઉમેરશે. આબુરોડથી અંબાજી થઇ તારંગા જતી આ રેલવે લાઈનનું કામ પૂર્ણ કરવાનો અંદાજીત સમય ૨૦૨૬ - ૨૭ રાખવામાં આવ્યો છે. દુર્ગમ અને કુદરતી સૌંદર્ય ધરાવતી અરાવલીની ગિરિમાળાઓ વચ્ચેથી પસાર થતી આ રેલવે લાઈન આ વિસ્તારના સર્વાંગી વિકાસની ધોરીનસ સમાન સાબિત થશે. ●

# ડબલ એન્જિનવાળી સરકાર, અગ્રેસર ગુજરાત...

✎ યોગેશ પંડ્યા

મુંબઈ રાજ્યમાંથી ૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારે ઘણા લોકોને શંકા હતી કે ૧૬૦૦ કિલોમીટરથી પણ લાંબો ખારો પાટ - દરિયાકાંઠો ધરાવતું આ રાજ્ય કેવી રીતે વિકાસ કરશે. પૌરાણિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ વારસો ધરાવતું ગુજરાત આવી તમામ આશંકાઓ છતાં દેશમાં પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવવામાં સફળ રહ્યું છે. એક સમય હતો કે ગુજરાત માત્ર ઔદ્યોગિક રાજ્ય ગણાતું હતું અને ટેક્ષટાઇલ ઉદ્યોગની આસપાસ રાજ્યનું અર્થતંત્ર ધબકતું હતું. પરંતુ સમય અને ટેક્નોલોજીમાં પરિવર્તનની સાથે વિકાસની પરિભાષા પણ બદલાઈ. છેલ્લાં ૨૦ વર્ષની ગુજરાતની વિકાસયાત્રા ઉપર નજર કરીએ તો આ બાબત સ્પષ્ટ જણાઈ આવશે. એટલું જ નહિ- આ સમયગાળામાં વિકાસ માટેની લોકોની અપેક્ષાઓ પણ વધી અને એ અપેક્ષાઓને પરિપૂર્ણ કરી શકે તેવું સબળ અને દૂરદર્શી નેતૃત્વ પણ રાજ્યને મળ્યું. એટલે જ આજે આપણું ગુજરાત વ્યાપાર - ઉદ્યોગમાં સરળતા (ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ) ની સાથે જીવન જીવવાની સરળતા (ઈઝ ઑફ લિવિંગ)ના માપદંડોમાં પણ ખરું ઊતરી રહ્યું છે અને સતત આ દિશામાં આગળ વધી રહ્યું છે.

**ઉદ્યોગ અને મૂડીરોકાણ :** ગુજરાત અનેક ક્ષેત્રોમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. ઉદ્યોગ ક્ષેત્રે જોઈએ તો વિશ્વની સૌથી વિશાળ ઓઈલ રિફાઈનરી જામનગરમાં છે. વિશ્વનો સૌથી મોટો હીરા પ્રોસેસિંગ ઉદ્યોગ સુરતમાં વિકાસ પામ્યો છે. એટલે કે વિશ્વના ૧૦માંથી ૮ હીરા ગુજરાતમાં પૉલિશ થાય છે. હીરાના પ્રોસેસિંગમાં વિશ્વમાં ગુજરાતનો હિસ્સો ૭૨ ટકા છે, જ્યારે ભારતમાંથી હીરાની નિકાસમાં ૯૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ટાઇલ્સમાં વિશ્વનું બીજા નંબરનું સૌથી વિશાળ ઉત્પાદન ક્ષેત્ર કે ક્લસ્ટર મોરબીમાં છે. દેશના સિરામિક ઉત્પાદનમાં ૯૦ ટકા હિસ્સો ગુજરાતનો છે. વિશ્વના ૧૬૦ દેશોમાં સિરામિક ઉત્પાદનોની નિકાસ થાય છે, જેનો ૮૦ ટકા હિસ્સો ગુજરાતનો છે, જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૧.૭ બિલિયન અમેરિકી ડોલર નોંધાઈ હતી.

ભારતમાં સૉલ્ટ- મીઠું પકવવામાં ૭૬ ટકા હિસ્સા સાથે ગુજરાત પ્રથમ સ્થાને છે. દેશમાં ડેનિમના ઉત્પાદનમાં ગુજરાત અગ્રસ્થાને છે. રાજ્યમાં ડેનિમ ઉત્પાદનનાં ૨૫ એકમો છે, જેની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા વાર્ષિક- ૧ બિલિયન મીટરની છે. દેશમાં મેન્યુફેક્ચરિંગ હબ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રસ્થાને છે. નાણાકીય વર્ષ- ૨૦૧૨થી ૨૦૨૦ સુધીમાં રાજ્યમાં આ ક્ષેત્ર ૧૫.૯ ટકાના વાર્ષિક દરથી વૃદ્ધિ પામીને રૂ.૫.૧૧ લાખ કરોડ ઉપર પહોંચ્યું છે. ભારતીય રિઝર્વ બૅન્ક માહિતી અનુસાર મૂડીરોકાણ ક્ષેત્રે પણ ગુજરાત અવ્વલ રહ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૯ વચ્ચે રૂ.૫.૮૫ લાખ કરોડ હતું. ૨૦૧૬-૨૧ વચ્ચે દેશમાં આવેલા વાસ્તવિક રોકાણનો



૨૫ ટકા હિસ્સો ગુજરાતનો હતો. રાજ્યને વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં નેશનલ સ્ટાર્ટ અપ રેન્કિંગમાં "બેસ્ટ પરફોર્મર"નો પુરસ્કાર મળેલો છે.

**બંદરો અને લૉજિસ્ટિક :** ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત દેશના બંદર માલપરિવહનમાં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાત લૉજિસ્ટિક પરફોર્મન્સ ઇન્ડેક્ષમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧માં પ્રથમ હતું. નિકાસ તૈયારીઓના ઈન્ડેક્ષમાં૨૦૨૦માં પ્રથમ સ્થાને હતું. નાણાકીય વર્ષ ૨૦૨૨માં માલસામાનની નિકાસમાં દેશમાં પ્રથમ સ્થાને રહેલા ગુજરાતે રૂ. ૮.૩૭ લાખ કરોડની નિકાસ કરી હતી, જે તેના આગલા વર્ષની નિકાસ કરતાં બમણાથી પણ વધુ છે.

**પુનઃ પ્રાપ્ય ઊર્જા- રિન્યુએબલ એનર્જી :** વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રીડ સોલાર વિન્ડ રિન્યુએબલ એનર્જી -પાર્ક - ૩૦ ગીગા વોટ ક્ષમતાનો કચ્છમાં છે. ૭૩૦ મેગાવોટથી વધુનો ભારતનો પ્રથમ અતિ આધુનિક અને બહુ ઉપયોગી ચારણકા સોલાર પાર્ક ૨૦૧૦માં પાટણ જિલ્લામાં સ્થાપ્યો હતો. વિશ્વનો સૌપ્રથમ કેનાલ ટોપ ૧ મેગાવોટ સોલાર પ્રોજેક્ટ નર્મદા બ્રાંચ કેનાલ નેટવર્ક ઉપર સ્થાપ્યો છે. મહેસાણા નજીક ચંદ્રાસણ ગામ પાસે માત્ર એક હજાર દિવસના વિક્રમ સમયમાં કાર્યાન્વિત આ પ્રોજેક્ટથી સ્વચ્છ ઊર્જા ઉત્પાદનની સાથે પાણીનું બાષ્પીભવન પણ અટકે છે. ગુજરાત- રૂફ ટોપ સોલાર વીજ ઉત્પાદનમાં દેશમાં પ્રથમ છે. જ્યારે પવન ઊર્જા ઉત્પાદનમાં દેશમાં દ્વિતીય ક્રમે છે.

**કૃષિ ક્ષેત્ર :** એશિયાની સૌથી વિશાળ ડેરી- અમૂલ ડેરી ગુજરાતમાં છે. દેશમાં કપાસનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય ગુજરાત છે. ભારતમાં કપાસના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૩૧ ટકા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૨.૧૭ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન નોંધાયું હતું. એ જ રીતે કપાસની નિકાસના કુલ મૂલ્યમાં ૩૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. દેશમાં એરંડા, જીરું અને મગફળીનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે

**અન્ય બાબતો :** વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા- સ્ટેચ્યુ ઑફ યુનિટી કેવડિયા ખાતે લોહ પુરુષ સરદાર પટેલની સ્મૃતિમાં બનાવવામાં આવી છે. વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી વિશાળ ડાયનોસોર ફોસિલ પાર્ક અને ભારતનું પ્રથમ ડાયનોસોર સંગ્રહાલય મહીસાગર જિલ્લાના બાલાસિનોર પાસે આવેલું છે.

**જળ સંસાધનો :** નર્મદા પ્રોજેક્ટ દ્વારા વર્ષે ૧૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બની છે. ૯૪૯૦ ગામડાઓ અને ૧૭૩ નગરોને પીવાના પાણીની સુવિધા મળી છે. સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત કુલ ૪૫૯ ગામડાઓની ૧.૭૦ લાખ હેક્ટરથી વધુ જમીન સિંચાઈ સુવિધાથી લાભાન્વિત બની છે. તો સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રનાં ૯૭૦ ગામડાઓને આવરી લેતાં ૧૧૫ જળાશયો પૈકીનાં ૮૯ પાણીથી ભરાયાં છે. ૩૧ શહેરો અને ૭૩૭ ગામડાઓના ૧ કરોડ લોકોને પીવાના પાણીની સુવિધા મળી છે.

**જલ જીવન મિશન હેઠળ - નલ સે જલ :** રાજ્યના ૧૬ જિલ્લાઓ, ૧૫૦ તાલુકાઓ અને ૧૫૨૮૫ ગામોમાં નળનું જોડાણ ૧૦૦ ટકા થયું છે. ઘરઆંગણે પાણીની ઉપલબ્ધતાથી પાણી લાવવાના પ્રયાસ અને સમયમાં બચાવની સાથે શ્રમથી મુક્તિ મળી છે.

**કનેક્ટિવિટી- માર્ગ જોડાણ :** રાજ્યમાં રોડ નેટવર્ક- વર્ષ ૨૦૦૧-૦૨માં ૭૪૦૧૮ કિલોમીટર સામે ૨૦૨૦-૨૧માં ૮૧૩૦૫ કિલોમીટની સિદ્ધિ, જે ૧૦ ટકા વધારો દર્શાવે છે. નોંધાયેલાં વાહનોની સંખ્યા- વર્ષ ૨૦૦૧-૦૨માં ૬૦.૦૮ લાખ સામે ૨૦૨૦-૨૧માં ૨૭૭.૩૩ લાખ- જે ૩૬૨ ટકાનો વધારો દર્શાવે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૩,૯૧૦ કિલોમીટર રોડ અને ૮૮ બ્રિજનું કામ પૂર્ણ થવાથી ૩૦૪૮ ગામોના આશરે ૨૦ લાખ લોકોને ફાયદો થયો છે. તેમજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા ૪૧,૭૬૭ કિલોમીટર રોડ પૂર્ણ થવાથી ૧૪,૪૦૦ ગામોના આશરે ૨.૬ કરોડ લોકોને લાભ મળ્યો છે. પ્રગતિપથ - ૩૭૧૦ કિલોમીટર રોડ પૂર્ણ થવાથી ૧૦,૦૦૦ ગામોના ૨.૫ કરોડથી વધુ લોકોને લાભ મળ્યો છે. કિસાનપથ- ગ્રામીણ રોડ નેટવર્ક હેઠળ- તમામ ૧૦૦ ટકા મહેસૂલી ગામોનું જોડાણ કરવામાં આવ્યું છે.



**ઊર્જા :** રાજ્યમાં ઊર્જાની સ્થિતિ ઉપર એક નજર કરીએ તો - સ્થાપિત ઉત્પાદન ક્ષમતામાં ૩૫૯ ટકા, વીજ ઉત્પાદનમાં ૧૩૩ ટકા અને વીજ વપરાશમાં ૧૫૬ ટકાનો વધારો નોંધાયો છે. માથાદીઠ વીજ વપરાશ ૧૨૨ ટકાનો વધારો દર્શાવે છે. પુનઃ પ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનમાં ૧૬,૦૦૦ ટકાથી વધુનો વધારો નોંધાયો છે, જેમાં સોલાર ઊર્જામાં ૮૯૩ ટકા, સોલાર રૂફ ટોપમાં ૧૦,૬૧,૬૬૦ ટકા અને પવન ઊર્જામાં ૫૨૯ ટકાના વધારાનો સમાવેશ થાય છે. ભારતમાં સોલાર રૂફ ટોપની કુલ સ્થાપિત ક્ષમતા સામે ૨૭ ટકાના હિસ્સા સાથે ગુજરાત સોલાર રૂફ ટોપ યોજનામાં પ્રથમ સ્થાને છે. આશરે ૩ લાખ રહેણાંક ગ્રાહકો દ્વારા કુલ ૧૧૫૬ મેગાવોટ સોલાર રૂપ ટોપની સ્થાપના થઈ છે.

**ઔદ્યોગિક વિકાસ :** ગુજરાત પહેલેથી જ ઔદ્યોગિક રાજ્ય રહ્યું છે, આમ છતાં જો વર્ષ ૨૦૦૧-૦૨ થી વર્ષ ૨૦૨૦-૨૧ના આંકડાઓ જોઈએ તો સ્પષ્ટ જણાય છે કે છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. રાજ્યમાં ઔદ્યોગિક એકમોની સંખ્યામાં ૧૭૮૬ ટકા વૃદ્ધિ , MSME એકમોમાં ૨૧૬ ટકાનો વધારો અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧૭૬ ટકાનો વધારો નોંધાયો છે.

**વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદ :** ગુજરાત વૈશ્વિક રોકાણકારોમાં પસંદગીનું સ્થળ બનીને બહાર આવ્યું છે. રોકાણના હેતુ સાથે કુલ ૧,૦૪,૮૭૨ પ્રોજેક્ટ સ્થાપવાના સમજૂતી કરારો થયા છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ સુધીમાં ગુજરાતમાં કુલ સીધું વિદેશી મૂડી રોકાણ ૫૧.૧૯ બિલિયન અમેરિકી ડોલર નોંધાયું છે. (માહિતી સ્રોત- DPIIT અને RBI) ઔદ્યોગિક માળખાકીય સુવિધા માટે સહાય- GIDCના જૂના માળખાને અપગ્રેડ કરાયું છે. ૨૦૧૫થી ૨૦૨૦ સુધીમાં ૧૦૯ પ્રોજેક્ટ હાથ ધરાયા અને માળખાકીય સુવિધા અપગ્રેડ કરાઈ છે.


**સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન - સર :** ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન- સૌથી વિશાળ ગ્રીનફિલ્ડ ક્ષેત્રનું ઔદ્યોગિક રોકાણ ક્ષેત્ર અને સ્માર્ટ સિટી તરીકે વિકસી રહ્યું છે. માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનનો વિકાસ. થયો છે.

**iCreate :** નેક્સ્ટ જનરેશન ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા દેશની આ પ્રકારની સૌ પ્રથમ સંસ્થાની સ્થાપના થઈ છે. ૪૯૧ સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપ્યું અને ૪૦ પેટન્ટ ફાઈલ કર્યા. DPIIT દ્વારા ૨૦૧૮ અને ૨૦૧૯માં સ્ટાર્ટ-અપ રેન્કિંગમાં ગુજરાતને બેસ્ટ પરફોર્મર જાહેર કરાયું છે.

**ઔદ્યોગિક નીતિ, સેક્ટર સ્પેસિફિક નીતિ અને યોજનાઓ :** કચ્છમાં ૨૦૦૧ના ધરતીકંપ પછી નોંધપાત્ર ઔદ્યોગિક વિકાસ થયો છે. ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૦૩ સૌપ્રથમ વખત જાહેર થઈ, વૈશ્વિક ધોરણો અને પર્યાવરણના માપદંડો માટે પ્રોત્સાહનો જાહેર કરાયાં છે. દેશમાં સૌ પ્રથમ વખત ગુજરાતમાં મેગા- ઈનોવેટીવ પ્રોજેક્ટ પૉલિસી ૨૦૦૯ જાહેર કરાઈ. ટેક્ષટાઈલ ક્ષેત્રે વૅલ્યુ એડીશનને પ્રોત્સાહન આપવા ગુજરાત ટેક્ષટાઈલ પૉલિસી ૨૦૧૨ની જાહેરાત. મેન્યુફેક્ચરિંગ સેક્ટરને ઈન્ટરેસ્ટ સબસિડી સહિત પ્રોત્સાહન આપવા ગુજરાત મેન્યુફેક્ચરિંગ પૉલિસી ૨૦૧૩ની જાહેરાત. ગુજરાત ઓટો ક્ષેત્રના હબ તરીકે ઊભરી આવ્યું. ૨૦૦૯, ૨૦૧૫ અને ૨૦૨૦માં નવી ઉદ્યોગ નીતિની જાહેરાત અને સેક્ટર સ્પેસિફિક પૉલિસી અને યોજનાની જાહેરાત કરાઈ છે.

**પ્રવાસન :** વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- સ્ટેચ્યુ ઑફ યુનિટી - એક્તા નગરનો વિકાસ થયો છે. દર મહિને સરેરાશ ૨ લાખ પ્રવાસીઓનું આગમન થયું છે. TERIના અહેવાલ મુજબ એક્તા નગરના સર્વગ્રાહી વિકાસ માટેના વિવિધ પ્રોજેક્ટ અને પૂરી પાડવામાં આવતી ઈકો-સિસ્ટમ સેવાઓનું વાર્ષિક આર્થિક મૂલ્ય રૂ. ૨૫૫૦ કરોડે પહોંચ્યું છે. આ ઉપરાંત વડનગરનો સંકલિત અને સર્વગ્રાહી વિકાસ, ધોરડો સફેદ રણ, પવિત્ર યાત્રાધામોનો વિકાસ કરાયો છે.

**શિક્ષણ :** છેલ્લાં ૨૦ વર્ષોમાં ધોરણ ૧થી ૫ અને ધોરણ ૧થી ૮માં ડ્રોપ આઉટ દરમાં અનુક્રમે ૯૩ ટકા અને ૯૧ ટકા જેટલો નોંધપાત્ર ઘટાડો. વિદ્યાર્થી- શિક્ષકના દરમાં ૩૫ ટકાની વૃદ્ધિ, યુનિવર્સિટીની સંખ્યામાં ૩૯૦ ટકા અને કૉલેજોની સંખ્યામાં ૩૦૨ ટકાની વૃદ્ધિ, ઈજનેરી, પોલિટેકનિક અને પ્રોફેશનલ કૉલેજોની સંખ્યામાં ૩૫૦ થી ૪૦૦ ટકા જેટલો વધારો, સરકારી આઈ.ટી.આઈ.ની સંખ્યામાં ૧૧૮ ટકા અને તેની બેઠકોની સંખ્યામાં ૨૨૧ ટકાનો વધારો નોંધાયો છે. કન્યા કેળવણી - શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવતર પહેલ કરવામાં આવી છે.



**આરોગ્ય :** છેલ્લાં ૨૦ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૪૧ ટકા, સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં ૩૭ ટકા અને આંગણવાડીઓની સંખ્યામાં ૭૮૫ ટકાનો વધારો નોંધાયો છે. એ જ રીતે ડૉક્ટરોની સંખ્યામાં ૧૩૩ ટકા, મીડવાઇફ્ઝની સંખ્યામાં ૨૫૦ ટકા અને નર્સની સંખ્યામાં ૩૨૪ ટકાનો વધારો નોંધાયો છે. બાળમૃત્યુ દરમાં ૫૮ ટકાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે સંસ્થાકીય પ્રસૂતિમાં ૯૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. મેડીકલની બેઠકોમાં ૩૪૧ ટકા જ્યારે મેડીકલ કૉલેજોની સંખ્યામાં ૨૬૨ ટકાનો વધારો થયો છે. મોતિયાનાં ઓપરેશનમાં ૮૭ ટકાથી વધુનો વધારો નોંધાયો છે.

શાળા આરોગ્ય ચકાસણી ઝુંબેશ, ચિરંજીવી યોજના, ૧૦૮ - ઈમરજન્સી સેવા, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, SVP હૉસ્પિટલ અમદાવાદ અને AIIMS રાજકોટ, કિશોરીઓ માટે- સબળા અને પૂર્ણા યોજના શરૂ કરીને રાજ્યના આરોગ્ય માળખાને સુદઢ કરવામાં આવ્યું છે.

**વિજ્ઞાન અને ટેક્નૉલૉજી :** ગુજરાત સ્ટેટવાઇડ એરિયા નેટવર્ક - GSWAN ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકાઓને જોડીને ૫૦૭૦ સરકારી વિભાગોને ડિજિટલ સંદેશાવ્યવહારથી સાંકળે છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ ૫૦૦/ ૨૦૦ MBPS ઇન્ટરનેટ બેન્ડવિથ પૂરી પાડે છે. ભારત નેટ ફેઝ - II હેઠળ અત્યાર સુધીમાં કુલ ૭૯૮૪ ગ્રામ પંચાયતો ( ૧૦૦ ટકા) આવરી લેવાઈ છે. સાયન્સ સિટીમાં મે-૨૦૨૨ માં સૌથી વધુ ૧.૩૯ લાખ મુલાકાતીઓ આવ્યા હતા. જુલાઈ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૮ લાખથી વધુ મુલાકાતીઓ નોંધાયા છે.

**સુશાસન :** ભારત સરકારના DARPG દ્વારા તૈયાર કરાયેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ ૨૦૨૧માં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે. સ્વાગત ઓનલાઈન, ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, સી.એમ. ડૅશબોર્ડ સેવા- સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોને સરળ અને પારદર્શી સેવા મળતી થઈ છે. ●

## વિશ્વનો સૌથી મોટો સોલાર-વિન્ડ પાર્ક 2026માં કાર્યરત થશે

કચ્છના ખાવડા ખાતે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક વિશ્વના સૌથી મોટા ૩૦,૦૦૦ મેગાવોટના સોલાર-વિન્ડ પાર્કની કામગીરી પ્રગતિમાં છે. આ પાર્કમાં ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૫૦ ટકા તેમજ ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં ૧૦૦ ટકા વીજક્ષમતા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. વિશ્વમાં સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કની પ્રગતિ અંગે માહિતી આપતાં ગુજરાત પાવર કૉર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું હતું કે, આ યોજના નિશ્ચિત સમયમાં પૂર્ણ થાય તે માટે સમયાંતરે રાજય સરકાર દ્વારા વિવિધ સ્તરે થયેલી પ્રગતિની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. સોલાર-વિન્ડ પાવર પાર્કમાં જે ડેવલોપર્સને પાર્ક સ્થાપિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, તેમના દ્વારા ડીટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુબલ એનર્જી (MNRE) સંસ્થા દ્વારા સોલાર પાર્ક સ્થાપવાની Mode-૮ Scheme અંતર્ગત ભારત સરકારના સાહસ NTPC RELના ખાવડા ખાતે ૪,૭૫૦ મે.વો.નો પાર્ક સ્થાપવા તેમજ ગુજરાત સરકારના GSECLના ૩,૩૨૫ મે.વો.અને GIPCLના ૨૩૭૫ મે.વો.ના REપાર્ક ખાવડા ખાતે સ્થાપવા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. વધુમાં, મિનિસ્ટ્રી ઑફ ડિફેન્સ (MoD) કેન્દ્ર સરકાર પાસેથી આ પાર્ક સ્થાપવા માટે અગોતરી મંજૂરી મેળવવામાં આવી છે જે અંતર્ગત સંરક્ષણ મંત્રાલયના નિર્દેશ અનુસાર લોકલ મિલિટરી ઑથોરિટી (LMA) સાથે સંકલનમાં રહી આ પાર્કની કામગીરી કરવામાં આવી રહી છે.



તેમણે કહ્યું હતું કે, આ રીન્યુએબલ એનર્જી પાર્કને જોડતા બે માર્ગીય ૩૦ કિ.મી.ના એપ્રોચ રોડની કામગીરી રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં પાર્કની કામગીરી શરૂ કરવામાં આવશે, ત્યારે તેની સંવેદનશીલતા અને રાષ્ટ્રીય સુરક્ષાને કેન્દ્રસ્થાને રાખીને આ સ્થળ પર આવનારા માનવબળની પૂરતી ચકાસણી કરવા માટે કચ્છ-પશ્ચિમના પોલીસ અધીક્ષક સાથે સંકલનમાં રહીને કમ્પ્યૂટર એડેડ સૉફ્ટવેર સિસ્ટમ પણ વિકસાવવામાં આવી રહી છે, તેમ GPCLના મેનેજિંગ ડિરેક્ટરે ઉમેર્યું હતું. ●

# ગુજરાતના આંગણે પ્રથમવાર યોજાશે રાષ્ટ્રિય રમતોત્સવ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસ અને દીર્ઘ દૃષ્ટિવંત નેતૃત્વમાં રમત ગમત ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રકલ્પોની શરૂઆત થઈ હતી. તેમાંનો એક પ્રકલ્પ એટલે ખેલ મહાકુંભ. ખેલ મહાકુંભની સાથે રાજ્યમાં રમતગમત ક્ષેત્રે માળખાગત સુવિધામાં પણ વધારો થયો છે. ત્યારે ગુજરાતને પ્રથમવાર રાષ્ટ્રિય રમતોત્સવના યજમાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ગૌરવપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું કે આગામી તા. ૨૭મી સપ્ટેમ્બરથી તા. ૧૦મી ઑક્ટોબર દરમિયાન ગુજરાતમાં ૩૬મો રાષ્ટ્રિય રમતોત્સવ યોજાશે.



રાજ્યનાં ૬ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગરમાં આ ૩૬મા રાષ્ટ્રિય રમતોત્સવની વિવિધ ૩૪ જેટલી રમતોનું આયોજન થશે. રાષ્ટ્રિય રમતોત્સવમાં હિસ્સેદારી એ દરેક રમતવીરનું એક સ્વપ્ન હોય છે, કેમ કે, આવા રમતોત્સવો તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા, અગાઉના કીર્તિમાન-રેકોર્ડ બ્રેક કરવા અને નવાં સિદ્ધિ -સીમાચિન્હો કીર્તિમાન સર કરવાનું સક્ષમ મંચ પ્રદાન કરે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને ખેલ-કૂદ, યુવા બાબતો તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાતે આ ૩૬મા રાષ્ટ્રિય રમતોત્સવની જ્વલંત સફળતા માટેની તૈયારીઓ-આયોજન સક્ષમતાપૂર્વક શરૂ કરી દીધાં છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે આ પ્રકારનો રાષ્ટ્રિય રમતોત્સવ છેલ્લે ૨૦૧૫માં કેરળમાં યોજાયો હતો. કોરોના રોગચાળા સહિત વિવિધ કારણોસર આ રમતો અત્યાર સુધી મુલત્વી રાખવામાં આવેલી હતી. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાત વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાઈ રહેલા ૩૬મા રાષ્ટ્રિય રમતોત્સવના યજમાન રાજ્ય બનવા ઇન્ડિયન ઑલિમ્પિક એસોસિયેશનને કરેલી દરખાસ્તનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો છે. આના પરિણામ સ્વરૂપે ૩૬મા રાષ્ટ્રિય રમતોત્સવનું ગુજરાતમાં આયોજન થવાનું છે.

આ રમતોત્સવમાં એથ્લેટિક્સ, હૉકી, ફૂટબોલ, વૉલીબોલ, લોન ટેનિસ, ટેબલ ટેનિસ, જૂડો, ખો-ખો, કુસ્તી, કબડ્ડી અને મલખમ તથા યોગાસન જેવી ઇન-ડૉર અને આઉટડોર રમતો સહિત ૩૪ જેટલી રમતોમાં દેશભરના ૭ હજારથી વધુ ખેલાડીઓ પોતાનું કૌવત ઝળકાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. ગુજરાતમાં ઑલિમ્પિકને આનુષાંગિક આવી રમતોના આયોજનથી વર્તમાન માળખાકીય સવલતો વધારવા સાથે તેનો શ્રેષ્ઠ ઉપયોગ પણ થશે.

રમત-ગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આ ૩૬મી નેશનલ ગેઈમ્સના આયોજન અને સફળતામાં ગુજરાત કોઈ જ કસર છોડશે નહીં, તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાત હવે સ્પોર્ટસ હબ બનવા ભણી આગળ વધી રહ્યું છે. વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ખેલમહાકુંભની ૨૦૧૦થી શરૂઆત કરાવી તેની જ્વલંત સફળતાથી આજે ગુજરાતમાં સ્પોર્ટસ કલ્ચર અને એક આખી ઈકોસિસ્ટમ ઊભી થઈ છે. તેમના નેતૃત્વમાં ગુજરાતે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરનાં ધોરણો મુજબની માળખાકીય સુવિધાઓ વિકસાવી છે. ગુજરાતના ખેલમહાકુંભની સફળતાને પગલે સરિતા ગાયકવાડ, માના પટેલ, હરમીત દેસાઈ, મુરલી ગાવિંત જેવા રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય ખેલાડીઓ આપણને મળ્યા છે. એટલું જ નહિ, પેરા ઓલિમ્પિક્સમાં પણ ગુજરાતની દીકરીઓએ રાષ્ટ્ર-રાજ્યનું નામ રોશન કર્યું છે.

ખેલાડીઓ-રમતવીરોને પદ્ધતિસરની તાલીમ, પ્રોત્સાહનની સંપૂર્ણ વ્યવસ્થાઓ રાજ્ય સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં વિકસાવી છે. એટલું જ નહિ, સ્પોર્ટસ પૉલિસી જાહેર કરીને સ્પોર્ટસ ક્ષેત્રે રોકાણો પ્રેરિત કરી ગુજરાતમાં વર્લ્ડક્લાસ સ્પોર્ટસ કૉમ્પ્લેક્ષ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. રમત-ગમત ક્ષેત્રે કારકિર્દી બનાવવા માગતા યુવાઓને પદ્ધતિસર અને સાયન્ટિફિક તાલીમ માટે ગુજરાતે સ્પોર્ટસ યુનિવર્સિટી શરૂ કરી છે. તાજેતરમાં એકતાનગર કેવડિયા ખાતે દેશના રાજ્યોના યુવા અને રમત-ગમતના પ્રભારી મંત્રીશ્રીઓની પરિષદમાં પણ ગુજરાતના સ્પોર્ટસ કલ્ચરની સૌએ સરાહના કરેલી છે. ●

# રાજ્યના ૯૬ ટકા ઘરોમાં નળમાંથી "જળ અવતરણ"



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સબળ નેતૃત્વ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ "નલ સે જલ યોજના" અંતર્ગત રાજ્યનાં ૯૬.૫૦ ટકા ઘરોને નળથી જોડાણ આપીને દેશનાં મોટાં રાજ્યોમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્યના કુલ ૯૧,૭૭,૪૫૯ ઘરો પૈકી ૮૮,૫૬,૪૩૮ ઘરોને નલ સે જલ યોજના અંતર્ગત નળ જોડાણ આપવામાં સફળતા મળી છે.

પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા દૂર-સુદૂર અને દુર્ગમ વિસ્તારો સહિતનાં સ્થળોએ ડુંગરાળ પ્રદેશો તેમજ છૂટાછવાયાં ઘરોમાં પણ નળનું જોડાણ આપીને નળથી જળ પહોંચાડવાની કામગીરી સુપેરે પૂર્ણ કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૫મી ઑગસ્ટ ૨૦૧૯ના રોજ સમગ્ર દેશમાં જલ જીવન મિશનનો પ્રારંભ કરાવ્યો હતો. તેના અંતર્ગત વર્ષ ૨૦૨૪ સુધીમાં દેશના પ્રત્યેક ઘરમાં નળથી પીવાનું શુદ્ધ જળ પહોંચે તે પ્રકારનું આયોજન હાથ ધરાયું છે.

ગુજરાત સરકારના આયોજનબદ્ધ માળખાના પરિણામે આ લક્ષ્યાંકને વર્ષ ૨૦૨૨ સુધીમાં જ પૂર્ણ કરવાની દિશામાં કામગીરી હાથ ધરાઈ છે, જે હવે પૂર્ણતાના આરે છે.

વર્ષ ૨૦૧૯માં જ્યારે નલ સે જલ અભિયાનની શરૂઆત થઈ ત્યારે ૭૧ ટકા ગ્રામીણ વિસ્તારોમાં જ નળથી જળ પહોંચતું હતું. વળી રાજ્યના એક પણ જિલ્લો સંપૂર્ણપણે ૧૦૦ ટકા નળથી જળ મેળવતો નહોતો પરંતુ જલ જીવન મિશન અંતર્ગતના નળથી જલ અભિયાનના પરિણામે આજે રાજ્યના ૧૬ જિલ્લાઓ સંપૂર્ણપણે ૧૦૦ ટકા નળથી જલ અંતર્ગત શુદ્ધ પીવાનું પાણી મેળવતા થયા છે.

આ ૧૬ જિલ્લાઓમાં આણંદ, ભાવનગર, બોટાદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ અને વડોદરાનો સમાવેશ થાય છે.

નળ સે જલ યોજના અંતર્ગત થયેલી તબક્કાવાર કામગીરી પર નજર કરીએ તો, વર્ષ ૨૦૧૯-૨૦ રાજ્યનાં ૯૧,૭૭,૪૫૯ કુલ ઘર પૈકી ૭૫,૯૪,૩૪૭ ઘરોમાં નળથી જળ પહોંચતું હતું. વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૬,૨૦,૯૬૨ એટલે કે ૮૩.૦૪ ટકા ઘરોમાં, વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૬,૭૩,૫૭૫ એટલે કે ૯૪.૫૧ ટકા ઘરોમાં અને જૂન-૨૦૨૨ સુધીમાં ૮૮,૫૬,૪૩૮ ઘરોમાં જોડાણ આપીને ૯૬.૫૦ ટકા ઘરોમાં નળ સે જલ અંતર્ગત નળજોડાણ આપવામાં સફળતા મળી છે.

અત્રે નોંધનીય છે કે, જલ જીવન મિશનનો ઉદ્દેશ દરેક ગ્રામીણ ઘરને નિયમિત, શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં નિયત ગુણવત્તાનો પીવાના પાણીનો પુરવઠો લાંબાગાળા સુધી ઉપલબ્ધ કરાવીને નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે.

જલ જીવન મિશન અંતર્ગત લાંબા ગાળાના પીવાના પાણીના સ્રોતો માટે પણ કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગ્રે-વૉટર મેનેજમેન્ટ, જળ સંરક્ષણ, રેઈન વૉટર હાર્વેસ્ટિંગ દ્વારા રિચાર્જ અને પાણીના પુન: ઉપયોગ થકી પાણીની ભવિષ્યની જરૂરિયાતને પહોંચી વળવા ટકાઉ સ્રોતોનું આયોજન કરવામાં આવ્યું છે. જલ જીવન મિશન પીવાના પાણી માટેના લોકભાગીદારીના અભિગમ પર આધારિત છે અને મિશન અંતર્ગત સહભાગીઓને યોજના વિશે વિસ્તૃત માહિતી અને શિક્ષણ આપીને પ્રચાર - પ્રસાર જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ●

**આણંદ, ભાવનગર, બોટાદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ અને વડોદરામાં ૧૦૦ ટકા નળ જોડાણ સંપન્ન**

# વાત છે એક એવી પ્રાથમિક શાળાની કે જ્યાંની દીવાલો પણ શિક્ષકની ગરજ સારે છે

દાસાભાઈ કોડિયાતર



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી એક શાળાની આ વાત છે, જેમાં દીવાલ બોલે છે. વર્ષ ૧૯૫૬માં સ્થપાયેલી આ શાળાના પ્રવેશદ્વારમાં પગ મૂકતાંની સાથે જ આંખો સમક્ષ હરિયાળો નજારો જોવા મળે છે. બગીચામાં ડ્રિપ ઈરિગેશનથી ઊછરેલા ગલગોટા, ડોલરથી લઈ ગુલાબની સુગંધ મનને મોહી લે છે. રમતના મેદાનમાં બાળકોની કિલકારીઓ રોમાંચિત કરી દે છે. બાળકોના મૂલ્ય આધારિત શિક્ષણ અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને પાયાનું શિક્ષણ અંતરિયાળ વિસ્તારની ઉના તાલુકાની ડમાસા પ્રાથમિક શાળા પૂરું પાડે છે.

સરકારની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપતી એક શાળાની વાત કરવી છે. છેવાડાના ગામની શાળાઓમાં તજજ્ઞ શિક્ષકો બાળકોને સરકારની ભાર વિનાના ભણતરની નેમ સાથે જ્ઞાન આપી રહ્યા છે. શાળાનું મકાન જ બાળકોને જ્ઞાન પૂરું પાડે એવા શિક્ષણ વિભાગ દ્વારા BALA બિલ્ડિંગ એઝ લર્નિંગ એઈડના અભિગમથી શિક્ષણ કાર્ય થઈ રહ્યું છે. શિક્ષણને રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણ થાય છે. પ્રગતિશીલ શાળાઓમાંની એક એવી ગીર સોમનાથ જિલ્લાના ડમાસા ગામની પ્રાથમિક શાળાની બોલતી દીવાલો બાળકોને જ્ઞાન આપે છે.



**વિદ્યાર્થીઓની હાજરી પૂરવાની રીત પણ નોખી-અનોખી છે.**

આ શાળામાં પગથિયાંથી લઈને છત સુધી બધે જ શિક્ષણને લગતાં માહિતીપ્રદ ચિત્રો જોવા મળે છે. બારાક્ષરી, જિલ્લાનાં નામ, તત્ત્વોની સંજ્ઞા, તારામંડળ, ગ્રહથી લઈને નકશા દીવાલો ઉપર છે. બાળકો શાળાએ આવે એટલે આ તમામ જાણકારી તેમની નજર સમક્ષ હોવાથી યાદ રાખવામાં સરળતા રહે છે. આ શાળાનાં બાળકો પણ કહે છે કે, અમારી શાળાની દીવાલો બોલે છે.

એક સમય એવો હતો કે, આ શાળાનો સમાવેશ 'E' ગ્રેડમાં થતો હતો. આચાર્ય અને શિક્ષકોના અથાગ પરિશ્રમથી છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ શાળા 'A' ગ્રેડ લાવતી થઈ છે. શાળાના આચાર્ય શ્રી ભરતભાઈ નકુમે કહ્યું કે, બાળક સતત અને નિરંતર શિક્ષણ લે છે. શાળામાં બાળકો પર શિક્ષણ થોપવામાં નથી આવતું, પરંતુ જ્ઞાનને ગમતીલું બનાવી હૃદયમાં ઉતારવામાં આવે છે. અહીં બાળકોની સાંસદ બનાવી એમને કામની વહેંચણી કરવામાં આવે છે. અહીં કમ્પ્યુટર લૅબ, મધ્યાહ્ન ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, શાળા સફાઈ, પુસ્તકાલય, રમતગમત, આરોગ્ય અને પ્રાર્થના સમિતિ બનાવીને બાળકોને કામની સોંપણી કરવામાં આવે છે. આના પરિણામે બાળકોમાં મેનેજમેન્ટના ગુણો નાનપણથી જ વિકાસ પામી રહ્યા છે.

આ શાળાની બીજી એક ખાસીયત છે કે, અહીં દરેક બાળકને પુસ્તકોના જૂના-નવા એમ બે સેટ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ એક સેટ ઘરે રાખે છે અને બીજો સેટ શાળાએ રાખે છે, જેથી દફતરમાં એમને માત્ર એક નોટબુક જ લાવવાની રહે છે, આ રીતે ખરા અર્થમાં આ શાળા ભાર વગરના ભણતરની વ્યાખ્યાને યથાર્થ ઠેરવે છે.

આ શાળાના વર્ગખંડનાં નામ પણ ચાણક્ય, જગદીશચંદ્ર બૉઝ, રામાનુજન રાખવામાં આવ્યાં છે, જેમાં અમેરિકા અને ફિનલેન્ડમાં અપનાવવામાં આવતી 'વિષયખંડ' પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. આ બાળકો હાજરી પુરાય ત્યારે 'યસ સર' બોલવાના બદલે 'જિલ્લાનાં નામ', 'વિજ્ઞાનના તત્ત્વોની સંજ્ઞા' વગેરે બોલીને હાજરી પુરાવે તેવી અનોખી પ્રદ્ધતિ છે.

સેંકડો પુસ્તકો ધરાવતી આ લાઈબ્રેરી વિદ્યાર્થીઓની જ્ઞાનક્ષુધા સંતોષે છે. પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાનની સરસ લૅબ છે. સ્કૂલ ઑફ એક્સેલન્સમાં શાળાનું મૂલ્યાંકન અને એકેડમિક પર્ફોર્મન્સ ૮૦% છે. જ્યારે અહીંના તેજસ્વી વિદ્યાર્થીઓ NMMS તેમજ PSE જેવી અઘરી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ રાજ્ય સરકાર દ્વારા અપાતી શિષ્યવૃતી મેળવતા થયા છે. આ શાળાને સ્વચ્છતા એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષક માટેના પુરસ્કાર સહિત અન્ય અનેક ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ છે. ડમાસા પ્રાથમિક શાળા જેવી શાળાઓ રાજ્ય સરકારની શિક્ષિત અને દીક્ષિત ગુજરાત બનાવવાની નેમને ઉજાગર કરી રહી છે. ●

## સુરતના પાંચ યુવાનોની અનોખી સિદ્ધિ

# સોલારથી ખારા પાણીને શુદ્ધ કરતા ડિવાઇસનું કર્યું નિર્માણ

**મેહુલ વાંઝવાલા**

રાજ્ય સરકાર પીવાના પાણીના પ્રશ્નોના નિવારણ માટે સતત પ્રયત્નશીલ છે. 'નલ સે જલ યોજના' થકી છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં પણ પાણીને ઘર ઘર સુધી પહોંચાડવાનું અવિરત કાર્ય થઇ રહ્યું છે, ત્યારે સરકારના આ ભગીરથ કાર્યને વધુ વેગ આપવા અને પાણીની અછતને પહોંચી વળવા તેમજ દરિયાના ખારા પાણીનો ઉપયોગ કરીને તેને પીવાલાયક બનાવવા માટે સુરતના પાંચ યુવા સાહસિકોએ 'સોલેન્સ એનર્જી' સ્ટાર્ટ અપ શરૂ કરીને ભારતના સૌપ્રથમ સૂર્ય ઊર્જાથી સંચાલિત યંત્રનો આવિષ્કાર કર્યો છે.

આ સ્ટાર્ટ અપના યુવા સૂત્રધારો યશ તરવાડી, ભૂષણ પર્વતે, નિલેશ શાહ, ચિંતન શાહ અને જહાન્વી રાણાએ સાત વર્ષની મહેનત બાદ ખારા પાણીનો મીઠો ઉકેલ શોધ્યો છે. તેમણે સુરત જિલ્લાના ઓલપાડમાં ખાસ ઉપકરણની મદદથી દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાનો પ્લાન્ટ ઊભો કર્યો છે, જેમાં પ્રતિ લિટર માત્ર ૫૦ થી ૫૫ પૈસા ખર્ચથી પ્રતિદિન ૨૦૦૦ લિટર દરિયાના ખારા પાણીને શુદ્ધ કરી શકાય છે. ઉપરાંત પ્રતિ લિટર ૩૫ ગ્રામ સિંધવ લૂણ (મીઠું) પણ મળે છે.

આ પ્લાન્ટ વિકસાવવા માટે કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેકનૉલૉજી અને રાજ્ય સરકારના સ્ટાર્ટ અપ ગુજરાત યોજના હેઠળ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરેટ-ગાંધીનગર દ્વારા રૂ.૩૦ લાખની સહાય મળી છે. તેમણે આ ઉપકરણનું પેટન્ટ પણ કરાવ્યું છે. ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ હેઠળ સરકાર દ્વારા પેટન્ટ માટે રૂ.૨૫૦૦૦ની સહાય પણ આપવામાં આવી છે.

મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, આ ઉપકરણના સંશોધન દરમિયાન યુવાનોને ૧૫ વાર નિષ્ફળતા મળી હતી, પરંતુ હિંમત હાર્યા વિના સતત પરિશ્રમ જારી રાખ્યો અને ૧૬મો પ્રયત્ન રંગ લાવ્યો અને સફળ સાબિત થયો. લગાતાર નિષ્ફળતા પછી લક્ષ્યસિદ્ધિ હાંસલ કરવામાં આખરે આ યુવાનોને સફળતા મળી છે. ડિવાઇસથી ખારા પાણીમાંથી બનતું પાણી મિનરલયુક્ત છે, તેમજ પાણીજન્ય રોગોમાં રાહતરૂપ છે.

આ પ્રોજેક્ટની માહિતી આપતાં સ્ટાર્ટ અપ ટીમના સભ્ય શ્રી યશ તરવાડી જણાવે છે કે, સમાચારપત્રો તેમજ ન્યુઝ ચેનલોમાં પાણીની સમસ્યા વિશે સમાચારો જોયા-વાંચ્યા પછી દૂષિત પાણીનું શુદ્ધીકરણ કરી પાણીનો પુનઃ ઉપયોગ થઈ શકે એવું સ્ટાર્ટ અપ શરૂ કરવાનો વિચાર આવ્યો હતો. તેથી અમારી પાંચ મિત્રોની ટીમ દ્વારા કૉલેજકાળના એન્જિનિયરિંગના અભ્યાસ દરમિયાન જ પાણીને પીવાલાયક બનાવવા 'સોલેન્સ એનર્જી' નામથી સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું. આ પ્રોજેક્ટમાં અમે સૌર ઊર્જાની મદદથી એવી ટૅક્નિકની શોધ કરી, જેમાં હાઈ ટીડીએસ સાથે દરિયાના પાણીને પીવાલાયક બનાવી શકાય છે. મહત્ત્વની વાત એ છે કે, આ ટેક્નિકમાં એક્સર્ટનલ પાવર સપ્લાયની જરૂર રહેતી નથી, તેમજ ઓપરેશનલ અને મેન્ટેનન્સ ખર્ચ આવતો નથી. રાજ્ય અને કેન્દ્ર સરકારની સ્ટાર્ટ અપ યોજના હેઠળ ઉપયોગી સહાય મળતાં અમને આ ક્ષેત્રમાં કામ કરવાનું નવું બળ મળ્યું છે.



આ પ્રોજેક્ટ છેવાડાના દરિયાકિનારાના ગ્રામીણ વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવે તો ગામડાના લોકોને પીવાલાયક શુદ્ધ પાણી આસાનીથી મળી રહેશે. એટલે જ અમે શહેરોની સાથોસાથ ગામડાઓમાં આ પ્રોજેક્ટ હેઠળ પીવાનું પાણી મળી રહે તે માટે પ્રયત્નશીલ છીએ. આમ, ગ્લોબલ વૉર્મિંગથી વિશ્વના તાપમાનમાં વિકટ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, ત્યારે પાણીની સમસ્યા ઉકેલવા પાંચ યુવાનોની પહેલ દેશને પાણીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવામાં અતિ મદદરૂપ બનશે.

### ટેક્ષટાઇલ સેક્ટર માટે આશીર્વાદ રૂપ બનશે

સુરતના ટેક્ષટાઈલ્સ સેક્ટરમાં વૉટર જેટ યુનિટો ધમધમે છે. આ યુનિટમાં બહોળા પ્રમાણમાં પાણીનો ઉપયોગ થાય છે. મશીનમાંથી નીકળતા દૂષિત પાણીને સોલર પાવરથી સંચાલિત આ ડિવાઇસની મદદથી શુદ્ધ કરી શકાય છે. આવા યુનિટોમાં પણ આ 'સોલેન્સ એનર્જી'નું ઉપકરણ બેસાડી શકાય છે. ઉદ્યોગો માટે અને પીવા માટે પણ જરૂરિયાત મુજબનું પાણી મેળવી શકાય છે.●

आज़ादी का अमृत महोत्सव

# જાણશે ગુજરાત
# જીતશે ગુજરાત

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસલક્ષી અને
પ્રજાલક્ષી ગૌરવગાથા વિશેની 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાન

G3Q GUJARAT GYAN GURU QUIZ



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

## જીતો રૂા. ૨૫* કરોડથી વધુના ઈનામો

*વિજેતાઓને મળશે પ્રોત્સાહક રકમ / રોકડ રૂપના સ્વરૂપે આકર્ષક ઈનામો

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી અને ફ્લેગશિપ યોજનાઓ તથા વિકાસગાથા અંગેની – **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ**માં ધોરણ ૯ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય નાગરિકો ભાગ લઈ શકશે અને આકર્ષક ઈનામો જીતી શકશે.

- તારીખ ૭-૭-૨૦૨૨ થી શરૂ થતી તાલુકા-નગરપાલિકા, જીલ્લા/મહાનગરપાલિકા અને રાજ્યકક્ષાની ઓનલાઇન ક્વિઝ.
- તમામ સ્પર્ધકોને મળશે પ્રમાણપત્ર

**આ ક્વિઝમાં ભાગ લેવા માટે**
**www.g3q.co.in પર રજિસ્ટ્રેશન કરાવો.**

**વધુ માહિતી માટે હેલ્પલાઈન ૯૯૭૮૯૦૧૫૯૭ પર કોલ કરો.**

"દેશની અત્યાર સુધીની સૌથી મોટી જ્ઞાન સાથે ઈનામો આપતી ક્વિઝ"

શ્રી જીતુભાઈ એસ. વાઘાણી
શિક્ષણ મંત્રી, ગુજરાત

Follow us on:
@GujaratGyanGuruQuiz @g3quiz
@G3Quiz @GujaratGyanGuruQuiz





## સરકારી વેક્સીનેશન સેન્ટર ખાતે
## ૧૮થી ૫૯ વર્ષ ઉંમરના
## તમામ નાગરિકો માટે

# ફ્રી બૂસ્ટર ડોઝ

**૧૫ જુલાઇથી આવનારા ૭૫ દિવસ સુધી**

**તમારી પાત્રતા ચકાસવા માટે**
**www.cowin.gov.inની મુલાકાત લો**

**બીજો ડોઝ લીધાના ૬ મહિના બાદ**
**પ્રિકોશન ડોઝ લઇ શકાય છે**

**Published on Date 16-7-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦